બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**એપ્રિલ-૨૦૨૫**

શવ્વાલુલ મુકર્રમ - ઝિલ્ કૃઅદ
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૨, અંક : ૪, સળંગ અંક : ૨૫૫



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


01 ઈસ્લામિક તહેવારોની ખૂબીઓ હિકમતો પર એક નઝર 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 06
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 08
04 હદાઈકે બખ્શિશ (ભાગ-૨) 11
05 હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) 13
06 કાનૂને શરીઅત (ભાગ-૨) 15
07 તઝકેરતુલ અવલિયા : હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ 18
08 ઈસ્લામી અખ્લાકો આદાબ 21
09 હાઝિરો નાઝિરનો અકીદો કિતાબ તથા સુન્નતની રોશનીમાં 23
10 (ત્રીજી સદીના મુજદ્દિદ : ૨) હઝરત ઈમામ અબુલ આસ ઉમર બિન સુરૈજ શાફઈ رحمۃ اللہ علیہ 25
11 પાંચ નબવી નસીહતો 30
12 કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) 35
13 ઝર્બે હૈદરી 39
14 અલ્લાહની રાહમાં આપસમાં મહોબ્બતની ફઝીલત 43
15 યતીમની પરવરિશ કરનાર તથા વિધવાની ફઝીલત 47


## અપને દરપે જો બુલાઓ તો.....

**ગઝલ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી** رحمۃ اللہ علیہ

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
કૈદે શયતાંસે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગર્દિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર !
અપના કદમોંમેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કહલાતા હું બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કહ કે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પયહમસે યહ બસ્તી મેરી વિરાં હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલઝારસે મિલતા હી નહીં
અપની આંખોંસે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દો કો જિલા દેતે હો મેરે આકા !
મેરે દિલ કો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
જિસને શર્મિંદા કિયા મહરો માહો અન્જુમકો
એક ઝલક ફિર વો દિખાઓ તો બહોત અચ્છા હો
રો ચૂકા યૂં તો મૈં ઔરોં કે લિયે ખૂબ મગર
અપની ઉલ્ફતમેં રુલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **'અખ્તર'** કો ફિરાઓ મેરે મૌલા દર દર
અપની ચૌખત પે બિઠાઓ તો બહોત અચ્છા હો

# ઈસ્લામિક તહેવારોની ખૂબીઓ હિકમતો પર એક નજર

**તંત્રી લેખ**

દુનિયામાં દરેક દેશ દરેક રાષ્ટ્ર તથા દરેક કૌમના ધર્મના વિવિધ તહેવારો અસ્તિત્વમાં આવેલા છે. દરેક પોત પોતાની રીતે પોતાના ધાર્મિક, સામાજિક કે રાષ્ટ્રીય તહેવારો ઉત્સવો મનાવે છે. સામન્યપણે દરેક ધર્મ, રાષ્ટ્ર તથા કૌમ તહેવારો તથા ઉત્સવોમાં નાચગાન, સ્ત્રી પુરૂષોની ભેળસેળ, વાજિંત્રોના ઘોંઘાટ, બૂમરાણ તો ક્યાંક ભાગદોડ, તથા અન્ય ઘણી રસમો રિવાજ પામેલી છે, બલ્કે ક્યાંક તો તહેવારમાં ખાસ દારૂ જૂગારની પણ બોલબાલા તથા ક્યાંક તો વ્યભિચારની પણ છૂટછાટ થતી આપણે જોઈએ છીએ. વળી ક્યાંક અજનબી સ્ત્રી પુરૂષો એકબીજાને બાથમબાથ આવી જઈને રંગીને અથવા રસ્તે જતા કોઈ પણ અજાણ્યા પર રંગની પીચકારીઓ મારીને તેને હેરાન કરીને તેને મુશ્કેલીમાં મૂકીને વિકૃત આનંદ માણતા આપણે જોઈએ છીએ. બલ્કે એ સમય આવ્યો કે ધાર્મિક સ્થળોને બચાવવા કવરો ઓઢાડવા પડે છે ! પણ ઈસ્લામ ધર્મ પાકીઝગી પવિત્રતાવાળો ધર્મ છે, તે દિલને પણ તથા શરીરને પણ પાકીઝા રાખવાની તાલીમ આપે છે. આવો ! ઈસ્લામિક તહેવારો પર એક નજર કરતા ચાલીએ.

## રમઝાન બાદ ઈદુલ ફિત્રનો તહેવાર મનાવવાના ઈસ્લામી આદેશો

ઈસ્લામે દરેક સ્થળે સમયે ગરીબો આર્થિક તંગદસ્તોનો ખૂબ ખયાલ કર્યો છે. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ગરીબોને મદદ કરનારથી ખૂબ રાજી થાય છે. મોટાભાગે આજકાલ રમઝાન મુબારકમાં સાહિબે નિસાબ હોય તેઓ ગરીબો, યતીમો, બેવાઓ, જરૂરતમંદોને પોતાના માલમાંથી ૨.૫% ઝકાત કાઢીને ફરજીયાત વહેંચી આપે છે જ, પણ ઈદુલ ફિત્રના દિવસે આદેશ છે કે ઈદની નમાઝ પઢતા પહેલાં ઘરની દરેક વ્યક્તિ દીઠ ફિત્રો કાઢી ગરીબોને વહેંચી આપે એ જરૂરી છે. (વ્યક્તિ દીઠ ૨.૩૭ ગ્રામ ઘઉં કે એની રકમ) આમાં હિકમત એ છે કે કોઈ ગરીબને મદદ કરવાથી તમારા દિલને પણ રૂહાની સુકૂન થશે તેમજ જેઓ ગરીબ લાચાર છે તેમને સહાય મળતાં તેઓ પણ સારી રીતે ઈદ ખુશીથી મનાવી શકશે. તેમની જરૂરતો પૂરી થશે, અને આ મદદનો બદલો અલ્લાહ આપનારને તેની આ'લા શાન પ્રમાણે પ્રમાણે જરૂર અતા કરશે. હવે ઈદના દિવસે કરવાનાં કામો જુઓ :–

ઈદના દિવસે ડાન્સ નથી કરવાનો, ઢોલ ત્રાંસાના સરઘસો નથી કાઢવાનાં, ડીજે લઈને સૂત્રોચ્ચાર નથી કરવાનો, કોઈને અડચણરૂપ નથી બનવાનુ, કોઈ ગૈર મઝહબની વિરૂધ્ધ ઉશ્કેરણીજનક લેકચરો કે નારાઓ કે ફટાકડા ફોડી હુલ્લડબાજી નથી કરવાની બલ્કે શાંતિપૂર્વક આ કરવાનું છે :

હદીષે પાકમાં છે : જે માણસ ઈદોની રાતોમાં ઉભા રહી નમાઝો પઢે તેનું દિલ મરશે નહીં જે દિવસે લોકોનું દિલ મરશે, એટલે નફ્લ નમાઝો પઢવી. બીજી હદીષમાં છે : હુઝૂર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ફર્માવે છે કે જે માણસ પાંચ રાતોમાં રાત્રિ જાગરણ કરે (એટલે ઈબાદતમાં જાગે) તો તેના માટે જન્નત વાજિબ છે. ઝિલ હજ્જની આઠમી, નવમી, દસમી (ઈદે અદહા)ની અને ઈદુલ ફિત્રની અને શાબાનની પંદરમી રાત એટલે શબે બરાત કે ઈદે મીલાદ આ રીતે તહેવાર મનાવવામાં કોઈ બીજાને તકલીફ થશે ?! કદાપિ નહીં. *(બહારે શરીઅતના આધારે)*

ઈદના દિવસે આ કામો મુસ્તહબ છે : હજામત બનાવવી, નખ કાપવા (ઈસ્લામમાં ૪૦ દિવસથી વધુ નખ કે ડૂંટી નીચેના વાળ રાખવા મકરૂહે તહરીમી) નહાવું, દાતણ કરવું, સારાં કપડાં પહેરવાં (નવા કે ધોયેલાં જે મળે), વીંટી પહેરવી, ખુશ્બુ લગાડવી, સવારની નમાઝ મહોલ્લાની મસ્જિદમાં પઢવી પછી ઈદગાહ જવું, જતા પહેલાં ત્રણ, પાંચ, સાત એકી સંખ્યામાં ખજૂરો કે મીઠી ચીજ ખાવી, ચાલવાની શક્તિ હોય તેણે પગપાળા જવું, ખુશી જાહેર કરવું, આપસની ઈદની

મુબારકબાદ આપવી, ખૂબ જ પ્રમાણમાં સદકો ગરીબોને આપવો, રસ્તામાં બુલંદ અવાજથી તકબીર ન કહે. *(બહારે શરીઅત)*

આમાં કોઈને ન કોઈ નાચગાનની છૂટ છે ન ધર્મના નામે અન્ય કૌમને અયોગ્ય સૂત્રોચ્ચાર કરી રંજાડવું છે, ન ગૈર સ્ત્રીઓ સાથે અભદ્ર વર્તાવની કે બદનઝરીની છૂટ છે. જે કાંઈ ખુશી મનાવવાની તે એ કે પોતે પોતાનાં ઘરવાળાંને સારુ પહેરાવો, ઉમદા ભોજનો ખવડાવો, રબની ઈબાદતો કરો, ગરીબોને સદકા આપી મદદ કરો, લોકો સાથે હળો મળો, ખુશી જાહેર કરો, મુબારકબાદ આપો, પાછલી ભૂલ ચૂકો માફ કરાવી સંબંધોને મહોબ્બતભર્યા બનાવો. આ છે મુસલમાનોની ઈદ ! હવે જે મુસલમાનો આ સિવાયનાં ગૈર શરઈ કામો કરતા હોય તેઓ ઈદને વઈદ (ચેતવણી) બનાવી દેશે એ યાદ રાખે !

## ધાર્મિક તહેવારના નામ પર સામાન્ય પ્રજાને રંજાડવી એ કયો ધર્મ થયો ?!

આજકાલ થોડાક વરસોથી દિન પ્રતિ દિન અમુક તત્વોએ લોકોમાં ધાર્મિક ઝુનૂન ઉભુ કર્યું હોય તેવું સૌ ન્યાયપ્રિય લોકો જોઈ રહ્યા છે. પહેલાં કરતાં ધાર્મિક જુલૂસોની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે ! અને તેમાંય અનેક સ્થળે એવું થઈ રહ્યું છે કે નવ યુવાનોમાં કોમી નફરત પેદા કરી દેવામાં આવી છે. પહેલાં પણ દરેક કૌમ પોતાના તહેવારો મનાવતી હતી પણ શાંતિથી, પોત પોતાની રીતે, પોતાના સમાજમાં, પોતાના લોકોમાં મનાવતી હતી, પણ હવે શું થઈ ગયું છે કે ધાર્મિક સરઘસોમાં મુસ્લિમ વિરોધી સૂત્રોચાર, દારૂના નશામાં તેમના વિશે અપમાનજનક પ્રવચનો, સરઘસોમાં મસ્જિદો પાસે ખાસ ધમાલ મચાવી તેના મીનારા પર ચઢી મુસલમાનોનો ઝંડો ફેંકી પોતાનો ઝંડો લહેરાવાય છે ! આમાં સહેજ કાંકરીચારો કોઈ કરે પછી ધમાલ મચી જાય છે અને એમાં દોષ પણ મુસલમાનોને અપાય છે ! મોટાભાગે ઘરપકડો તેમની જ થાય છે, એટલે સુધી કે તેમના ઘરો, મસ્જિદો પર બુલડોઝરો ફરી વળતાં આપણે જોઈએ છીએ ! શું ઈન્સાફથી કહો કોઈ પણ ધાર્મિક તાલીમમાં આ વસ્તુઓને સ્થાન છે ખરું ?! આવું તો કોઈ ધર્મમાં હોતુ જ નથી.

આવી બધી બાબતો કે જે કોમી એકતાને તથા દેશની એકતાને ખંડિત કરે તેનાથી તમામ વતનીભાઈઓએ તથા સર્વ મુસલમાનોએ દૂર રહી અમ્નો શાંતિ સાથે કોમી ભાઈચારો બાકી રહે એ રીતે તહેવારો મનાવી શહેરમાં, રાજ્યમાં, દેશમાં અમ્નો શાંતિનો માહોલ પેદા કરવો જોઈએ જેનાથી દેશના વિકાસને ચાર ચાંદ લાગી જશે.

## અન્ય મુસ્લિમ તહેવારો ઉજવવાની ધાર્મિક રીત

મોહર્રમ શરીફમાં કર્બલાના શહીદોની યાદમાં ઈસ્લામી આદેશ પ્રમાણે ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અન્ય અહલે બયતના ફરઝંદો તથા અન્ય મો'મિનોની શહાદતના ઝિક્રની સહીહ રિવાયતોના બયાનની મજલિસો ગોઠવવી, કુર્આનની તિલાવત, દુરૂદો સલામની, નઅતો મનકબતની મેહફિલો, નફ્લ નમાઝો, રોઝો રાખવો, સદકા ખૈરાત કરવી, શરબત વહેંચવું, શોહદાએ કર્બલાને ઈસાલે સવાબ કરવું...વગેરે શરીઅતમાં દરેક જાઈઝ હોય તેવાં કામો કરવાં. વધુ શું કહું તમારા દિલને પૂછો કે હાલ જે તાઝિયાનાં જુલૂસો નીકળે છે તેમાં કેટકેટલાં નાજાઈઝ, હરામ કામો થાય છે ?! અલ્લાહની પનાહ !

સારાંશ બેન્ડપાર્ટી, બેપર્દા સ્ત્રી પુરૂષોની મિશ્ર ભીડભાડ, કોઈ પૂતળાનો ઘોડો લઈને દોડે, કોઈ કાંઈ તો કોઈ કાંઈ ધટીંગો આપ જોઈ રહ્યા હશો, તો બતાવો આ કામો ગૈર કૌમને ઈસ્લામ વિશે શું મેસેજ આપે છે કે શું ઈસ્લામ આનું નામ છે ? સારાંશ કે ઈસ્લામી તહેવારોમાં કોઈ ધાંધલ ધમાલને સ્થાન જ નથી, ચાહે મીલાદુન્નબી ﷺનો તહેવાર મનાવો કે અન્ય જુલૂસો. ક્યાંય સંગીત, બેન્ડબાજા કે અન્ય ગૈર શરઈ કામો ઈસ્લામિક તહેવારોમાં જાઈઝ જ નથી.

તો ઈસ્લામ એક પાકીઝા મઝહબ છે જે દરેક તહેવારોને સભ્યતાપૂર્વક, શિસ્તથી, મહોબ્બતની ભાવના સાથે, એકબીજાની ભૂલો માફી કરાવી, ગરીબોને મદદરૂપ થઈને તહેવારો મનાવવાનો આદેશ આપે છે, જેથી મુસલમાનોએ ખુદા વ રસૂલના આદેશો અનુસાર તહેવારો મનાવવા જોઈએ અને શરીઅત વિરૂધ્ધ દરેક કામો તહેવારના દિવસે બલ્કે જિંદગીની દરેક પળે ગૈર શરઈ કામોથી બચીને જીવન જીવવું જોઈએ એમાં જ સૌની ભલાઈ છે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

હે આદમના વંશજો ! જો તમારી પાસે તમારામાંના રસૂલ આવે,[૧૭૫] મારી આયતો પઢતા, તો જે (તેમના પર ઈમાન લાવીને) પરહેઝગારી કરે[૧૭૬] અને સુધરે,[૧૭૭] તો તેના પર ન કંઈ બ્હીક ન કંઈ ચિંતા (૩૫) અને જેમણે અમારી આયતો જૂઠાડી, અને તેની સામે ઘમંડ કર્યું, તેઓ દોઝખી છે, તેમને તેમાં હમેશાં રહેવાનું (૩૬) તો તેનાથી વધીને જાલિમ કોણ ? જેણે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડયું, અથવા તેની આયતો જૂઠાડી, તેમને તેમના નસીબનું લખેલું પહોંચશે.[૧૭૮] એટલે સુધી કે જ્યારે તેમની પાસે અમારા મોકલેલા[૧૭૯] તેમનો જીવ કાઢવા આવે ત્યારે તેમને પૂછે છે, "ક્યાં છે તેઓ જેમને તમે અલ્લાહ સિવાય પૂજતા હતા ?" (જવાબમાં તેઓ) કહે છે, "તેઓ અમારા પાસેથી છૂ થઈ ગયા"[૧૮૦] અને પોતાની જાત પર પોતે જ સાક્ષી આપે છે. કારણ કે તેઓ કાફિર હતા (૩૭) અલ્લાહ તેમને [૧૮૧] ફર્માવે છે, "તમારા પહેલાં જે બીજાં જુથો જિન્નાત અને માનવીઓનાં આગમાં ગયાં, (તમે પણ) તેમનામાં જાઓ" જ્યારે એક જુથ[૧૮૨] દાખલ થાય છે (ત્યારે તે) બીજા પર ફિટકાર વરસાવે છે.[૧૮૩] એટલે સુધી કે જ્યારે પાછલાઓ આગલાઓ માટે કહેશે,[૧૮૪]

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِیْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ مِنَ
الرِّزْقِؕ قُلْ هِیَ لِلَّذِيْنَ اٰمَنُوْا فِی الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ
الْقِيٰمَةِؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ (٣٢) قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّیَ
الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَ مَا بَطَنَ وَ الْاِثْمَ وَ الْبَغْیَ بِغَيْرِ الْحَقِّ وَ
اَنْ تُشْرِكُوْا بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّ اَنْ تَقُوْلُوْا عَلَى اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ (٣٣) وَ لِكُلِّ اُمَّةٍ اَجَلٌۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ
سَاعَةً وَّ لَا يَسْتَقْدِمُوْنَ (٣٤) يٰبَنِیْٓ اٰدَمَ اِمَّا يَاْتِيَنَّكُمْ رُسُلٌ مِّنْكُمْ
يَقُصُّوْنَ عَلَيْكُمْ اٰيٰتِیْۙ فَمَنِ اتَّقٰى وَ اَصْلَحَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا
هُمْ يَحْزَنُوْنَ (٣٥) وَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ اسْتَكْبَرُوْا عَنْهَاۤ اُولٰٓىٕكَ
اَصْحٰبُ النَّارِۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ (٣٦) فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى
اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖؕ اُولٰٓىٕكَ يَنَالُهُمْ نَصِيْبُهُمْ مِّنَ الْكِتٰبِؕ
حَتّٰۤى اِذَا جَآءَتْهُمْ رُسُلُنَا يَتَوَفَّوْنَهُمْۙ قَالُوْۤا اَيْنَ مَا كُنْتُمْ تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِؕ قَالُوْا ضَلُّوْا عَنَّا وَ شَهِدُوْا عَلٰۤى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا
كٰفِرِيْنَ (٣٧) قَالَ ادْخُلُوْا فِیْۤ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِكُمْ مِّنَ الْجِنِّ وَ
الْاِنْسِ فِی النَّارِؕ كُلَّمَا دَخَلَتْ اُمَّةٌ لَّعَنَتْ اُخْتَهَاؕ حَتّٰۤى اِذَا ادَّارَكُوْا
فِيْهَا جَمِيْعًاۙ قَالَتْ اُخْرٰىهُمْ لِاُوْلٰىهُمْ رَبَّنَا هٰۤؤُلَآءِ اَضَلُّوْنَا فَاٰتِهِمْ
عَذَابًا ضِعْفًا مِّنَ النَّارِ۬ؕ قَالَ لِكُلٍّ ضِعْفٌ وَّ لٰكِنْ لَّا تَعْلَمُوْنَ (٣٨) وَ
قَالَتْ اُوْلٰىهُمْ لِاُخْرٰىهُمْ فَمَا كَانَ لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍ فَذُوْقُوا
الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْسِبُوْنَ (٣٩) اِنَّ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ
اسْتَكْبَرُوْا عَنْهَا لَا تُفَتَّحُ لَهُمْ اَبْوَابُ السَّمَآءِ وَ لَا يَدْخُلُوْنَ
الْجَنَّةَ حَتّٰى يَلِجَ الْجَمَلُ فِیْ سَمِّ الْخِيَاطِؕ وَ كَذٰلِكَ نَجْزِی
الْمُجْرِمِيْنَ (٤٠) لَهُمْ مِّنْ جَهَنَّمَ مِهَادٌ وَّ مِنْ فَوْقِهِمْ غَوَاشٍؕ وَ
كَذٰلِكَ نَجْزِی الظّٰلِمِيْنَ (٤١)

*"હે અમારા પરવરદીગાર ! એઓએ જ અમને ભટકાવ્યા હતા, તો એમને આગનો ડબલ અઝાબ આપ" (અલ્લાહ) ફર્માવશે," બધાને જ ડબલ છે,[૧૮૫] પણ તમને ખબર નથી"[૧૮૬] (૩૮) અને આગલા પાછલાઓને કહેશે, 'તો તમે કંઈ અમારાથી સારા રહ્યા નથી.[૧૮૭] તો ચાખો અઝાબ, પોતાના કર્મોનો બદલો"[૧૮૮] (૩૯) તેઓ જેમણે અમારી આયતો જૂઠાડી, અને તેની સામે ઘમંડ કર્યું, તેમના માટે આકાશના દરવાજા ઉઘાડવામાં નહીં આવે,[૧૮૯] અને ન તેઓ જન્નતમાં પ્રવેશે, જ્યાં સુધી સોઈના નાકામાં ઊંટ ન પેસી જાય.[૧૯૦] અને ગુનેહગારોને અમે એવો જ બદલો આપીએ છીએ[૧૯૧] (૪૦) તેમના માટે આગ જ પથારી, અને આગ જ ઓઢવાનું.[૧૯૨] અને જુલ્મીઓને અમે એવો જ બદલો આપીએ છીએ (૪૧)*

## સમજૂતી

**૧૭૫ :** તફસીરકારોના આમાં બે કથનો છે; એક તો એ કે "રૂસૂલ"માં તમામ નબીઓ આવી જાય છે. બીજુ એ કે એ ઉલ્લેખ ખાસ હુઝૂર ﷺ માટે છે, જેઓ સમગ્ર મખ્લૂક માટે રસૂલ બનાવવામાં આવ્યા છે. અને (આયતમાં) બહુવચનનો શબ્દ આદર માટે છે.

**૧૭૬ :** મના કરેલી બાબતોથી બચે. **૧૭૭ :** આજ્ઞાંકિત બને ઈબાદત બજાવી લાવે. **૧૭૮ :** અર્થાત જેટલી ઉમર અને રોજી અલ્લાહે તેમને માટે લખી દીધી છે તે તેમને મળશે. **૧૭૯ :** મલકુલ મૌત અને તેમના મદદગારો. તે લોકોની ઉંમરો અને રોજી પૂરી થયા પછી. **૧૮૦ :** તેમનું ક્યાંયે નામ નિશાન નથી. **૧૮૧ :** એ કાફિરોને, કયામતના દિવસે. **૧૮૨ :** દોઝખમાં. **૧૮૩ :** જે તેના ધર્મ પર હતું, તો મુશ્રિક મુશ્રિકો પર ફિટકાર વરસાવશે, યહૂદી યહૂદીઓ પર, અને ખ્રિસ્તી ખ્રિસ્તીઓ પર. **૧૮૪ :** અર્થાત આગલાઓ બાબત અલ્લાહને કહેશે. **૧૮૫ :** કારણ કે આગલા પોતે પણ ભટક્યા, અને તેમણે બીજાઓને પણ ભટાકાવ્યા. ને પાછલાઓ પણ એવા જ છે, કારણ કે પોતે ભટક્યા અને ભટકેલાઓનું જ અનુસરણ પણ કરતા રહ્યા. **૧૮૬ :** કે તમારામાંથી દરેક જુથને કેવો અઝાબ છે. **૧૮૭ :** કુફ્ર અને ગુમરાહીમાં સરખા છે. **૧૮૮ :** કુફ્ર અને કુકર્મોનો. **૧૮૯ :** તેમના આમાલ માટે પણ નહીં અને તેમની રૂહો માટે પણ નહીં. કારણ કે તેમના આમાલ અને અરવાહ બંને ધૃણાપાત્ર છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું છે કે, કાફિરોની અરવાહ માટે આકાશોના દરવાજા ઉઘાડવામાં આવતા નથી. અને મો'મિનોની અરવાહ માટે ઉઘાડવામાં આવે છે.

ઈબ્ને જુરૈજે કહ્યું છે કે, આકાશોના દરવાજા ન તો કાફિરો માટે ખોલાય છે ન તેમની રૂહો માટે. અર્થાત જિંદગીમાં તેમના અમલો પણ આસ્માનમાં જઈ શકતા નથી, ન તો મૃત્યુ પછી તેમની રૂહો ત્યાં દાખલ થઈ શકે છે. આ આયતની તફસીરમાં એક કથન એવું પણ છે કે; આકાશના દરવાજા નહીં ખોલવાથી મતલબ એ છે કે તેઓ ખૈર બરકત અને રહમતના ઉતરાણથી વંચિત રહે છે. **૧૯૦ :** અને એ અશક્ય. તો કાફિરોનું જન્નતમાં જવું પણ અશક્ય, કારણ કે જે અશક્ય પર આધારિત હોય તે અશક્ય હોય છે. આથી સાબિત થયું કે કાફિરોનું જન્નતથી વંચિત રહેવું નક્કી છે. **૧૯૧ :** મુજરિમીન (ગુનેહગાર)નો અર્થ અહીં કાફિરો થાય છે, કારણ કે ઉપરની આયતમાં તેમની આદતો પૈકીમાં ખુદાઈ આયતોને જૂઠાડવું અને ઘમંડ કરવો વગેરેનું વર્ણન થઈ ચૂક્યું છે. **૧૯૨ :** અર્થાત ઉપર નીચે દરેક બાજુથી આગે તેમને ઘેરેલા છે.

*—(ક્રમશઃ)*

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત સહલ ઈબ્ને સઅદથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેને નમાઝમાં કોઈ ચીજ પેશ આવે તો તસ્બીહ પઢે કેમ કે તાલી સ્ત્રીઓ માટે છે. એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, તસ્બીહ મર્દોના માટે છે અને તાલી સ્ત્રીઓ માટે[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે નમાઝીને કોઈ એવો આકસ્મિક બનાવ ઉપસ્થિત થાય જેનાથી તેણે બોલવું પડે. દા.ત. તેને કોઈ પોકારી રહ્યું હોય અથવા કોઈ અજાણતામાં સામેથી પસાર થવા ચાહે છે તો પુરૂષ તો જો સુબ્હાનલ્લાહ કહી દે અને સ્ત્રી ડાબા હાથની પીઠ પર જમણી હથેળી મારી દે કે જેથી પોકારનાર તથા પસાર થનારને તેનું નમાઝમાં હોવુ માલૂમ થઈ જાય. આ પરથી જાણવા મળ્યું કે **સ્ત્રીનો અવાજ પણ અવરત (છુપાવવાની ચીજ) છે જેને નામહરમ ન સાંભળે.** અફસોસ એ સ્ત્રીઓ પર જેઓ ગાય વગાડીને પોતાની અવાજો ગૈરોને સંભળાવે છે. યાદ રાખશો કે જો નમાઝી સ્ત્રીનો મેહરમ પણ તેને પુકારે અથવા સામેથી પસાર થવા લાગે તો પણ સ્ત્રી તાલી જ વગાડે, કેમ કે એના માટે આ જ કાનૂન થઈ ગયો.

## (વિભાગ : ૨) الفصل الثانی

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે. ફર્માવે છે કે અમે હબ્શા જતાં પહેલાં હુઝૂર ﷺને સલામ કરતા હતા જો કે આપ નમાઝમાં હોતા, તો આપ અમને જવાબ આપતા હતા. પછી જ્યારે અમે હબ્શાથી પરત થયા તો હું આપની ખિદમતમાં આવ્યો. આપને નમાઝ પઢતા જોયા. મેં આપને સલામ કરી તો મને આપે જવાબ ન આપ્યો ત્યાં સુધી કે જ્યારે પોતાની નમાઝ પૂરી કરી લીધી, તો ફર્માવ્યું, અલ્લાહ પોતાના અહકામમાં જે ચાહે નવા હુકમો આપે. હવે જે નવો હુકમ મોકલ્યો એમાં એ છે કે નમાઝમાં કલામ ન કરો પછી આપે મને સલામનો જવાબ આપ્યો[૧]."*

**૧.** આ સલામનો જવાબ 'ઈસ્તિહબાબન' (મુસ્તહબ રૂપે) હતો જેથી કરીને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનું દિલ ખુશ થઈ જાય. નહીં તો જો કોઈ નમાઝીનો, તિલાવતે કુર્આન કરનારાને અથવા કઝાએ હાજત (જાજરૂ) કરનારાને સલામ કરે તો તેમના પર જવાબ આપવો વાજિબ નથી. કેમ કે આ હાલતોમાં સલામ કરવી સુન્નત નથી. મસ્નૂન સલામનો જવાબ આપવો વાજિબ છે ન કે મના કરેલ સલામનો. પરંતુ જો ફરાગત પછી જવાબ આપી દેવામાં આવે તો બેહતર છે. (લમ્આત) આ પરથી ઘણા બધા મસ્અલા કાઢી શકાય છે.

*"અને ફર્માવ્યું કે નમાઝ કુર્આન પઢવા અને અલ્લાહના ઝિક્રના માટે છે[૨]. જ્યારે તમે નમાઝમાં હોઉ તો એ જ તમારો હાલ હોવો જોઈએ." (અબૂ દાઊદ)*

**૧.** અહીં અલ્લાહના ઝિક્રથી મુરાદ તિલાવતના ઉપરાંત અન્ય ઝિક્રો છે. તસ્બીહો તથા અત્તહિય્યાત વગેરે. આ પરથી જાણવા મળ્યું કે નમાઝીનું અત્તહિય્યાતમાં હુઝૂર ﷺને સલામ કરવું પણ અલ્લાહનો ઝિક્ર છે જેનાથી નમાઝ નાકિસ (અપૂર્ણ) નથી થતી બલ્કે કામિલ થાય છે, નહીં તો કોઈ બંદાને સંબોધીને આયત પઢવી પણ નમાઝ તોડી નાખે છે.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં હઝરત બિલાલને કહ્યું કે નબી ﷺ તેમને જવાબ કેવી રીતે આપતા હતા, જ્યારે સહાબા આપને નમાઝમાં સલામ કરતા. તો ફર્માવ્યું કે પોતાના હાથથી ઈશારો કરી દેતા હતા[૧]. (તિર્મિઝી) અને નિસાઈની રિવાયતમાં એ જ પ્રમાણે છે. અને બિલાલને બદલે સુહેબ છે."*

**૧.** કદાચ એ સમયનું વર્ણન છે જ્યારે નમાઝમાં ઝબાની સલામ તથા જવાબ મના થઈ ચૂક્યો હતો, ઈશારાથી જાઈઝ હતું. પછી એ પણ મના થઈ ગયું. જેમ કે ખુલાસતુલ ફતાવામાં છે કે જો નમાઝી માથા કે હાથ વડે સલામનો જવાબ આપે તો નમાઝ તૂટી જશે. જાહેર એ છે કે નમાઝ ફાસિદ થશે નહીં પણ મકરૂહ થશે. સારાંશ હવે ઈશારો પણ મના છે. આ હદીષથી જ નસ્ખ માલૂમ થઈ રહ્યું છે, કેમ કે હઝરત ઈબ્ને ઉમરે હુઝૂર ﷺને ઈશારો કરતા જોયા નથી, બલ્કે સાંભળ્યું હતું. હઝરત બિલાલને પૂછવામાં આવ્યું. જો ઈશારો છેવટ સુધી ચાલુ રહેત તો આપ જોઈ લેતા. યાદ રાખશો કે સલામના ઈશારા વિવિધ છે, ક્યારેક આંગળી ઉઠાવીને ક્યારેક પેશાની પર લગાડીને, ક્યારેક જમણો હાથ ઉલ્ટો કરીને. અહીં ત્રીજી સ્થિતિ મુરાદ છે, જેવું કે અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈની હદીષોમાં છે. *(અશિઅહ)*

*"હઝરત રિફાઆ ઈબ્ને રાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની પાછળ નમાઝ પઢી. હું છીંકયો તો કહી લીધું, સર્વ તારીફો અલ્લાહના માટે છે, વધારે સારી તેમાં બરકતવાળી. એના પર બરકત જેને અમારો રબ ચાહે અને રાજી થયો[૧]. તો જ્યારે નબી અકરમ ﷺએ નમાઝ પઢી લીધી તો ફર્યા અને ફર્માવ્યું, નમાઝમાં વાત કરનાર કોણ હતું ? કોઈ ન બોલ્યું. બીજીવાર એ જ ફર્માવ્યું, કોઈ ન બોલ્યું. પછી ત્રીજીવાર એવું જ ફર્માવ્યું. તો રિફાઆએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું છું[૨]. ત્યારે નબી કરીમ રઊફો રહીમ ﷺએ ફર્માવ્યું, તેની કસમ જેના કબજામાં મારી જાન છે ! એમાં ત્રીસ તથા કેટલાક ફરિશ્તાઓએ જલ્દી કરી કે કોણ એને લઈને ચઢે[૩]." (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આ તે સમયનો બનાવ છે જ્યારે નમાઝમાં વાતચીત મન્સૂખ થઈ ન હતી. હવે નમાઝી છીંક પર આવુ નથી કહી શકતો. (મિર્કાત) અમુક ઉલમાએ ફર્માવ્યું, હજી પણ એ જાઈઝ છે. અમુકે ફર્માવ્યું, દિલથી કહે ઝબાનથી ન કહે. પણ પ્રથમ વાત અધિક મજબૂત છે. ફત્હુલ કદીરમાં છે કે જો જીભ વડે આ કલમા અદા કર્યા તો નમાઝ જતી રહેશે.

**૨.** સહાબાએ કિરામનું ખામોશ રહેવું હુઝૂર ﷺના પ્રભાવના કારણે હતું, નહીં તો એ વખતે નમાઝમાં વાતચીત જાઈઝ હતી. યાદ રાખશો કે આ હમ્દ કરવાવાળાને હુઝૂર ﷺએ મુતકલ્લિમ (વાત કરનાર) ફર્માવ્યા, હામિદ (હમ્દ કરનાર) નથી ફર્માવ્યું. જાણવા મળ્યું કે આ કલામમાં ગણાય છે, હવે જેવી રીતે અન્ય વાતોથી નમાઝ ફાસિદ થશે એ જ રીતે આનાથી થશે.

**૩.** એટલે કે આ શબ્દો એવા મકબૂલ થયા કે દરેક ફરિશ્તો ચાહતો હતો કે એને લઈને બારગાહે ઈલાહીમાં હું પ્રથમ પેશ કરું. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺની નિગાહ ગયબી ચીજો, ફરિશ્તા વગેરેને પણ જુએ છે અને તેમના મોંએથી નીકળતી વાતોને પણ સાંભળે છે અને જોવા સાંભળવાથી આપની નમાઝમાં કોઈ ફરક નથી આવતો.

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નમાઝમાં બગાસુ શૈતાનની તરફથી છે, તો જ્યારે તમારામાંથી કોઈને બગાસુ આવે તો યથાશક્તિ દૂર કરે[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીની બીજી રિવાયતમાં અને ઈબ્ને માજહમાં છે કે પોતાનો હાથ પોતાના મોં પર રાખી લે[૨].*

**૧.** દરેક બગાસુ શૈતાનની અસરથી છે, નમાઝમાં હોય કે બહાર પણ કેમ કે નમાઝમાં અધિક બુરુ છે એટલા માટે ખાસ કરીને એનો ઉલ્લેખ કર્યો. બગાસુ ગફલતથી, સુસ્તીથી, વધુ ખાવા તથા ઊંઘના ભારણ હેઠળ આવે છે, અને એ સૌમાં શૈતાનની અસર છે, જેથી આ ફર્માન બિલ્કુલ હક્ક઼ છે. હદીષ શરીફમાં છે કે રબ તઆલા છીંકને પસંદ ફર્માવે છે અને બગાસાને નાપસંદ કરે છે. એટલા માટે છીંક પર "અલ્હમ્દુલિલ્લાહ" પઢવામાં આવે છે અને બગાસા પર લૌહલ પઢવામાં આવે છે. અંબિયાએ કિરામ બગાસાથી મહેફૂઝ છે.

**૨.** એટલે કે જો બગાસુ દૂર ન થઈ શકે તો ડાબી હથેળીની પીઠ ફેલાયેલા મોં પર રાખે. દૂર કરવાનુ રીતો વર્ણવવામાં આવી ચૂકી છે.

*"હઝરત કઅબ ઈબ્ને ઉજરહથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ જ્યારે વુઝૂ કરે તો સારુ કરે, પછી મસ્જિદના ઈરાદાથી નીકળે[૧] તો આંગળીઓમાં આંગળીઓ ન નાખે, કેમ કે તે નમાઝમાં છે[૨]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી)*

**૧.** સુન્નત એ જ છે કે વૂઝુ ઘરેથી કરીને મસ્જિદે જાય. બેહતર એ છે કે દુરૂદ શરીફ પઢતો પઢતો જાય.

**૨.** એટલે એ શખ્સ હુકમની રીતે નમાઝમાં છે, એટલા માટે આ હાલતમાં નમાઝનો સવાબ પામી રહ્યો છે, અને નમાઝમાં તો એ કાર્ય મના છે, કેમ કે એ પ્રકારની રમત અને બેકાર કામ છે, એટલા માટે અત્યારે પણ એવું ન કરે. આ એવું છે જેવું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે એ'તેકાફ નમાઝ છે, જેથી બાવુઝૂ કરો અને એમાં દુનિયવી કામ ન કરો. જેથી આ હદીષથી એ લાઝિમ નથી થતુ કે નમાઝની સર્વ મના બાબતો એ સમયે મના થઈ જાય. નમાઝ બહાર કદી કદી એ કામ કરી લેવું જાઈઝ છે હમેશાં કરવું પણ બેહતર નથી. નબી ﷺ એ પણ કદીક઼ કોઈ વાત સમજાવવાના માટે આંગળીઓમાં આંગળી પરોવી છે.

*"હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા બંદા પર ધ્યાનિત રહે છે જ્યારે કે તે નમાઝમાં હોય, જ્યાં સુધી તે આમ તેમ ન જુએ. જ્યારે આમ તેમ જુએ છે તો રબ એનાથી એતરાઝ કરે (ધ્યાન હટાવી લે) છે[૧]." (અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, દારમી)*

**૧.** અહીં ઈલ્તેફાતથી મુરાદ મોં ફેરવીને આમતેમ જોવું છે, કેવળ નજરોથી ઈલ્તેફાત નાજાઈઝ નથી, જો કે મુસ્તહબ એ છે કે ક઼યામમાં નજર સજદગાહમાં રહે. –*(ક્રમશઃ)*




**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી...*

બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000302** | **Anjumane Razae Mustafa** | **IFSC Code : BARB0DAYADR** (પાંચમો અંક ઝિરો છે.) | Phone pay Google pay **Mo. 9427464411** | **WhatsApp No. Mo.9664521477**

શરહે
# હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ગુઝરે જિસ કૂચેસે શાહે ગરદૂં જનાબ–આસ્માં, આસ્માં, આસ્માં હો ગયા**
*(ગરદૂં = આસ્માન)*

**અર્થાત :** જે રસ્તેથી આક઼ાએ દો જહાં ﷺ પસાર થતા ગયા, જો તે જમીન હતી તો આસ્માન તેના મુક઼દર પર રશ્ક કરવા લાગ્યું અને જો તે આસ્માન હતું તો ઔર અધિક બુલંદ શાનવાળુ બની ગયું.

*જહાં નઝર નહીં પળી વહાં રાત હૈ આજ તક–વહાં સહર હોતી જહાં જહાં ગુઝર ગએ*
*નફસ નફસપે બરકતેં ક઼દમ ક઼દમ પે રહમતેં–જિધર જિધર સે વો શફીએ આસિયાં ગુઝર ગએ*

**કિસકે રૂએ મુનવ્વર કી યાદ આ ગઈ–દિલ તપાં, દિલ તપાં, દિલ તપાં હો ગયા**
*(દિલ તપાં = તડપતુ દિલ)*

**અર્થાત :** આ કયા સિરાજે મુનીરના રુખે વદુહાની યાદે સતાવેલ છે કે દિલ સીનાથી બહાર નીકળીને સ્વાગત કરવા માટે બેતાબ, બેચેન, બેક઼રાર થઈ રહ્યું છે અને ઝબાને હાલથી કહી રહ્યું છે :

*શુક્ર અલ્હમ્દ કોઈ આયા હૈ મહમાં અપના–ખૂને દિલ લખ્તે જિગર ખૂબ હૈસામાં અપના*

**તૂતીએ સિદરા વસ્ફે રુખે પાક મેં–ગુલફશાં, ગુલફશાં, ગુલફશાં હો ગયા**
*(તૂતીએ સિદરા = જિબ્રઈલ علیہ السلام. વસ્ફ = તારીફ, રુખ = ચહેરો, ગુલફશાં = ફૂલ વિખેરનાર)*

**અર્થાત :** કેવળ માણસ જ નહીં બલ્કે તૂતીએ ગુલિસ્તાને સિદરતુલ મુન્તહા હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام પણ પોતાની નૂરાની મીઠી ઝબાન વડે ઘણી જ સ્પષ્ટતા, ફસાહત તથા બલાગત (ઉમદા આકર્ષક વાણી)ની સાથે આપણા નૂરવાળા આક઼ાની ખૂબીઓ વર્ણન કરીને ફૂલ વિખેરી રહ્યા છે અને જેમના તે સરદાર છે તે એ ફૂલોને પોતાના દામનમાં સમેટીને અર્ઝ કરી રહ્યા છે.

**તૂતીએ અસ્ફહાન સુન કલામે 'રઝા'–બેઝબાં, બેઝબાં, બે ઝબાં હો ગયા**
*(અસ્ફહાન = ઈરાનનું મશહૂર શહેર જે ક્યારેક ઈરાનનું પાટનગર હતું)*

**અર્થાત :** ઈરાનના શહેર અસ્ફહાનના તૂતી (મોટામાં મોટો શાઈર) કલામે રઝા સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયો અને એવો કે : કોઈ જાને મુંહમેં ઝબાં નહીં–નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં

**અર્થાત :** અને એવું કેમ ન થાય કે અન્ય શાઈર પોતાના બાદશાહોની તારીફ કરે છે અને ગદાએ દરે ખૈરુલવરા, અબ્દે મુસ્તફા, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા તેની તારીફ કરે છે જેની ખુદા પણ તારીફ કરે છે અને ખુદાઈ પણ.

ઉપરોક્ત નઅતના અમુક શેઅરો હદાઈક઼ના અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે :–

**હર સિતારા શબે મૌલુદે મુસ્તફા–શમ્અદાં શમ્અદાં શમ્અદાં હો ગયા**

**અર્થાત :** હુઝૂર ﷺની વિલાદત બાસઆદતની બાબરકત રાતે આપની વિલાદતના જ સબબે દરેક તારો નૂરનો શમ્અદાન બનીને રોશની વિખેરવા લાગ્યો અને નૂરવાળા આક઼ાના આગમન પર આપની નૂરાની બારગાહથી નૂરની ખૈરાત માગવા લાગ્યો.

*ચારસૂ ઈબ્રતઅંગેઝ થા ઈક સમાં ઝુલ્મતોંસે થા મઅમૂર સારા જહાં*
*આફતાબે નબુવ્વત હુવા ઝવફશાં, નૂરે હક્ક઼ હર તરફ જગમગાને લગા*
*નક઼શે બેરંગ દુન્યા પે રંગ આ ગયા, ચાર સૂ એક દિલકશ સમાં છા ગયા*
*એક ઉમ્મી લક઼બ, બનકે મહબૂબે રબ, નેઅમતોંકે ખઝાને લુટાને લગા*
*આજ તેરી ઉમ્મત હૈ ફિર ખ્વારો ઝબૂં, દર્દ મંદોંકી આંખોસે જારી હૈ ખૂં*
*મેરે આક઼ા સફીના હૈ મઝધાર મેં, મેરે આક઼ા સફીના ઠિકાને લગા*

(વિલાદત બાસઆદતના બનાવો નીચે દર્શાવેલ કિતાબોમાં જુઓ : મદારિજુન્નબુવ્વત, ખૈરુલ મવાનિસ, તારીખુલ ખમીસ, મઆરિજુન્નબુવ્વત, સીરતે હલબિયા, ખસાઈસ.)

**ચર્ખ ગર દૂં તેરે રોઝએ પાકકા–સાઈબાં, સાઈબાં, સાઈબાં હો ગયા**

*(સાઈબાં = તડકાથી બચાવનો સામાન)*

**અર્થાત :** આ ઘુમવાવાળુ આસ્માન તો સાઈબાન છે સરકારે મદીના સુરૂરે ક઼લ્બો સીના ﷺના રોઝા પાકનો કે જે ગુંબદે ખદરાને તડકાથી બચાવવાનો સામાન કરે છે

*હર બઝ્મમેં અબ ઝિક્રે રસૂલે અરબી હૈ–હર જામમેં લબરેઝ મએ હુબ્બે નબી*
*હર સિમ્ત મુહમ્મદ હી કી અબ ધૂમ મચી હૈ–હર ક઼ૌમ દરે શાહે દો આલમ પે ઝુકી હૈ (ﷺ)*
દુન્યા મેરે સરકાર કે ક઼દમોંપે ઝુકી હૈ

**જિસકો ઉસકે મકાંકા પતા મિલ ગયા–બે નિશાં, બેનિશાં, બે નિશાં હો ગયા**

**અર્થાત :** જે ખુશ નસીબને મહબૂબે ખુદા ﷺના ઠેકાણાનો પતો અને આપ ﷺની મઅરેફત નસીબ થઈ ગઈ તે દુનિયાની નજરોથી ગુમ થઈને એવો બે નિશાન થઈ ગયો કે ખુદાનો જ થઈને રહી ગયો.

**ઈશ્ક઼ે અબરૂમેં મૈં, રમ્ઝ ક઼ૌસેન કા–નુક઼્તા દાં, નુક઼્તા દાં, નુક઼્તા દાં હો ગયા**

**અર્થાત :** સરકારે મદીના ﷺના મુબારક ભવાંની મહોબ્બતનો કેદી બનીને મને તે રોશની નસીબ થઈ કે દિલની ખિડકીઓ ખુલી ગઈ અને قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰىનાં સર્વ રહસ્યો મારી ઉપર જાહેર થઈ ગયાં.

*ગરદિશે દૌરાં હૈ ઉન્કી જુંબિશે અબરૂકા કામ–ઉનકે જલ્વોંસે મુનવ્વર હૈ જહાને રંગો બૂ*

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### સદકો મક્બૂલ ક્યારે થાય ?

પછી સદકા વિશે ચર્ચા ચાલી. ફર્માવ્યું કે, જો સદકામાં પાંચ શર્તો મૌજૂદ છે તો વિના શંકાએ એ સદકો કૂબૂલ થઈ જશે. અને એ પાંચ શર્તોમાંથી બે (સદકો) આપવાથી પહેલાંની છે અને બે આપતી વખતની છે અને એક આપ્યા બાદની છે. જે બે શર્તો સદકો આપતાં પહેલાંની છે તેમનામાંથી એક શર્ત એ છે કે જે કાંઈ આપવામાં આવનારું છે તે હલાલ કમાઈથી હોય. અને બીજી શર્ત એ છે કે નિય્યત કરીને નેક માણસને આપે, એવા માણસને કે તે તેને ખરાબ કામોમાં ન વાપરે. એટલે કે સારા લોકોને આપે. અને જે બે શર્તો આપતી વખતની છે એમનામાંથી એક એ છે કે આજીજી તથા ખુશ ચહેરે આપે, અને ખુલ્લા દિલથી આપે. બીજી શર્ત એ છે કે ગુપ્ત રીતે આપે. અને તે એક શર્ત જ આપ્યા પછીની છે તે એ છે કે જે કાંઈ આપ્યું છે તેનો ઉલ્લેખ કોઈની સામે જીભ પર ન લાવે અને તેનું વર્ણન ન કરતો ફરે. આ શર્તોની સાથે જે સદકો થશે તે મક્બૂલ થશે.

ત્યારબાદ ફર્માવ્યું કે સદકો હોય છે અને સુદકો હોય છે. સદકો તો આપણને ખબર જ છે, પણ સુદકા મહેર આપવાને કહે છે અને આ બંને અર્થો સદકા તથા મહોબ્બતનો તકાઝો કરે છે. એટલે જે શખ્સ નિકાહ કરવા ચાહે છે તેણે અનિવાર્યપણે સત્ય તથા મહોબ્બત પેદા કરવી જોઈએ. પછી તે મહેરને દરમિયાનમાં લાવે છે તેની મહોબ્બતમાં આપે છે. સાચી મહોબ્બતના કારણે એનું નામ પણ સદકો છે.

### અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما નું બારગાહે રિસાલતમાં નઝરાણુ

ત્યારબાદ અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની હિકમત વર્ણવી. તે ચાલીસ હજાર દીનાર હુઝૂર ﷺ ની ખિદમતમાં લાવ્યા. ચાલીસ હજાર દીનારનું નઝરાણુ ઈશ્ક તથા મહોબ્બતની સાથે લાવે છે. અને એનો કિસ્સો એ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ઘરમાં ચાલીસ હજાર દીનાર મૌજૂદ હતા. એ સર્વે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લઈ આવ્યા. મુસ્તફા ﷺ એ પૂછયું કે બાળકો તથા ઘરવાળાંઓ માટે શું છોડયું ? અર્ઝ કરી, ખુદા પૂરતો છે અને તેના રસૂલ ! ત્યારબાદ હઝરત ઉમર رضی اللہ عنہ હાજર થયા. અને જે કાંઈ હઝરત અબૂબક્ર લાવ્યા હતા તેનું અડધુ લઈને આવ્યા. પયગંબરે રહમત ﷺ એ ફર્માવ્યું કે બાળકો અને ઘરવાળાઓ માટે શું છોડીને આવ્યા ? બોલ્યા, અડધુ લાવ્યો છું અને અડધુ ઘરવાળાઓ માટે છોડી દીધું છે. ત્યારબાદ પયગંબરે રહમત ﷺ એ તેમના બારામાં નઝરાનાઓની નિસ્બતથી તેમનો મર્તબો નિશ્ચિત કર્યો.

ત્યારબાદ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની કરામતના બારામાં હિકાયત વર્ણવી કે, જે દિવસે તે ચાલીસ હજાર દીનાર લાવ્યા હતા, (ટાટની) ચાદર

ઓઢેલ હતા અને કાંટા વડે તેને જોડીને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા હતા. એ જ વખતે જિબ્રઈલ علیہ السلام હઝરતે રિસાલત મઆબ ﷺની ખિદમતમાં એ જ લિબાસમાં આવ્યા. રસૂલલ્લાહ ﷺએ પૂછયું કે આ શો લિબાસ છે ? જિબ્રઈલે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આજે સર્વ ફરિશ્તાઓને હુકમ થયો છે કે અબૂ બક્ર સિદ્દીક઼ (رضی اللہ عنہ)ની મુવાફિક઼તમાં ચાદર ઓઢે અને એમાં કાંટો લગાડે. ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહની ઝબાન પર બે શેઅરો લાવ્યા : (અર્થ) : "ચાલીસ હજાર દીનારનુ નઝરાણુ (શુક્રાના) એ રીતે આપે છે કે ઈશ્ક઼ને કાંટા તથા કમાલની સાથે હાજરી આપનાર બનાવે છે."

## ★ સાચુ બોલવાના કારણે ડાકૂનો હૃદય પલ્ટો ★

અહીંથી સદક઼ાનો ઝિક્ર આવ્યો. હિકાયત વર્ણવી કે એક શખ્સ હતો તેની પાસે થેલીમાં ૨૫ સોનાના દીનાર હતા. તેણે વિચાર્યું કે કા'બાની ઝિયારત માટે જાઉં અને આ દીનાર કા'બાના મુજાવરો અને ત્યાંના રહેવાસીઓને નઝરાણુ આપુ. આ નિય્યત કરીને રવાના થયો. રસ્તામાં એક બેબાક ડાકૂએ તેને ઘેરી લીધો અને તલ્વાર કાઢી કે જેથી તેને મારી નાખે. એ શખ્સે થેલી જે એની પાસે હતી તે બહાર કાઢીને તેની સામે રાખી દીધી અને બોલ્યો કે મને શા માટે મારે છે, મારી પાસે તો બસ આ જ સોનાના ૨૫ દીનાર છે જે આ થેલીમાં છે. તેમને લઈ લે. ડાકૂએ થેલી ઉઠાવીને સોનાના દીનાર બહાર કાઢીને ગણ્યા તો પૂરા પચાસ દીનાર હતા. આ સર્વ દીનાર એ શખ્સને પાછા આપીને બોલ્યો કે, તારો માલ સાચવ અને સલામતી સાથે ચાલ્યો જા ! કે તારી સચ્ચાઈએ મારા ગુસ્સાને ઠંડો કરી દીધો.

## ★ અર્પણ કરેલી ચીજ પરત ખરીદવી ન જોઈએ ★

ત્યારબાદ તસદ્દુક઼ના અર્થના બારામાં હિકાયત વર્ણવી કે એકવાર અમીરુલ મો'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ કોઈ શખ્સને ઘોડો ઈનાયત કર્યો હતો અને તે ઘોડો તેની પાસે સૂકાઈને કાંટો બની ગયો હતો. હઝરત ઉમર رضی اللہ عنہ ચાહતા હતા કે એ શખ્સથી ઘોડો એ દિવસની કિંમત પર ખરીદી લે જે દિવસે તેને અર્પણ કર્યો હતો. જ્યારે એ વાત રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી તો રસૂલુલ્લાહ ﷺએ મના ફર્માવ્યું અને કહ્યું, ન ખરીદો ! આપેલી ચીજને ફરીવાર ખરીદવી ન જોઈએ. ભલે તે કોડીઓમાં જ કેમ ન મળે.

ત્યારબાદ ખાણુ ખવડાવવાની ફઝીલતોનો ઉલ્લેખ થયો. ઈર્શાદ થયો કે કોઈ બુઝુર્ગે ફર્માવ્યું છે કે **એક દિરહમનું ખાણુ તૈયાર કરાવીને દોસ્તો સામે રાખવું એ એનાથી બેહતર છે કે વીસ દિરહમ સદક઼ો કરવામાં આવે.**

ખાણુ ખાવાની ફઝીલતમાં આ હિકાયત પણ વર્ણવી કે એક શખ્સ સાહિબે હાલ દુરવેશ હતો. તે બુખારાના સદરે જહાં (મુખ્ય ન્યાયાધીશ)ની પાસે આવ્યો અને કહ્યું કે મારે શહેરના બાદશાહની પાસે કાંઈક કામ છે તો તમે ભલામણ કરી આપો અને મારું કામ કરાવી દો. ન્યાયાધીશે જવાબ આપ્યો કે હું તને શું જાણું ? અને મને શું ખબર કે તું કોણ છે કે તારી ભલામણ કરું ?! એ શખ્સે કહ્યું, મારો તમારા પર એ હક઼્ક઼ છે. ન્યાયાધીશે પૂછયું, શો હક઼્ક઼ છે ? કહ્યું, એકવાર તમે ખાણુ કાઢીને બેઠા હતા અને હું પણ આવીને તમારા દસ્તરખાન પર બેસી ગયો અને એ ખાણામાંથી કાંઈક ખાધુ હતું. મારો તમારા પર આ હક઼્ક઼ છે. ન્યાયાધીશે જ્યારે આ સાંભળ્યું તો તરત જ ઉઠયો અને બાદશાહની પાસે જઈને તેનું કામ કરાવી આપ્યું.

ત્યારબાદ ફકીરોની લેણદેણ અને ખરીદ વેચાણના બારામાં ફર્માવ્યું કે શયખ બદરૂદ્દીન ઈસ્હાક઼ علیہ الرحمۃ والرضوانએ કોઈને એક શેતરંજી આપી અને કહ્યું કે એને બજારમાં લઈ જઈને વેચી કાઢો. પછી ફર્માવ્યું કે, દુરવેશાના વેચજો ! તેમને પૂછવામાં આવ્યું કે દુરવેશાના વેચવાનો શો તરીક઼ો છે ? બોલ્યા, પરત ઘરે ન લાવવી, જે ભાવ પણ મળે તે વેચી દેવી. ...*(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## વલીમા અને મહેમાનીનુ બયાન

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ના કપડાં પર પીળા રંગની અસર જોઈ (એટલે કે ખુલુકનો રંગ એમના શરીર તથા કપડાં પર લાગેલો જોયો). ફર્માવ્યું : આ શું છે ? એટલે કે મર્દના શરીર પર આ રંગ ન હોવો જોઈએ. કઈ રીતે લાગ્યો ? અર્જ કરી કે મેં એક ઓરતથી નિકાહ કર્યો છે (એના શરીર પરથી આ પીળાશ લાગી ગઈ છે). ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તમારા માટે મુબારક કરે. તમે વલીમો કરો. ભલે એક બકરીથી યા એક જ બકરીથી. *(બુખારી મુસ્લિમ)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જેવો વલીમો હઝરત ઝૈનબ رضی اللہ عنہا ના નિકાહ પર કર્યો હતો એવો વલીમો અન્ય અજવાઝે મુતહ્હરાતમાંથી કોઈના નિકાહ પર કર્યો નથી. એક બકરીથી વલીમો કર્યો. એટલે કે તમામ વલીમામાં બહુ મોટો વલીમો હતો કે એ આખી બકરીનો ગોશ્ત પકાવવામાં આવ્યો હતો. બીજી રિવાયત એમનાથી છે કે હઝરત ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا ની સોહાગ રાત પછી જે વલીમો કરવામાં આવ્યો હતો તેમાં લોકોને પેટભર રોટી તથા ગોશ્ત ખવડાવવામાં આવી હતી. *(બુખારી, મુસ્લિમ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તે વલીમાનુ ખાવુ બુરું છે જેમાં માલદાર લોકોને બોલાવવામાં આવે છે અને ગરીબોને છોડી દેવામાં આવે છે અને જેણે દાવતને છોડી દીધી એટલે કે કોઈ કારણ વગર ઈન્કાર કર્યો એણે અલ્લાહ અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાફર્માની કરી.

### ★ વલીમાનું કયુ ખાવા બુરુ છે ? ★

એક રિવાયતમાં છે કે વલીમાનુ તે ખાવા બુરૂં છે કે જેમાં ખાવા આવનારને રોકવામાં આવતા હોય અને જેઓ ઈન્કાર કરતા હોય છે તેમને બોલાવવામાં આવતા હોય. અને જેણે દા'વત કબૂલ ન કરી એણે અલ્લાહ અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાફર્માની કરી. અને જે દાવત વગર ગયો તે ચોર થઈને ઘુસ્યો અને લૂટમાર કરીને નીકળ્યો. *(અબૂ દાઊદ)*

ફર્માવ્યું કે શાદીઓમાં પહેલા દિવસનું ખાવા ખવડાવવું હક્ક છે. અર્થાત સાબિત છે, એને કરવું જ જોઈએ અને બીજા દિવસનુ ખાવા સુન્નત છે અને ત્રીજા દિવસનુ ખાવા સુમ્આ અર્થાત શોહરત માટે છે. જે શોહરત માટે કોઈ કામ કરશે તેને અલ્લાહ તઆલા સજા આપશે. *(તિર્મિઝી)*

અને ફર્માવ્યું કે જો બે જણ એક સાથે દાવત આપવા માટે આવે તો જેનુ ઘર તમારા ઘરની નજીક હોય તેની દાવત કબૂલ કરો અને જો બેમાંથી એક પહેલાં આવ્યો તો તેની દા'વત કબૂલ કરો. *(અહમદ અબૂ દાઊદ)*

### ★ મેહમાનની આગતા સ્વાગતા ★

ફર્માવ્યું કે જે માણસ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે તે મહેમાનની ઈજ્જત કરે. એક રાત દિવસ એની પૂરેપૂરી મહેમાન નવાઝી કરી પોતાની હેસિયત પ્રમાણે એને માટે ખાવા તૈયાર કરાવે.

મહેમાની માટે ત્રણ દિવસ છે (એટલે કે એક દિવસ પછી જે હાજર હોય તે ખાવા રજુ કરે) અને ત્રણ દિવસ પછી સદકો છે. મહેમાન માટે એ હલાલ નથી કે તેને (મેજબાનને) ત્યાં પડયો રહે અને તેને તકલીફમાં મૂકી દે. *(બુખારી, મુસ્લિમ)*

## ★ વલીમાની વ્યાખ્યા અને હુકમ ★

**મસ્અલા** : વલીમાની દાવત સુન્નત છે. વલીમા તેને કહેવામાં આવે છે કે સોહાગ રાત પૂરી થયા બાદ સવારમાં પોતાના દોસ્ત, સગા સંબંધીઓ અને મહોલ્લાવાળાઓની પોતાની હેસિયત મુજબ દાવત કરે. એને માટે (વલીમા માટે) જાનવર ઝબહ કરવું અને ખાણુ તૈયાર કરવું જાઈઝ છે અને જે લોકોને બોલાવવામાં આવે તેમણે જવું જોઈએ જેથી કે તેમનુ જવું તેના માટે ખુશી ઉત્પન્ન કરશે. જે માણસને વલીમામાં બોલાવવામાં આવે તો એણે જવું સુન્નત યા વાજિબ છે. એના માટે આલિમોના બંને કથનો છે. જાહેરી રીતે માલૂમ પડે છે કે કબૂલિયત સુન્નતે મોઅક્કેદા છે. વલીમા સિવાયની બીજી દાવતોમાં જવું પણ અફઝલ છે અને જો રોઝદાર ન હોય તો એણે ખાવું અફઝલ છે કેમ કે પોતાના મુસ્લિમ ભાઈની ખુશીમાં ભાગીદાર બનવું અને તેના દિલને ખુશ કરવું છે. અને રોઝદાર હોય તો પણ જવું અને દાવત આપનાર ઘર માલિક માટે દુઆ કરે. વલીમા સિવાયની બીજી દાવતો માટે પણ આવો જ હુકમ છે કે રોઝદાર ન હોય તો ખાય નહીંતર એને માટે દુઆ કરે. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : દાવતે વલીમાના જે હુકમ બયાન કરવામાં આવ્યા તે એવી હાલત માટે છે કે દાવત કરનારનો મકસદ સુન્નતની અદાયગી હોય અને જો ફખ્ર એટલે કે હું કંઈક છું એવો દેખાવ કરવાનો અને મારી વાહ વાહ થશે એવો મકસદ હોય જેમ કે આજના યુગમાં ઘણુ ખરું એવું જ જોવા મળે છે, તો એવી હાલતોમાં શરીક ન થવું બેહતર છે. ખાસ કરીને ઈલ્મવાળાઓએ એવી જગ્યાએ ન જવું જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ દા'વતમાં જવું ક્યારે સુન્નત છે ? ★

**મસ્અલા** : દા'વતમાં જવું ત્યારે જ સુન્નત ગણાશે જ્યારે ખબર જ હોય કે ત્યાં ગાવું, બજાવવું, લહવો લઈબ (મનોરંજન) નથી અને જો ખબર હોય કે આ બધી ખરાબીઓ (બેહૂદા વાતો) ત્યાં છે તો ન જાય. ગયા પછી ખબર પડી કે અહીં તો બધી બેહુદા વાતો, ખરાબીઓ છે ! (ખરેખર) ત્યાં એવી ચીજો (બેહૂદા) જોવા મળે **તો પાછા ચાલ્યા આવવું.** જો મકાનના બીજા ભાગમાં હોય અને જ્યાં ખાવા ખવડાવવામાં આવતું હોય ત્યાં ન હોય તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો તે જનાર માણસ એને રોકી શકતો હોય તો રોકે અને જો ન રોકી શકતો હોય તો સબર કરે.

## ★ આલિમ, પીર માટે હુકમ : કઈ દા'વતમાં ન જાય ?! ★

આ વાત તેને માટે છે કે એ (જનાર) માણસ મઝહબી પેશ્વા ન હોય અને જો મુક્તદા (પેશ્વા) હોય તો દા.ત. **આલિમ, મશાઈખ એ લોકો જો ન રોકી શકતા હોય તો ત્યાંથી ચાલ્યા આવવું, ત્યાં બેસે નહીં અને ખાય પણ નહીં. અને જો પહેલેથી જ ખબર હોય કે ત્યાં આવી બધી ખરાબીઓ છે તો પેશ્વા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના તે હિસ્સામાં આ બધી ચીજો હોય કે ન હોય.**

*(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો ત્યાં ખેલ કૂદ હોય અને તે માણસ સમજતો હોય કે મારા જવાથી એ બંધ થઈ

જશે તો એવી નિય્યતથી તેણે જવું જોઈએ કે મારા જવાથી શરીઅત વિરૂધ્ધના કામો બંધ કરી દેવામાં આવશે અને જો એવી ખબર હોય કે ત્યાં ન જવાથી તે લોકોને નસીહત થશે અને આવા મોકા (પ્રસંગો) પર આવી બધી હરકતો નહીં કરે, કેમ કે તે લોકો એમના શરીક થવાને જરૂરી સમજે છે તથા જ્યારે એમને ખબર પડશે કે શાદીના પ્રસંગો તથા બીજા પ્રસંગોમાં આવી ચીજો હશે તો તે હાજરી આપશે નહીં તો એના પર લાઝિમ છે કે તે ત્યાં ન જાય જેથી લોકોને ઈબ્રત થાય અને આવી હરકતો ન કરે. *(આલમગીરી, બહાર)*

## ★ વલીમાની મુદ્દત ★

**મસ્અલા** : દાવતે વલીમા ફક્ત બીજા દિવસે છે યા એના પછીના બીજા દિવસે પણ, એટલે કે બે દિવસ સુધીમાં એ દાવત હોઈ શકે છે. એના પછીના વલીમો અને શાદી ખતમ. (આલમગીરી) હિન્દુસ્તાનમાં શાદીઓનો સિલસિલો કેટલાયે દિવસો સુધી કાયમ રહે છે. સુન્નતથી આગળ વધવું, રિયા (દેખાવ) અને સુમ્આ (મોટાઈ દેખાડવું) છે એનાથી બચવું જરૂરી છે.

## ★ પોતાની સામેનું ખાવા અન્યને આપી શકાય ? ★

**મસ્અલા** : એક દસ્તરખ્વાન પર જે લોકો ખાવા ખાતા હોય તેમાંથી એક માણસ કોઈ ચીજ ઉઠાવીને બીજાને આપે તે જાઈઝ છે જ્યારે કે એવી ખબર હોય કે આ પ્રમાણે આપવું ઘર માલિકને નાાપસંદ નહીં પડે. અને એવી ખબર હોય કે આ રીતે આપવું ઘર માલિકને પસંદ નહીં પડે તો આપવું જાઈઝ નથી. બલ્કે હાલતથી વાકેફ ન હોય અને એવું ન જાણતો હોય કે પસંદ પડશે કે નહીં પડે તો એવી હાલતમાં પણ ન આપે. *(આલમગીરી)*

કેટલાક લોકો એક જ દસ્તરખ્વાન પર ઈજ્જતદારો માટે ઉમદા ખાણું મૂકે છે અને ગરીબો માટે મામૂલી ખાણું મૂકે છે. જો કે એવું ન કરવું જોઈએ. કેમ કે એનાથી ગરીબોના દિલ તૂટે છે પરંતુ આવી હાલતમાં જેની પાસે કોઈ સારી ચીજ છે એણે એવી વ્યકિતને આપી જે એની પાસે ન હતી. તો જાહેર છે કે ઘર માલિકને આ વાત પસંદ નહીં પડે, કેમ કે જો આપવી જ હોત તો તે એની સામે પણ તે ચીજ રાખત યા ઓછામાં એવું પણ બની શકે કે બે ચીજો એક જેવી લાગે અને તેના કારણે ધોકો ખાય જવાય. પરિણામે આવી હાલતમાં ચીજ આપવી નાજાઈઝ છે અને જો એક જ પ્રકારનું ખાવા હોય. દા.ત. ગોશ્ત, રોટી અને એકની પાસે રોટી પૂરી થઈ ગઈ છે જેથી બીજાએ પોતાની પાસેથી ઉપાડીને આપી દીધી તો જાહેર છે કે ઘર માલિકને નાપસંદ નહીં લાગે.

**મસ્અલા** : બીજાને ત્યાં ખાય રહ્યો છે. ભિખારીએ સવાલ કર્યો તો એને માટે એ જાઈઝ નથી કે તે ભિખારીને રોટીનો ટૂકડો આપે, કેમ કે એણે ઘર માલિકે તેને ખાવા માટે મૂકી છે એને માલિક બનાવ્યો નથી કે જેને ચાહે તેને આપી દે. *(આલમગીરી)*

**મસ્અલા** : બે દસ્તરખ્વાનો પર ખાવા ખવાઈ રહયું છે તો એક દસ્તરખ્વાનવાળો બીજા દસ્તરખ્વાનવાળાને કોઈ ચીજ ઉપાડીને ન આપે પરંતુ જયારે કે એવું યકીન હોય કે આવું કરવું ઘર માલિકને નાપસંદ નહીં હોય. *(આલમગીરી)*

**મસ્અલા** : ખાતી વેળા ઘર માલિકનું બાળક આવી પડયું તો એને તથા ઘર માલિકના નોકરને એ ખાવામાંથી આપી શકતા નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : ખાણું નાપાક થઈ ગયું તો (એ ખાણું) કોઈ પાગલ યા બાળકને ખવડાવવું જાઈઝ નથી. અથવા કોઈ એવા જાનવરને ખવડાવવામાં આવે કે જે હલાલ હોય. (હલાલ જાનવરને ખવડાવી શકાશે નહીં). *(આલમગીરી) –(ક્રમશઃ)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

ઈબ્ને શુરૈહથી લોકોએ જ્યારે સવાલ કર્યો કે જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની વાણી તેમના ઈલ્મના પ્રમાણે હોય છે ? તેમણે જવાબ આપ્યો કે એ તો હું નથી જાણતો, અલ્બત્ત એમની વાતચીત એવી જરૂર હોય છે જાણે ખુદા તઆલા તેમની ઝબાનથી કલામ કરી રહ્યો છે. અને મારા કથનની દલીલ એ છે કે જ્યારે જુનૈદ તૌહીદને વર્ણવે છે તો એવું નવીન વર્ણન હોય છે કે દરેક શખ્સ તેને સમજવાથી લાચાર છે.

એકવાર વઅઝ દરમિયાન કોઈએ અર્ઝ કર્યું કે આપનો વઅઝ મારી સમજથી બહાર છે. આપે ફર્માવ્યું કે સિત્તેર વરસની ઈબાદત કદમોની નીચે રાખીને મસ્તક ઝુકાવી દે, ત્યારબાદ તારી સમજમાં ન આવે તો યક઼ીનન ! મારો કુસૂર ગણાશે. એકવાર કોઈએ વઅઝ દરમિયાન આપની તારીફ કરી દીધી, તો ફર્માવ્યું કે એ હક઼ીક઼તમાં ખુદાની તારીફ કરી રહ્યો છે. કોઈએ સવાલ કર્યો કે દિલને ખુશી ક્યારે હાંસલ થાય છે ? ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ દિલમાં હોય છે.

કોઈએ પાંચસો દીનાર આપની ખિદમતમાં પેશ કર્યા. તો પૂછયું કે આપની પાસે અધિક રકમ પણ છે ? તેણે હકારમાં જવાબ આપ્યો. તો પૂછયું કે તને હજી વધુ માલની પણ હાજત છે ? તેણે કહ્યું કે હા ! આપે ફર્માવ્યું કે, તારા પાંચસો દીનાર પરત લઈ જા ! કેમ કે તું એટલા માટે મારા કરતાં અધિક હાજતમંદ છે કે મારી પાસે કાંઈ પણ નથી, છતાં મને હાજત નથી અને તારી પાસે અધિક રકમ મૌજૂદ છે છતાં તું મોહતાજ છે.

કોઈ સાઈલે આપને સવાલ કર્યો તો આપને એ ખયાલ પેદા થયો કે જ્યારે આ શખ્સ મજૂરી કરી શકે છે તો તેને સવાલ કરવો જાઈઝ નથી. પણ એ જ રાત્રે ખ્વાબ જોયો કે ઉપરથી ઢાંકેલું એક વાસણ આપની સામે રાખવામાં આવ્યું અને હુકમ આપવામાં આવી રહ્યો છે કે, એને ખાય લો ! જેથી જે વખતે આપે ખોલીને જોયું તો એ જ સાઈલ મરેલો પડેલો છે. આપે ફર્માવ્યું કે, હું મુર્દાખોર નથી. હુકમ થયો કે તો પછી દિવસમાં એને શા માટે ખાધો હતો ?! આપને ખયાલ આવી ગયો કે મેં ગીબત કરી હતી અને આ એ જ જુર્મની સજા છે.

### ★ એક હજ્જામથી ઈખ્લાસ શીખ્યો ! ★

આપ ફર્માવ્યા કરતા હતા કે ઈખ્લાસની તાલીમ મેં હજામ (નાઈ)થી હાંસલ કરી છે. અને બનાવ આ પ્રમાણે ઉપસ્થિત થયો કે મક્કા મોઅઝ્ઝમામાં રોકાણ દરમિયાન એક હજામ કોઈ માલદારની હજામત બનાવી રહ્યો હતો. તો મેં તેને કહ્યું કે ખુદાને ખાતર મારી હજામત બનાવી દે. તેણે તરત જ તે માલદારની હજામત છોડીને મારા વાળ કાપવાનું શરૂ કરી આપ્યું. અને હજામત બનાવ્યા બાદ એક કાગળની પડીકી મારા હાથમાં આપી દીધી જેમાં સિક્કાનું પરચૂરણ લપેટેલુ હતું, અને મને કહ્યું કે આપ એને પોતાના ખર્ચમાં લાવશો. આ પડીકુ લઈને મેં નિય્યત કરી લીધી કે હવે પહેલુ મને જે કાંઈ પણ મળશે તેને હું હજામને ભેટ આપીશ. જેથી કેટલાક સમય બાદ એક શખ્સે બસરામાં અશરફીઓથી છલકાતી થેલી મને પેશ કરી. એને લઈને જ્યારે હું હજ્જામની પાસે પહોંચ્યો તો તેણે કહ્યું કે, મેં તો તમારી ખિદમત કેવળ ખુદાને ખાતર કરી હતી અને તમે બેશરમ બનીને મને થેલી

❒ અઝ : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ અનુવાદક : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

પેશ કરવા આવ્યા છો ! તમને એનો ઈલ્મ નથી કે ખુદાના વાસ્તે કામ કરનારો કોઈનાથી કોઈ વળતર નથી લેતો.

### ★ નફ્સનો ઈલાજ શું છે ? ★

એક રાતે આપનું ઈબાદતથી દિલ ઉકતાઈ ગયું. જેથી આપ બહાર નીકળ્યા તો જોયું કે દરવાજા પર એક માણસ કંબલ લપેટીને બેઠેલો છે. આપે તેને જોતાં જ કહ્યું, ઈબાદતથી દિલ ઉકતાઈ જવાનું કારણ કદાચ તમારું રાહ જોવું છે. તેણે અર્ઝ કર્યું, **નફ્સનો શો ઈલાજ** છે ? આપે ફર્માવ્યું, **નફ્સનો વિરોધ કરવો એ એક જ તેનો ઈલાજ છે.** આ સાંભળીને તે જે તરફથી આવ્યો હતો એ તરફ ચાલ્યો ગયો, પરંતુ એ ન જાણી શકાયું કે તે કોણ હતો. ત્યારબાદ જ્યારે આપે ઈબાદત શરૂ કરી તો દિલ જમઈ પેદા થઈ ચૂકી હતી.

એકવાર હઝરત સહલે આપને લખ્યું કે, ગફલતની નીંદથી બચો કેમ કે સૂનારો પોતાનો મક્સદ હાંસલ નથી કરી શકતો. જેવું કે રબ તઆલાએ હઝરત દાઊદ علیہ السلامને વહી થકી માહિતગાર કર્યા કે, જે અમારી મહોબ્બતનો દાવેદાર થઈને રાતે સૂએ છે તે જૂઠો છે. આપે જવાબમાં લખ્યું કે ખુદાની રાહમાં જાગતા રહેવું આપણો અંગત ફેઅલ છે પણ આપણા સૂવાનો સંબંધ ખુદાના ફેઅલથી છે, જે આપણા ફેઅલ કરતાં અનંતગણો બેહતર છે. જેમ કે ઈર્શાદ ફર્માવવામાં આવ્યો : اَلنَّوْمُ مَوْهِبَۃٌ مِنَ اللّٰہِ عَلَی الْمُحِبِّیْنَ એટલે, "ઊંઘ એક બખ્શિશ છે ખુદા તરફથી પોતાના દોસ્તો પર."

કોઈ સ્ત્રીએ પોતાના ગુમ થયેલા પુત્રના મળી જવાની દુઆ માટે આપને અર્ઝ કરી તો ફર્માવ્યું કે સબ્રથી કામ લો. આ સાંભળીને તેણી ચાલી ગઈ, અને થોડાક દિવસ સબ્ર કર્યા બાદ ફરી ખિદમતમાં હાજર થઈ. પછી ફરી આપે સબ્રની હિદાયત કરી. તે સ્ત્રી ફરી પરત ચાલી ગઈ, અને જ્યારે બિલ્કુલ સબ્રની શક્તિ ન રહી તો ફરી હાજર થઈને અર્ઝ કરી કે હવે સબ્ર રાખવાની શક્તિ પણ નથી. આપે ફર્માવ્યું કે જો તારું કહેવું સહીહ છે તો જા ! તારો પુત્ર તને મળી ગયો. જેથી જ્યારે તેણી ઘરે પહોંચી તો તેનો પુત્ર ઘરે મૌજૂદ હતો.

એકવાર ચોરે આપનો કુર્તો ચોરી લીધો અને બીજા દિવસે જ્યારે બજારમાં આપે તેને વેચતો જોયો તો ખરીદનારો ચોરને એવું કહી રહ્યો હતો કે જો કોઈ એવી ગવાહી આપી દે કે આ માલ તારો જ છે તો હું ખરીદી શકુ છું. આપે ફર્માવ્યું કે હું વાકેફ છું. આ સાંભળીને ખરીદારે કુર્તો ખરીદી લીધો. કોઈએ આપને નાગા ભૂખ્યા રહેવાની શિકાયત કરી તો ફર્માવ્યું કે ખુદા તને હમેશાં નાગો ભૂખ્યો રાખે, કેમ કે આ નેઅમત તો તે પોતાના ખાસ બંદાઓને જ અતા કરે છે અને તે પણ તેની શિકાયત કરનારા નથી રહેતા.

એકવાર કોઈ માલદાર આપની મજલિસમાંથી કોઈ દુરવેશને પોતાની સાથે લઈ ગયા અને થોડાક રોકાણ બાદ તેના માથા પર થાળ રખાવીને હાજર થયો. આપે દુરવેશને હુકમ આપ્યો કે આ થાળ એ જ માલદારના મોં પર મારી દે, જેને દુરવેશ સિવાય કોઈ ન મળ્યો, કેમ કે દુરવેશ નેઅમતવાળા ન હોવા છતાં હિંમતવાળા હોય છે. અને જો દુનિયાવી દોલતથી મોહતાજ હોય તો આખેરતનો અજ્ર (બદલો) તેમનો હિસ્સો છે.

કોઈ ઈરાદતમંદે (મુરીદે) પોતાનો સર્વ માલ સામાન ખુદાની રાહમાં ખર્ચ કરી નાખ્યો અને કેવળ એક મકાન બાકી રહી ગયું. આપે હુકમ આપ્યો કે મકાન વેચી દઈને સર્વ રકમ નદીમાં ફેંકી દો. તેણે તેનું પાલન કરીને આપની સાથે રહેવાનું શરૂ કરી આપ્યું, અને આપના ધુત્કારવા છતાં એક પળ માટે આપનાથી અલગ ન થતો. છેવટે પોતાના મક્સદમાં

કામયાબ થઈને બુલંદ મર્તબા પર પહોંચ્યો.

**★ હજાર દીનાર નદીમાં ફેંકયા છતાં... ★**

એક નવયુવાન પર આપની વઅઝની મજલિસમાં એવી કૈફિયત છવાઈ કે તેણે તૌબા કરીને ઘરે પહોંચીને સર્વ સામાન ખૈરાત કરી આપ્યો અને એક હજાર દીનાર આપને ભેટ આપવા માટે રવાના થયો, તો રસ્તામાં લોકોએ કહ્યું કે તમે દીનદારને શા માટે દુનિયામાં સપડાવવા ચાહો છો ? આ સાંભળીને એ નવયુવાને સર્વ દીનાર દજલા નદીમાં ફેંકી દીધા. અને જ્યારે આપની ખિદમતમાં હાજર થયો તો આપે ફર્માવ્યું કે તમે મારી સોહબતના પાત્ર એટલા માટે નથી કે તમે એક એક કરીને જ એક હજાર દીનાર નદીમાં ફેંક્યા, એ કામ તો એક જ ઝટકામાં થઈ શકતું હતું !

**★ ગોશાનશીની કરનારાઓ ! સાવધાન ! ★**

કોઈ મુરીદના દિલમાં એ શૈતાની વસવસો પેદા થઈ ગયો કે હવે હું કામિલ બુઝુર્ગ થઈ ગયો છું અને મને મુર્શિદની સોહબતની જરૂરત નથી. અને એ ખયાલ હેઠળ તે ગોશાનશીન થઈ ગયો તો રાતે ખ્વાબોમાં જોયા કરતો કે ફરિશ્તા ઊંટ પર સવારી કરાવીને જન્નતમાં સૈર કરાવવા લઈ જાય છે. અને જ્યારે આ વાત મશહૂર થઈ ગઈ તો એક દિવસ આપ પણ તેની પાસે પહોંચી ગયા અને ફર્માવ્યું કે આજે રાતે જ્યારે તમે જન્નતમાં પહોંચો તો "લાહૌલ" પઢજો. જેથી જ્યારે તેણે આપના હુકમનું પાલન કર્યું તો જોયું કે શૈતાનો તો નાસી છૂટયા અને તેમની જગાએ મુડદાંઓનાં હાડકાં છે ! આ જોઈને તેણે તૌબા કરી લીધી અને આપની સોહબત અપનાવીને એ નક્કી કરી લીધું કે મુરીદના માટે ગોશાનશીની કાતિલ ઝેર છે.

એક મુરીદ બસરામાં ગોશાનશીની અપનાવેલ હતો અને દરમિયાન તેને પોતાના કોઈ ગુનાહનો ખયાલ આવી ગયો જેના કારણે ત્રણ દિવસો સુધી તેનો ચહેરો કાળો રહ્યો અને ત્રણ દિવસ પછી તે કાળાશ દૂર થઈ ગઈ તો હઝરત જુનેદનો પત્ર પહોંચ્યો કે બારગાહે ઈલાહીમાં અદબભેર કદમ રાખવો જોઈએ, કેમ કે તારા ચહેરાની કાળાશ ધોવામાં મારે ત્રણ દિવસ સુધી ધોબીનું કામ કરવું પડયું.

જંગલમાં સખત ગરમીના કારણે કોઈ મુરીદની નસકોરી ફૂટી ગઈ તો તેણે આપનાથી ગરમીની શિકાયત કરી. આપે ગઝબનાક થઈને ફર્માવ્યું કે તમે ખુદાની શિકાયત કરો છો ?! મારી નજરોથી દૂર થઈ જાવ ! અને હવે કદી મારી સાથે ન રહેશો.

કોઈ મુરીદથી ગુસ્તાખી થઈ ગઈ અને તે શર્મિંદગીના કારણે શૂનૈરાની મસ્જિદમાં જઈને છુપાયો. અને જ્યારે એકવાર આપ તેની પાસે પહોંચ્યા તો તે ભયભીત થઈને એવો ગબડયો કે માથાથી લોહી વહેવા લાગ્યું અને લોહીના દરેક ટીપાએથી અલ્લાહ ! અલ્લાહ ! ના વિર્દનો અવાજ આવવા લાગ્યો. આપે ફર્માવ્યું કે, આ ચીજ રિયા તથા નામનામાં સામેલ છે, જ્યારે કે નાના નાનાં છોકરા તારા ઝિક્રમાં સમાન છે. આ સાંભળીને તે મુરીદ એ જ વખતે તડપીને મરી ગયો. અને જ્યારે તેને કોઈએ ખ્વાબમાં તેનો હાલ પૂછયો તો તેણે કહ્યું, વરસો ગુજરી જવા બાદ પણ હું દીનથી ઘણો દૂર છું, અને જે કાંઈ હું સમજતો હતો એ સર્વ બાતિલ છે.

એક મુરીદ સાથે મોઅદબ (અદબવાળો) હોવાના કારણે આપનો ઘણો પ્રેમભાવ હતો. જેના કારણે બીજા મુરીદોમાં રશ્ક (આવો પ્રેમભાવ તેમને પણ મળે એવી ભાવના) પેદા થઈ ગયો હતો. જેથી આપે દરેક મુરીદને એક મરઘી અને એક છરી આપીને એ હુકમ આપ્યો કે એને એવી જગાએ જઈને ઝબહ કરો કે કોઈ ન જોઈ શકે. કેટલાક સમય બાદ સર્વ મુરીદો તો ઝબહ કરેલ વધુ પેજ 22 પર..

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૨૬

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા** : જુમ્આ મસ્જિદમાં તાવીઝ વેચવાં નાજાઈઝ છે જેવુ કે તાવીઝવાળા કર્યા કરે છે કે આ તાવીઝનો આટલો હદિયો છે, આટલા આપો અને તાવીઝ લઈ જાવ. *(આલમગીરી)*

**મસ્અલા** : મસ્જિદમાં નિકાહ કરવો મુસ્તહબ છે. (આલમગીરી) પરંતુ એ જરૂરી છે કે નિકાહના સમયે બૂમ બરાડા અને એવી વાતો જે મસ્જિદના એહતેરામ વિરૂધ્ધ હોય ન થવી જોઈએ. માટે જો ખબર છે કે મસ્જિદના અદબોની સાચવણી નહીં થાય તો તો મસ્જિદમાં નિકાહ ન પઢાવે.

**મસ્અલા** : જો કપડા અથવા શરીર પર નાપાકી ચોંટેલી હોય તે મસ્જિદ ન જાય *(આલમગીરી)*

### મસ્જિદમાં નીચે વર્ણવેલ અદબોની સાવચેતી રાખો

૦૧. મસ્જિદમાં પ્રવેશો તો સલામ કરો એ શરતની સાથે કે જે લોકો મસ્જિદમાં હાજર હોય ઝિક્ર અને દર્સ (પઢવામાં) મગન ન હોય, અને જો ત્યાં કોઈ ન હોય અથવા જે લોકો છે તેઓ મશગૂલ છે તો આ કહે :–

السَّلَامُ عَلَيْنَا مِنْ رَّبِّنَا وَ عَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ

૦૨. મકરૂહ સમય ન હોય તો તહિયત્તુલ મસ્જિદની બે રકાત પઢે.

૦૩. ખરીદ વેચાણ ન કરે

૦૪. ખુલ્લી તલવાર મસ્જિદમાં ન લઈ જાય.

૦૫. ખોવાયેલી વસ્તુ મસ્જિદમાં ન શોધો.

૦૬. ઝિક્ર સિવાય અવાજ ન વધારે.

૦૭. દુનિયાની વાતો ન કરે.

૦૮. લોકોને ફલાંગે નહીં.

૦૯. જગ્યાના સંબંધે કોઈનાથી ઝઘડો ન કરે.

૧૦. એવી રીતે ન બેસે કે બીજાના માટે જગ્યાએ ઓછી રહે.

૧૧. નમાઝીના આગળથી પસાર ન થાય.

૧૨. મસ્જિદમાં થૂંક ખંખાર ન ફેંકે.

૧૩. આંગળીઓને ન ચટકાવે

૧૪. નાપાકી અને બાળકો તથા પાગલોથી મસ્જિદને બચાવે.

૧૫. અલ્લાહનું ઝિક્ર ખૂબ જ કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : મસ્જિદમાં જગ્યા ઓછી હોય તો જે

નમાઝ પઢવા ચાહતો હોય તે બેઠેલાને કહી શકે છે કે ખસી જાય નમાઝ પઢવા માટે જગ્યા આપે ભલે તે શખ્સ ઝિક્ર અથવા દર્સમાં કે કુર્આન મજીદની તિલાવતમાં મગ્ન હોય કે એતેકાફવાળો હોય. *(આલમગીરી)*

**મસ્અલા** : મસ્જિદના માગવવાળાને આપવું મના છે. મસ્જિદમાં દુનિયાની વાતો કરવી મકરૂહ છે. મસ્જિદમાં વાતો કરવી નેકીઓને એ રીતે ખાઈ જાય છે જે રીતે આગ લાકડીને ખાઈ જાય છે. આ જાઈઝ વાતોના સંબંધે છે. નાજાઈઝ વાતોના ગુનાહનું શું પૂછવું ?! *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : નમાઝ પઢયા પછી મુસલ્લાને લપેટીને મૂકી દે છે આ સારી વાત છે કે આમાં વધારે સાચવણી છે પરંતું અમુક લોકો મુસલ્લાને એક બાજુથી લપેટે છે અને એવું કહે છે કે આવું ન કરવામાં તેના પર શૈતાન નમાઝ પઢશે, આ બે અસલ છે.

**મસ્અલા** : મસ્જિદની છત પર ચઢવું મકરૂહ છે. ગરમીના કારણે મસ્જિદની છત પર જમાઅત કરવી મકરૂહ છે. હા ! મસ્જિદ નાની હોય નમાઝીઓ વધારે હોય તો અગાસી પર નમાઝ પઢી શકે છે જેવું કે મુંબઈ અને કલકત્તામાં મસ્જિદ નાની હોવાને કારણે છત પર પણ જમાઅત થાય છે. *(આલમગીરી)*

**મસ્અલા** : ઈલ્મ હાંસલ કરનાર વિદ્યાર્થીએ મસ્જિદની ચટાઈનો એક નાનો ટુકડો નિશાની માટે કિતાબમાં મૂક્યો તો એ માફ છે (આલમગીરી) એનો મતલબ એવો નથી કે ચટ્ટાઈથી ટુકડો કરી નિશાની બનાવે કે આ રીતે વારંવાર કરવાથી ચટાઈ ખરાબ થઈ જશે.

**મસ્અલા** : કિબ્લાની તરફ હદફ એટલે નિશાનો બનાવી તેની ઉપર તીર મારવું અથવા તેના પર ગોળી મારવી મકરૂહ છે એટલે કિબ્લાની તરફ ચાંદમારી ફાયરીંગ કરવું મકરૂહ છે. *(રદ્દુલ મોહતાર)* ....*(ક્રમશઃ)*

પેજ 20 નું ચાલુ..

મરઘી લઈને હાજર થઈ ગયા અને તે મુરીદ જીવતી મરઘી લઈને હાજર થયો અને અર્ઝ કરી કે કોઈ જગા એવી ન મળી જ્યાં ખુદા મૌજૂદ ન હતો.

આપના આઠ ખાસ મુરીદોએ જ્યારે જેહાદનો ઈરાદો કર્યો તો આપ પણ તેમની સાથે કાફિરો સાથે મુકાબલા માટે રોમ તશરીફ લઈ ગયા. ત્યાં એક કાફિરના હાથે આઠેવ મુરીદોએ શહાદતનો જામ પીધો. તે વખતે આપે જોયું કે નવ (અંબાડી = હાથી કે ઊંટ પર બેસવા માટે તેની પીઠ પર ગોઠવેલ હોય છે) હવામાં અધ્ધર છે અને આઠેવ મુરીદોની રૂહોને આઠ અંબાડીઓમાં રાખવામાં આવી રહેલી છે. આપને ખયાલ આવ્યો કે કદાચ નવમી અંબાડી મારા માટે છે, આમ વિચારી આપ ફરી જેહાદમાં વ્યસ્ત થઈ ગયા. પરંતું જે કાફિરે આઠેવ મુરીદોને શહીદ કર્યા હતા તેણે અર્ઝ કરી કે મને મુસલમાન કરીને બગદાદ પહોંચીને લોકોને હિદાયત કરી આપો કે તે નવમી અંબાડી મારા માટે છે, આવું કહીને મુસલમાન થઈ ગયો, અને પોતાની કૌમના આઠ કાફિરોને કત્લ કર્યા બાદ ખુદ પણ શહીદ થઈ ગયો અને નવમી અંબાડીમાં તેની રૂહને દાખલ કરવામાં આવી.

સૈયદ નાસિરી હજ્જના સફર દરમિયાન જ્યારે બગદાદ પહોંચ્યા તો આપનાથી નિયાઝનો શરફ હાંસલ કરવા હાજર થયા. આપે તેમને સવાલ કર્યો કે આપ સૈયદ છો અને આપના જદ્દે આ'લા (દાદા) હઝરત અલી નફ્સ તથા કાફિરો બંને સાથે જેહાદ કર્યા કરતા હતા. હવે આપ ફર્માવો કે આપે કયો જેહાદ કર્યો છે ? આ સાંભળીને તે બેચૈન થઈને રડવા લાગ્યા અને અર્ઝ કરી કે મારો હજ્જ તો અહીં ખત્મ થઈ ગયો ! હવે તમો મને હિદાયત કરો. આપે ફર્માવ્યું કે તમારું દિલ ખાનએ ખુદા છે, એમાં કોઈ બીજાને જગા ન આપો. આ સાંભળીને તેમનો ત્યાં જ ઈન્તેકાલ થઈ ગયો. ....*(ક્રમશઃ)*

(આઠમો મસ્અલો)

# હાઝિરો નાઝિરનો અક઼ીદો

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**હદીષ–૪** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ લોકોને હઝરત ઝયદ, હઝરત જઅફર અને હઝરત ઈબ્ને રવાહાના શહીદ હોવાની ખબર જંગથી તેમની શહાદતની આવતા પહેલાં જ આપી દીધી. આપે ફર્માવ્યું, ઝયદે ઝંડો હાથમાં લીધો અને તે શહીદ થઈ ગયા. પછી જઅફરે લીધો અને તે પણ શહીદ થઈ ગયા. પછી ઈબ્ને રવાહાએ લીધો અને તે પણ શહીદ થઈ ગયા. આ ખબર આપતી વખતે આપની આંખોથી આંસુ વહી રહ્યાં હતાં. ત્યાં સુધી કે સૈફુલ્લાહ (ખાલિદ ઈબ્ને વલીદ)એ ઝંડો પકડી લીધો અને અલ્લાહે મુસલમાનોને ફતહ અતા કરી. *(સહીહ બુખારી, ૨/૬૧૧, કિતાબુલ મગાઝી, બાબ : ગઝવએ મૌતા મિન અર્દિશશામ, મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકાર ﷺ મદીના મુનવ્વરામાં રોકાયેલા હતા પણ જંગે મૌતામાં પેશ આવનાર મહત્વના બનાવોની ગયબી ખબરો એ રીતે આપી રહ્યા હતા જાણે કોઈ પોતાની હથેળીના નિશાનો જોઈને બતાવતો જાય.

આ હદીષ ખૂબ જ સ્પષ્ટપણે હુઝૂર સૈયદે આલમ ﷺના હાઝિર નાઝિર હોવાનો સબૂત પૂરો પાડે છે.

**(હદીષ નંબર : ૦૫)**

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે જંગે બદરના મોકા પર જ્યારે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ બદરના સ્થળે પહોંચ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ ફલાણાને કત્લ થઈને પડવાની જગા છે, અને પોતાનો હાથ જમીન રાખીને ફર્માવતા, અહીં તથા અહીં. (અહીં ફલાણો, અહીં ફલાણો, અહીં ફલાણો કત્લ થઈને પડશે) હદીષના રાવીનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથ વડે જે નિશાની દર્શાવી હતી એ જગાએથી કોઈ પણ હટીને આમ તેમ ન પડયો. *(સહીહ મુસ્લિમ, ૨/૧૦૨, કિતાબુલ જિહાદ વસ્સિયર, બાબ : ગઝવએ બદર, મજલિસે બરકાત)*

ઈમામ નવવી આ હદીષની શરહમાં ફર્માવે છે : ''આ હદીષમાં બે મોજિઝા છે જે નબુવ્વતની દલીલોમાંથી છે : પ્રથમ મોજિઝો એ કે નબી કરીમ ﷺએ મુશ્રિકોના જાલિમ સરદારોના કતલ થવાની જગા બતાવી આપી તો કોઈ એનાથી આમ તેમ ન પડયો.

એનાથી સાબિત થયું કે હુઝૂર ﷺ આવનારા જમાનામાં ઉપસ્થિત થનાર બનાવોને એવી રીતે જોઈ રહ્યા હતા જાણે આપ અયન બનાવની જગા પર મૌજૂદ હોય અને પોતાની નબુવ્વતવાળી આંખોથી જોઈ રહ્યા હોય. *(અલ મિન્હાજ શરહુસ્ સહીહ મુસ્લિમ બિન અલ હજ્જજ, ૨/૧૦૨, કિતાબુલ જિહાદ વસ્સિયર, બાબ : ગઝવએ બદર, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ રીતે આ હદીષ હાઝિર નાઝિરના અક઼ીદાની ઉઘાડી સાબિતી છે.

**(હદીષ નંબર : ૦૬)**

બેશક ! અલ્લાહે દુનિયાને મારી સામે કરી આપી તો હું તેને અને કયામત સુધી તેમાં જે કાંઈ થવાનુ છે સૌને એવું જોઈ રહ્યો છું જેવી રીતે મારી આ હથેળીને જોઈ રહ્યો છું. આ કાયનાતને જોવું એ

રોશનીના સબબે છે જે અલ્લાહે પોતાના નબીના માટે રોશન કરી જેવી રીતે મારાથી પહેલાંના અંબિયા માટે રોશન કરી હતી. صلی اللہ تعالیٰ علیہ وعلیہم اجمعین *(અલમોઅજમુલ કબીર લિલ ઈમામિત્તિબ્રાની, ૧૩/૩૧૯, મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર બિન ખત્તાબ, કાહિરા)*

આ હદીષે પાકથી સાબિત થયું કે : અલ્લાહ ﷻએ આ દુનિયા તથા કયામત સુધી જે કાંઈ એમાં થશે સૌને હુઝૂર ﷺની નજરો સમક્ષ કરી આપ્યું અને આપ પોતાના હાથની હથેળીની જેમ તમામ ماکان و یکون (ભૂત, વર્તમાન, ભાવિ)ને જુએ છે. તો આ હદીષથી એહલે સુન્નત વ જમાઅતના એ અકીદાનું રોશન સમર્થન થાય છે કે આપ ﷻની અતાથી "હાઝિરો નાઝિર" છે. અમે અહીં કેવળ નમૂના રૂપે અમુક હદીષોને રજૂ કરી છે, નહીં તો આ અકીદાની સાબિતીમાં ખૂબ જ અધિક પ્રમાણમાં નબવી હદીષો આવેલી છે. સહીહૈનમાં કયામતની નિશાનીઓના સંબંધે જે હદીષો તખરીજ કરવામાં આવી છે એનામાંની અધિકતર હદીષોથી આ અકીદાનો સબૂત મળે છે. "ઉલૂમે ગયબિયાની ચર્ચા"માં પણ આ પ્રકારની કેટલીક હદીષો છે જેનો અભ્યાસ કરવાથી વાંચકોને સારી રીતે અંદાઝો થશે.

## ★ ઈજમાએ ઉમ્મતની ગવાહી ★

કિતાબ તથા સુન્નતની આ જ તે સ્પષ્ટ દલીલો છે જેના આધારે મુસ્લિમ ઉમ્મતે હુઝૂર સૈયદે આલમ જનાબે રસૂલુલ્લાહ ﷺને બિલ્ઈજમાઅ "હાઝિરો નાઝિર"માની લીધા, અને ઉમ્મતનો ઈજમાઅ જાતે પોતે એક મુસ્તકિલ દલીલ છે. હા ! આ દલીલ કેવળ "ઈજમાઅ"ને માનનારાઓ માટે હુજ્જત બનશે.

મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہની શખ્સિયત અહલે સુન્નત તથા વહાબી ફિર્કા બંનેની નજીક મુસલ્લમ છે, તે પોતાના એક રિસાલા سلوکُ أقربِ السُّبلમાં આ ખુલાસો કરે છે :

**"ઉમ્મતના ઉલમાની દરમિયાન આટલા બધા મતભેદો અને ખૂબ જ અધિક પ્રમાણમાં મઝહબો હોવા છતાં આં મસ્અલામાં કોઈ એક શખ્સનો પણ કોઈ મામૂલી મતભેદ નથી કે આં હઝરત ﷺ મજાઝ વિના શંકા અને તાવીલના વહેમ વિના હકીકી જિંદગીની સાથે જીવંત (ઝિંદા) તથા સલામત છે, અને ઉમ્મતના અમલો પર હાઝિરો નાઝિર છે.** અને ખાસ કરીને હકીકતના તલબગારો અને આં હઝરત ﷺની તરફ ધ્યાનિત થનારાઓના માટે ફયઝ પહોંચાડનાર તથા મુરબ્બી છે." *(સુલૂકુ અકરબુસ્સુબુલ બિતવજ્જિહિ ઈલા સૈયદિર્રુસુલ ﷺ, બર હાશિયા કિતાબ અખ્બારુલ્ અખ્યાર ફી અસ્રારિ અબરાર, પેજ–૧૬૧, કુતુબખાના રહીમિયા–દેવબંદ)* –(સંપૂર્ણ)


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૫૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

ત્રીજી સદીના મુજદ્દિદ ૨

# હઝરત ઈમામ અબુલ આસ ઉમર બિન સુરૈજ શાફઈ رضی اللہ عنہ

(હિ.સ. ૨૪૦ થી ૩૦૬)

(કાર્યાલય)

**નામ મુબારક** : અહમદ બિન ઉમર બિન સુરૈજ. *(તારીખે બગદાદ, ૪/૨૮૭)* અમુક કિતાબોમાં ઉમર બિન અહમદ બિન શુરૈહ છે.

**કુન્નિયત** : અબુલ આસ. *(અલ કામિલ ફિત્તારીખ, ૮/૧૧૫)* મઅરૂફ બિહ "કાઝી શુરૈહ."

**વંશવેલો** : અહમદ બિન ઉમર બિન સુરૈજ બિન યૂનુસ બિન ઈબ્રાહીમ બિન હારિષ મરૂઝી. *(મિર્અતુલ જિનાન વ ઈબરતુલ યક્ઝાન ફી મઅરિફતિ મા યઅતબર મિન હવાદિષિલ ઝમાન, ૧/૫૦૮)*

**આપના દાદા** : હઝરત ઈમામ સાહબ કરામત સુરૈજ બિન યૂનુસ.

**વિલાદત** : હિ.સ. *(સિયરુલ અઅ્લામુન્નબ્લા, ૧૪/૨૦૧)*

**વફાત** : ૨૫ જમાદિયુલ અવ્વલ, હિ. ૩૦૬. *(તારીખે બગદાદ, ૪/૨૯૦)* અથવા ૩૦૫, *(અલ ફિરિશ્તલિ ઈબ્નિન્નદીમ, પેજ-૨૬૩)*

**જન્મ તથા વફાતનું સ્થળ** : બગદાદ શરીફ.

સરકાર ﷺના આલીશાન ફર્માન :-

إن الله تعالىٰ يبعث لهذه الأمة علىٰ رأس كل مائة سنة من يجدد لها أمر دينها

"યકીનન ! અલ્લાહ તઆલા દરેક સદીમાં આ ઉમ્મતના માટે એક એવો શખ્સ મબ્ઊષ ફર્માવશે જે ઈસ્લામ દીનની તજદીદ (જીવંત) કરશે." ના અનુસાર ફકીહુન્નફસ, ઈમામુલ અઈમ્મા, શાફઈ મઝહબના ઝંડાધારી, બદરે મશ્રિક, શયખુલ ઈસ્લામ, ફકીહુલ અ્રાકીન, સાહિબે તસાનિફે કષીરા વ ફઝાઈલે શહીરા, કાઝી અબુલ અબ્બાસ અહમદ બિન ઉમર બિન સુરૈજ શાફઈ બગદાદી, ત્રીજી સદી હિજરીના ચમકતા સૂરજ બનીને તજદીદના મન્સબ (સ્થાન) પર બિરાજમાન થયા. જ્યારે અબ્બાસી ખિલાફત અધોગતિ તથા પડતીની તરફ જઈ રહી હતી. અને ચારેવ મઝહબો સંપાદન તથા સંકલનની મંઝિલોએથી પસાર થઈ રહ્યા હતા. હદીષ, તફસીર, ફિક્હ, ઉસૂલે ફિક્હ, કલામ, તારીખ, અસ્માઉર્રિજાલ અને ભરચક ઈલ્મો વિદ્યાકલાઓની રંગબેરંગીઓથી એ યુગ ઈસ્લામી ઈતિહાસનું રોશન પ્રકરણ હતું. એનાથી ઉલ્ટુ ફિત્નએ ઝાહિરિયત, ફિત્નએ વઝએ હદીષ (હદીષ ઘડવાનો), ખારજી તથા અન્ય બિદઅતો તથા મના બાબતો એ યુગના કાળાં પાસાં હતાં.

કાઝી અબુલ અબ્બાસ બિન સુરૈજ (શુરૈહ) શાફઈ رحمۃ اللہ علیہએ પોતાની મુજદ્દિદિયતની શાનથી એક તરફ સુન્નતને જીવંત કરવાની અને હક્કને સાબિત કરવાની તથા ઈસ્લામની તબ્લીગ અને હુકમોના પ્રચારની અજોડ ખિદમતો અંજામ આપી, તો બીજી તરફ બાતિલને રદ કરવાનું, બિદઅત તથા મના બાબતોની રદ અને વિવિધ ફિત્નાઓને જડથી દૂર કરીને તજદીદના ગુલશનના ચમકતા ફૂલ બની ગયા.

સારાંશ એ છે કે કાઝી અબુલ અબ્બાસ બિન સુરૈજ શાફઈ رحمۃ اللہ علیہ ત્રીજી સદી હિજરીના મહાન મુજદ્દિદ છે. ત્રીજી સદીની મુજદ્દિદાના પ્રવૃત્તિઓમાં આપ અલાયદી ખાસિયતો ધરાવનાર છે. આપે એઅ્તેઝાલ તથા ઝાહિરિયત (બાતિલ ફિર્કાઓ)ની આંધીઓ સામે ઉભા રહીને હજારો મુસલમાનોને હિદાયતની રાહ બતાવી.

**તા'લીમો તર્બિયત** : કાઝી અબુલ અબ્બાસ

બિન સુરૈજ શાફઈ رحمۃ اللہ علیہ બગદાદમાં પેદા થયા. બગદાદ તથા અન્ય ઈલ્મી મર્કઝોના નામવર અને સમયના અજોડ ઉલમા, મશાઈખથી ફયઝ હાંસલ કર્યો, થોડાક વરસોમાં ઈલ્મી સલાહિયત તથા કાબેલિયતના આધારે આપ લોકોનું શરણ સ્થાન બની ગયા અને આપની ઈલ્મી ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાય ગઈ.

**ઉસ્તાદો તથા શયખો** : આમ તો કાઝી અબુલ અબ્બાસ બિન સુરૈજ શાફઈ رحمۃ اللہ علیہએ ખૂબ જ અધિક પ્રમાણમાં ઉલમા તથા મશાઈખથી શાગિર્દીનો શરફ પામ્યો છે, પરંતું નીચેના લખાણમાં અમુક ખાસ ઉસ્તાદોનાં નામો રજૂ કરીએ છીએ :

(૧) હઝરત ઈમામ હસન બિન મુહમ્મદ જઅફરાની رحمۃ اللہ علیہ જે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના ચહીતા શાગિર્દ છે. (૨) શયખુલ ઈસ્લામ હઝરત ઈમામ અલી બિન અશ્કાફ رحمۃ اللہ علیہ (૩) હઝરત ઈમામ અહમદ બિન મન્સૂર રમાદી رحمۃ اللہ علیہ (૪) અસાતિઝુલ અસાતિઝા ફકીહ અબ્બાસ બિન મુહમ્મદ દૂરી رحمۃ اللہ علیہ (૫) હઝરત અલ્લામા અબૂ યહ્યા મુહમ્મદ બિન સઈદ બિન ગાલિબ અલ અત્તાર رحمۃ اللہ علیہ (૬) હઝરત ફક઼ીહ અબ્બાસ બિન અબ્દુલ્લાહ અત્તાર કફી رحمۃ اللہ علیہ (૭) હઝરત ઈમામ અબૂ દાઊદ અલ સજિસ્તાની رحمۃ اللہ علیہ (૮) હઝરત ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ મલિક અદક઼ીક઼ી હસન બિન મકરમ رحمۃ اللہ علیہ (૯) હઝરત અશશયખ હમ્દાન અલી અલવરાક઼ رحمۃ اللہ علیہ (૧૦) હઝરત મુહમ્મદ બિન ઈમરાન અસ્સાઈગ અબૂ અયફ અલ બજૂરી رحمۃ اللہ علیہ.

તાલીમ સંપૂર્ણ કર્યા બાદ આપ ગુલશને તજદીદની રોનક બન્યા. તમામ ઉમર ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની તેહક઼ીક઼ાતના સમર્થન તથા તાકીદમાં પસાર કરી દીધી, જેથી આપને ફિક઼્હે શાફઈના કામયાબ વકીલ કહેવામાં આવી શકે છે.

*(સિયરુલ અઅલામિન્નબ્લા, ૧૪/૨૦૧)*

**ફઝ્લો કમાલ (આપની ખૂબીઓ)** : હઝરત કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ એકી સમયે અદીમુન્નઝીર મુહદ્દિષ અને આલી મર્તબત ફક઼ીહ હતા. આપની ફક઼ીહો તથા મુહદ્દિષોના આ'લા તબક઼ાઓમાં ગણના થાય છે. આપ કષીરુત્તસાનીફ હતા જેમાં હદીષ, ફિક઼્હ, ઉસૂલે ફિક઼્હ, તારીખ અને અસ્માઉર્રિજાલ પર બેહતરીન તેહક઼ીકો સામેલ છે. આપના ઈલ્મો ફિક્રના કમાલનો મહાન ઈમામો તથા મુહદ્દિષોએ સ્વીકાર કરેલો છે. કોઈ બુધ્ધિશાળી ન્યાયપ્રિય શક નથી કરતો કે કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ કુર્આન હદીષના અહકામના ઈસ્તિંબાત (કાઢવા)માં અષ્બત અને ફિક઼્હમાં તેના ગૈરથી અફક઼્હ (ઉચ્ચ કક્ષાવાળી) છે. અને રિવાયતમાં મુહિદ્દિષે કિરામના શરીક છે. وقد اثنیٰ علیہ السلف واخلف, સલફ (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ (પાછલા બુઝુર્ગો)એ એમની તારીફ કરી.

કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہ શાફઈઓના અગ્રગણ્ય તથા મુસલમાનોના ઈમામોમાંથી છે. એમને الباز الاشھب (તાકતવર બાઝ) અને ولی القضا بشیراز (મુલ્કે શીરાઝના વલી ક઼ઝા) કહેવામાં આવતા હતા. આપને સર્વ શાફઈ અસ્હાબ પર ફઝીલત હાંસલ છે, એટલે સુધી કે હઝરત ઈમામ અબૂ ઈબ્રાહીમ, ઈસ્માઈલ બિન યહ્યા અલ મુઝની رحمۃ اللہ علیہما પર પણ.

*(તબક઼ાતુલ ફુક઼્હા, પેજ–૧૦૯)*

હુસૈન બિન ફતહનું બયાન છે કે, "એકવાર બગદાદમાં ક઼ાઝીઓ, ફક઼ીહો તથા ઈમામોનો ઈજતેમાઅ થયો અને સૌ કોઈ ખાસ મક઼ામના ઈરાદાથી નીકળ્યા. સૌએ એકી ઝબાને કહ્યું, ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہ સૌથી મુક઼દ્દમ અને કાફલાના અમીર થશે, જો કે એમાં એવા પણ લોકો હતા જે એમના પિતાની ઉમરના હતા તો

અબુલ અબ્બાસ رحمۃ اللہ علیہએ કહ્યું, "હું એ શર્ત પર મુક઼દમ (આગળ) રહીશ કે આગળ હોઈશ તો ખામોશ રહીશ અને જો પાછળ હોઈશ તો નિગેહબાન રહીશ. *(તારીખે બગદાદ, ૪/૨૮૯)*

હસ્સાન બિન મુહમ્મદે કહ્યું : એક ઈલ્મવાળા શયખે ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہને કહ્યું, હે ક઼ાઝી ! આપને ખુશખબરી છે, કેમ કે વિના શંકાએ અલ્લાહ તઆલાએ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہને પ્રથમ સદીના મુજદ્દિદ બનાવીને મોકલ્યા તો તેમણે દરેક સુન્નતને આમ કરી અને સર્વ બિદઅતો તથા મુન્કિરાત (મના બાબતો)ને મિટાવી, અને બીજી સદીમાં અલ્લાહ તઆલાએ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને મોકલીને એહસાન કર્યું કે તેમણે સુન્નતોને જીવંત કરી અને બિદઅતો તથા મના બાબતોને નષ્ટ કરી. અને ત્રીજી સદીમાં આપને મોકલીને અલ્લાહ તઆલાએ અમારા પર એહસાન કર્યું ત્યાં સુધી કે આપે તમામ સુન્નતોને મજબૂત કરી અને સર્વ બિદઅતોને કમજોર કરીને નષ્ટ કરી.

મુહમ્મદ બિન હામિદ અસ્સખરીનું બયાન છે કે, મેં અબુલ અબ્બાસ બિન શુરૈહ رحمۃ اللہ علیہથી પૂછયું, તૌહીદ શું છે ? આપે ઈર્શાદ ફર્માવ્યો : ઈલ્મવાળા તથા મુસલમાનોની જમાઅતની તૌહીદ

أَشْهَدُ أَنْ لَّا إِلَٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيكَ لَهٗ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

અને અહલે બાતિલની તૌહીદ (એનાથી) મોં ફેરવવું અને શરીરોની પાછળ પડવું છે. અને નબી કરીમ ﷺ એનાથી રોકવા માટે મોકલવામાં આવ્યા હતા. *(ઝમુલ કલામ, ૪/૩૮૫)*

**અગ્રગણ્ય ઉલમાના પ્રતિભાવ :** કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہ ઈલ્મો ફઝ્લના એ કમાલના દરજા પર બિરાજમાન હતા કે જલીલલ ક઼દર ઉલમાએ કિરામ અને ઈસ્લામી જગતના ભવ્ય ફાઝિલો (સ્કોલર્સ)એ આપની શાનમાં પ્રશંસા કરી અને આપનો ઝિક્રે ખૈર (ભલાઈ સાથે યાદી) તેમની મજલિસોનો હિસ્સો રહ્યો.

જેમ કે અબૂ હામિદ અસ્ફરાઈનીનું બયાન છે : અમે ઉલમાએ કિરામ ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہની સાથે ફિક઼્હના ઝવાહિર (જાહેરી હાલત)માં ચાલીએ છીએ ન કે દક઼ાઈક઼ (મુશ્કેલ હાલત)માં *(તબકાતુલ ફુક઼હા, પેજ–૧૦૯)*

અબૂ હફસ મતૂઈનું બયાન છે : સર્વ સંમતિએ ફકીહોના તબક઼ાઓમાં ફક઼ીહોના સરદાર, ઈજમાઅ સાથે (સ્વીકૃત) મહાસિન (ખૂબીઓ) તથા કમાલોથી સૌથી અધિક સમૃધ્ધ, સદરે કબીર, શાફઈ સગીર, ઈમામે મુત્લક઼, એવા આગળ વધેલ જેના સુધી પહોંચી નથી શકાતુ. આપ જ બાબે નઝરના અવ્વલીન ફાતેહ અને તરીકે જદલના સૌ પ્રથમ મુઅલ્લિમ છે.

*(તબકાતુશ્શાફઈય્યતિલ કુબરા, ૩/૨૨)*

અબૂ આસિમ અલ અયાદીએ કહ્યું : કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ رحمۃ اللہ علیہ શાફઈ અસ્હાબના શયખ, ઈલ્મે મઆનીના માલિક, ઉસૂલો ફુરૂઅ તથા હિસાબમાં કામિલ પહોંચ ધરાવનારા હતા.

*(તબકાતુશ્શાફઈય્યતિલ કુબરા, ૩/૨૨)*

અદ્દિયા અલ ખતીબે કહ્યું : યક઼ીનન ! કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہ ફિક઼્હના ઈલ્મની સાથોસાથ ઈલ્મે કલામમાં પણ અસ્હાબે શાફઈમાં સૌથી અધિક બાકમાલ હતા.

*(તબકાતુશ્શાફઈય્યતિલ કુબરા, ૩/૨૨)*

**તજદીદી (મુજદ્દિદ તરીકેની) ખિદમતો :** કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہએ પોતાના સમયના ઝાહિરિયા, મોઅ્તઝલા તથા અન્ય ફિત્નાઓનો ખૂબ જ હિંમતપૂર્વક ખાત્મો કર્યો અને દીનો સુન્નિયતની તજદીદ તથા અહયાએ દીન (જીવંત કરવા)નું અઝીમુશ્શાન કારનામુ અંજામ આપ્યું. નીચેના લખાણમાં

અમુક તજદીદી કારનામાંઓ રજૂ કરીએ છીએ :–

**ઝાહિરિયા ફિત્નાની પુખ્તા રદ** : આપ رحمۃ اللہ علیہનું સૌથી જાહેર તજદીદી કારનામુ "ફિત્નએ ઝાહિરિયા"ની પુખ્તા રદ છે. ફિત્નએ ઝાહિરિયાના બાની (સ્થાપક) અબૂ દાઊદ ઝાહિરી અને તેના પુત્ર મુહમ્મદ બિન દાઊદ ઝાહિરી આપના સમકાલિન હતા. જ્યારે દાઊદ ઝાહિરીની બાતિલ માન્યતાઓ તથા અક઼ીદાઓ જોર પકડવા લાગ્યા તો આપે આપની શાને મુજદ્દિદિયતની દરેક રીતે આ ફિત્નાનો પીછો કર્યો. એ આપની મુજદ્દિદાના શાનદાર કોશિશોનું પરિણામ છે કે આજે દાઊદ ઝાહિરીના અનુયાયી પૃથ્વીના પટ પરથી અદશ્ય છે. નીચેના લખાણમાં અમુક મુનાઝરાઓ જે દાઊદ ઝાહિરી તથા મુહમ્મદ બિન દાઊદ ઝાહિરી સાથે આપે કર્યા હતા એના વિશે જોઈએ :

અબુલ હુસૈન અબ્દુલ્લાહ બિન અહમદ બિન મુહમ્મદ બિન મગાસ દાઊદીનું બયાન છે : "જ્યારે અબૂ બક્ર મુહમ્મદ બિન દાઊદ ઝાહિરી અને અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ, અબૂ ઉમર મુહમ્મદ બિન યૂસુફ બસરી માલિકીની મજલિસે ક઼ઝામાં આવતા તો એ બંનેનો બહષો મુબાહિબા સૌથી હસીન બહષો મુલાહિષા હોતો.

એક દિવસ અબૂબક્ર મુહમ્મદ બિન દાઊદ ઝાહિરીએ કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہને કહ્યું, મને થોડા સમયની મોહલત આપો. તો ઈમામ અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈએ કહ્યું, હું તને અત્યારથી ક઼યામત થતા સુધીની મોહલત આપુ છું. *(તબક઼ાતુલ ફુક઼હા, પેજ–૧૦૯)*

હિકાયત કરવામાં આવી છે કે એક દિવસ અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ અને મુહમ્મદ બિન દાઊદ ઝાહિરી એક સાથે ભેગા થયા તો ઈબ્ને દાઊદે દલીલ કાયમ કરી કે ઉમ્મે વલદ (તે લોંડી જેણે પોતાના માલિકથી પુત્રી કે પુત્ર જણ્યો હોય)ની બયઅ (વેચાણ) જાઈઝ છે કેમ કે આપણા લોકોનો ઈજમાઅ છે કે લોંડીને વેચવું જાઈઝ છે. તો જે એવો દાવો કરે કે આ હુકમ લોંડીના જન્મ આપવાથી બદલાય જશે, તો એના પર લાઝિમ છે કે દલીલ કાયમ કરે. તો કાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, અમારા લોકોનો ઈજમાઅ છે કે જ્યારે લોંડી સગર્ભા થઈ જાય તો વેચવામાં આવશે નહીં. તો જે એવો દાવો કરે છે વેચવામાં આવશે જ્યારે ગર્ભ ખત્મ થઈ જાય, તો એના માટે તેણે દલીલ પૂરી પાડવી જરૂરી છે. એના પર અબૂબક્ર મુહમ્મદ બિન દાઊદ હક્કા બક્કા થઈ ગયો. *(તબક઼ાતુશ્શાફઈય્યતિલ કુબરા, ૩/૨૨)*

**આપની કિતાબો** : ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہએ શાફઈ મઝહબની તલ્ખીસ તથા શરહ કરી. શાફઈ મઝહબના ઉસૂલ તથા ફુરૂઅને સંપાદન તથા સંકલનના મામલાઓએથી પસાર કર્યા તેમજ આખી જિંદગી ખુદ એના પર અમલ કરીને પણ દેખાડયો. આપે ખૂબ અતિ સંખ્યમાં કિતાબો લખી જેમાં હદીષ, તફસીર, ફિક઼હ, ઉસૂલે, કલામ અને તારીખ પર જબરદસ્ત તેહકિ઼ક઼ાત સામેલ છે. આપની "બાક઼િયાતે સાલિહાત" આપના ઈલ્મી તથા ફિક઼્હી કાબેલિયત તથા ફિક઼હી અનુભવ માટે દલીલ પૂરી પાડે છે. આપની કિતાબો પર નજર કરવાથી જાહેર થાય છે કે તમામ રિવાજ પામેલી ઈલ્મોમાં આપને મહારત હાંસલ હતી. ફિક઼હ તથા હદીષમાં ઈમામે બેઅદીલ અને ફાઝિલે બેમિષ્લ (અજોડ) હતા. આપની કિતાબો જમા તથા તેહક઼ીક઼ અને ખૂબ જ પ્રમાણમાં ફાયદાઓથી લબરેઝ છે. તેમજ એ કે અસ્હાબુર્રાય અને અહલે ઝવાહિરની રદમાં ખૂબ જ પ્રમાણમાં કિતાબો લખી, ત્યાં સુધી કે અબુલ હસન શીરાઝી કર્ઝીએ કહ્યું : ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈએ લગભગ ચારસો કિતાબો વિવિધ વિષયો પર લખી. *(તબકાતુલ ફુક઼હા, પેજ–૧૦૯)*

એમનામાંથી અમુક કિતાબો નીચે પ્રમાણે છે :

(૧) અલ અક્સામુ વલ ખિસાલુ ફી ફુરૂઈલ ફિક્હિશ્શાફઈ (૨) તઝહીફુન્ અલા મુખ્તસરિલ મુઝની (૩) જવાબુલ ક્શાની ફિલ અસ્ઈલતિ (૪) અત્તક્રીબુ બૈનલ મુઝનિય્યિ વશ્શાફઈ (૫) અર્રદ્દુ અલા ઈસબ્ન આબાન (૬) અર્રદ્દુ અલા મુહમ્મદ ઈબ્નલ હસન (૭) અલ અયનુ વદ્દૈન ફિલ્વસાયા (૮) અલ ગુન્યા ફિલ્ ફુરૂઅ (૯) અલ ફુરૂદુ ફિલ ફુરૂઅ (૧૦) મુખ્તસરુન્ ફિલ્ ફિક્હ (૧૧) અલ વદાઉ લિનુસૂસિશ્શએઅ. *(તબકાતુલ ફુક્હા, પેજ–૧૦૯)*

**વિસાલ પુર મલાલ :** વિસાલથી પહેલાં આપને એવા ખ્વાબ દેખાડવામાં આવ્યા અને આપની સાથે એવા બનાવો ઉપસ્થિત થયા જેનાથી સાફ જાહેર થાય છે કે આપનો ખાત્મો બિલ ખૈર થયો છે.

અબુલ હસન ઉષ્માન બિન સનદીનું બયાન છે કે ક઼ાઝી અબુલ અબ્બાસ બિન શુરૈહ શાફઈ رحمۃ اللہ علیہએ પોતાના મૃત્યુ વેળાની બીમારીમાં વર્ણવ્યું કે, ગઈ રાતે મેં એક ખ્વાબ જોયો કે એક કહેનાર કહી રહ્યો હતો કે આ પરવરદિગારે આલમ છે જે તમારી સાથે મુખાતબ છે. તો મેં એ કહેતાં સાંભળ્યું : (અર્થ) તમે પયગંબરોનો શો જવાબ આપ્યો ? તો મેં જવાબ આપ્યો, ઈમાન તથા તસ્કીદ (સમર્થન)થી. ફરી ઈર્શાદ થયો, તમે પયગંબરોનો શો જવાબ આપ્યો ? તો મારા દિલમાં એ વાત આવી કે જવાબમાં અધિકતાનો હેતુ છે. તો મેં જવાબ આપ્યો, ઈમાન તથા તસ્દીક઼ સાથે, અલ્બત્ત ! મેં આ ગુનાહોનો ઈર્તેકાબ કર્યો. તો ઈર્શાદ થયો, "જરૂર હું તમને બખ્શી આપીશ." *(તારીખે બગદાદ, ૪/૨૯૦)*

ઈલ્મો ફઝ્લનો આ આફતાબ તથા માહતાબ ૨૫ જમાદિયુલ અવ્વલ હિ.સ. ૩૦૬ કે હિ.સ. ૩૦૫ના ગુરૂબ થઈ ગયો અને ૫૭ વરસ અમુક મહીના ઉમર પામી. *(તારીખે બગદાદ, પેજ–૨૯૦)*

## રમઝાનમાં મુબારક હસ્તીઓની યાદમાં પ્રોગ્રામો

**દયાદરા :** ખાતે દર વરસની જેમ ચાલુ સાલે પણ રમઝાન મુબારકમાં વિસાલ પામનાર મુબારક હસ્તીઓની યાદમાં નીચે મુજબ પ્રોગ્રામો થયા : ૩–રમઝાન શરીફના રોજ અસર બાદ ખાતૂને જન્નત, રસૂલે પાક ﷺનાં લખ્તે જિગર હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની યાદમાં અસર બાદ મેહફિલે દુરૂદ, ખત્મે યાસીન શરીફ પછી મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) એ આપની શાનમાં શાનદાર બયાન કર્યું. એ જ રીતે ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہاની યાદમાં તેમના વિસાલના દિવસે ૧૦ રમઝાન શરીફ અસર બાદ શાનદાર પ્રોગ્રામ થયો. એ જ પ્રમાણે ૧૭–રમઝાન જંગે બદરના શહીદ સહાબા તથા વિસાલે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاનો દિવસ હોય એમની શાનમાં બયાનો થયાં. ૨૦–રમઝાન ફતહે મક્કા પર અને ૨૧–રમઝાન અમીરુલ મો'મિનીન, ખલીફાએ ચહારૂમ હઝરત મૌલા અલી رضی اللہ عنہની શાનમાં, આપના કમાલો પર બયાનો થયાં બાદમાં નિયાઝ તકસીમ કરવામાં આવી હતી.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા :** ખાતે અમણબેન સુલેમાન લશ્કરીનો તા. ૨૨–૨–૨૦૨૫, મુ. ચાંદ ૨૩, શાબાન, હિ. ૧૪૪૬, શનિવારના રોજ ઈન્તેક઼ાલ થયો તેમજ તા. ૫–૩–૨૦૨૫ મુ. ચાંદ ૪, રમઝાનુલ હિ. ૧૪૪૬, બુધવારના રોજ હજીયાણી અમીનાબેન ઈસ્માઈલ માટલીનો ઈન્તેક઼ાલ થયો છે. રાત્રે તરાવીહ બાદ મુખ્તારુલ મસાજિદ પાસે પાદરમાં નમાઝે જનાઝા બાદ દફનવિધિ થઈ. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે.* (આમીન)

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ-દયાદરા**

## ★ દરેક નેઅમતના બારામાં સવાલ થશે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. આપ ફર્માવે છે : એક દિવસ અથવા રાતે હુઝૂર ﷺ ઘરેથી નીકળ્યા તો જોયું કે હઝરત સૈયદના અબૂબક્ર તથા હઝરત સૈયદના ઉમર رضی اللہ عنہما પણ બહાર ઉભેલા છે. આપ ﷺએ પૂછયું, તમને અત્યારે કઈ ચીજ ઘરોએથી બહાર લઈ આવી ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ભૂખ. તો આપ ﷺએ ફર્માવ્યું, એ જાતની કસમ ! જેના કુદરતના કબજામાં મારી જાન છે ! હું પણ એ જ ચીજના સબબે ઘરેથી નીકળેલો છું જેણે તમને ઘરથી બહાર કાઢયા. થોભો ! તો તેઓ બંને આપ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءની પાસે રોકાય ગયા. પછી આપ ﷺ એક અન્સારીના ઘરે તશરીફ લઈ ગયા પરંતુ તે ઘરમાં હાજર ન હતા. જયારે તે અન્સારીની પત્નીએ જોયું તો ખુશીથી કહેવા લાગી, મરહબા ! ભલે પધારો ! આપ ﷺએ એ અન્સારીના બારામાં પૂછયું, એ કયાં છે ? અર્ઝ કરી, એ અમારા માટે મીઠુ પાણી લેવા ગયા છે.

જયારે તે અન્સારી પરત થયા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام અને આપના બંને સાહબોને જોઈને કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! આજે મારા મહેમાનોથી વધી મોઅઝ્ઝઝ્ મહેમાન કોઈના નથી. પછી તે જઈને તેમના માટે ખજૂરનો એ લૂમ લઈ આવ્યા જેમાં અડધી પાકેલી ખજૂરો, ખારેકો અને તાજી ખજૂરો હતી. તેમણે અર્ઝ કરી આપ આને ખાવ. અને ખુદ છરી પકડી તો આક઼ાએ દો જહાં ﷺએ તેમને ફર્માવ્યું, દૂધ આપતી બકરી ઝબહ ન કરશો. પછી તેમણે તેમના માટે બકરી ઝબહ કરી. સૌએ એ બકરીનો ગોશ્ત ખાધો, ખજૂરો ખાધી અને પાણી પીધું. જયારે સૌએ ધરાઈને ખાય પી લીધું તો હુઝૂર નબી કરીમ ﷺએ હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماને ફર્માવ્યું, એ જાતની ક઼સમ જેની કુદરતની કબજા હેઠળ મારી જાન છે ! ક઼યામતના દિવસે તમને એ નેઅમતોના બારામાં જરૂર પૂછવામાં આવશે. તમને ભૂખે ઘરેથી કાઢયા પછી પરત થતા પહેલાં તમને આ નેઅમતો મળી ગઈ.

*(સહીહ મુસ્લિમ, અશ્રબા, બાબુ જવાઝે ઈસ્તિત્બા)*

## તંગદસ્તી તથા મોહતાજીના સબબો

### ★ પ્રથમ સબબ : બુરા અમલો અને અલ્લાહની નાફર્માની ★

અલ્લાહ તઆલાએ કુર્આન હકીમમાં ફર્માવ્યું :

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَ الْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِي النَّاسِ
لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِيْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ۝٤١

"ચમકી ખરાબી ખુશ્કી તથા તરીમાં (સૂકા તથા લીલામાં) એ બુરાઈઓથી જે લોકોના હાથોએ કમાયી. જેથી તેમને તેમના અમુક કર્મોનો સ્વાદ ચખાડે કે ક્યાંક તેઓ રોકાય." *(સૂરએ રૂમ, આ. ૪૧, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે માણસોને એ વાત બતાવી આપી છે કે દુનિયામાં વરસાદનો અભાવ, દુકાળ, પાણીનું પુર, ધરતીકંપ, તોફાન, આંત્રિક બાહય ઝઘડા અને લડાઈઓ, આર્થિક તથા અખ્લાક઼ી બદ્હાલીની કોઈ પણ સ્થિતિ હોય એ સૌ ઈન્સાનના પોતાના અમલોનું જ પરિણામ છે, અને આ સર્વ મુસીબતો તથા આજમાઈશો માણસ પર

એટલા માટે આવે છે કે માણસ તેનાથી બોધ ગ્રહણ કરે અને તેને પોતાની સુધારણાનો ઝરીયો બનાવીને પોતાની હાલતોમાં સુધારો પેદા કરે.

### ★ બીજો સબબ : તોલ માપમાં કમી ★

એ જ પ્રમાણે જે કૌમ એક ખુદાની ઈબાદત છોડીને મૂર્તિઓ વગેરેને પૂજવા લાગે અને માપ તોલમાં વધ ઘટ કરવાનું શરૂ કરી આપે તો એવી કૌમ પણ ખૂબ જ જલ્દી દુનિયાથી નષ્ટ થઈ જતી હોય છે.

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ ۙ الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ يَسْتَوْفُوْنَ ۖ وَاِذَا كَالُوْهُمْ اَوْ وَّزَنُوْهُمْ يُخْسِرُوْنَ ۗ

''ઓછુ તોલનારાઓની ખરાબી છે, તે કે જ્યારે અન્યોથી માપ લે તો પૂરું લે અને તેમને જ્યારે તોલ માપ કરી દે તો ઓછુ કરો. *(અલ મુતફ્ફિફીન, આ. ૧ થી ૩, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલે અક્દસ નબીયે અકરમ ﷺ એ ફર્માવ્યું : ''જે લોકો માપ તોલમાં વધઘટ કરશે તો અલ્લાહ તઆલા તેમની પેદાવાર ઓછી કરી આપશે અને તેમના પર દુકાળ લાગુ કરી આપશે.''

*(અત્તરગીબ વત્તરહીબ)*

આજે આપણે જો આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો અસંખ્ય વેપારીઓ એવા મળશે જેઓ આ ધૃણાસ્પદ જુર્મને પોતાના દિમાગની ચાલાકી તથા હોશિયારી સમજે છે, જ્યારે કે અલ્લાહ તઆલાએ પોતાની કૌમના માટે દુનિયામાં દુકાળ અને આખેરતમાં અઝાબે અલીમ (દુઃખદાયક અઝાબ)ની ચેતવણી આપી છે.

### ★ ત્રીજો સબબ : માલની ઝકાત અદા ન કરવું ★

જ્યારે સમાજમાં લોકો પોતાના માલ દૌલતથી સદકા, ઉશ્ર તથા ઝકાત આપવાથી પાછી પાની કરવા લાગે તો અલ્લાહ તઆલા તેમની પેદાવાર ખત્મ કરીને દુકાળ ભેગા કરી આપે છે.

સૂરએ કલમમાં અલ્લાહ તઆલાએ બાગવાળાઓનો કિસ્સો વર્ણવતાં ફર્માવ્યું :–

اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَاۤ اَصْحٰبَ الْجَنَّةِ ۚ اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ ۙ وَ لَا يَسْتَثْنُوْنَ ۝ فَطَافَ عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ وَ هُمْ نَآئِمُوْنَ ۝ فَاَصْبَحَتْ كَالصَّرِيْمِ ۙ

''બેશક ! અમે તેમને પરખ્યા જેવા એ બાગવાળાઓને પરખ્યા હતા. જ્યારે તેમણે કસમ ખાધી કે જરૂર સવાર થતાં અમે ખેતર કાપી લઈશું અને ઈન્શાઅલ્લાહ ! ન કહ્યું તો એના પર તારા રબના તરફથી એક ફેરી કરનારો ફેરો કરી ગયો અને તેઓ સૂતા હતા. તો સવારે રહી ગયા જાણે ફળ તૂટેલા.

*(સૂરએ નૂન, આ. ૧૭ થી ૨૦, કન્ઝુલ ઈમાન)*

હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺ એ ફર્માવ્યું : ''જે કૌમ વાયદાનું પાલન નહીં કરે તેમની વચ્ચે કાપા કાપી શરૂ થઈ જશે, અને જે કૌમમાં ઝિનાકારી આમ થઈ જશે એમના પર અલ્લાહ તઆલા મૌત લાગુ કરી આપશે, અને જે કૌમ ઝકાત રોકી લેશે, અલ્લાહ તઆલા તેનાથી બારાને રહ્મત (વર્ષા) રોકી લેશે. *(શોઅબુલ ઈમાન, કિતાબુઝ્ ઝકાત બાબુત્તશ્દીદ અલા મનઉઝ્ઝકાત)*

રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَ الَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَ الْفِضَّةَ وَ لَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۙ يَّوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَ جُنُوْبُهُمْ وَ ظُهُوْرُهُمْ ؕ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ۝

''અને જે લોકો સોના તથા ચાંદીનો ખજાનો ધરાવે છે અને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા તેમને

દર્દનાક અઝાબની બશારત આપી દો. જે દિવસે એ ખજાનાને દોઝખની આગમાં ગરમ કરવામાં આવશે પછી એનાથી એમની પેશાનીઓ, પાસાંઓ અને પીઠોને ડામ આપવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ છે જેને તમે પોતાના માટે ખજાનો બનાવીને રાખ્યું હતું, તમારા ખજાનાની મજા ચાખો.

*(સૂરએ તૌબા, ૯/૩૪,૩૫)*

સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝકાતના બાબ ઈષ્મ માનિઉઝ્ઝકાતમાં હદીષ છે કે : ''જે શખ્સ પોતાના માલથી ઝકાત નથી આપતો કયામતવાળા દિવસે તેના માલને આગની તખ્તીઓ બનાવીને તેનાં બંને પાસાં, પેશાની અને કમરને ડામ દેવામાં આવશે. એ દિવસ પચાસ હજાર વરસનો હશે અને લોકોનો ફૈસલો થતા સુધી તેનો એ જ હાલ રહેશે. ત્યાર બાદ તેને જન્નત કે જહન્નમમાં લઈ જવામાં આવશે.''

એટલા માટે દુનિયામાં દુકાળ અને વરસાદનો અભાવ અન્ય અઝાબોથી બચવા અને આખેરતમાં દોઝખની આગથી મહેફૂઝ રહેવા માટે પોતાના માલ દૌલતથી ઝકાત, ઉશ્ર અને સદકા તથા ખૈરાત કાઢવી જરૂરી છે.

## ★ ચોથો સબબ : અંબિયાએ કિરામને જૂઠલાવવું ★

જે કૌમ અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَامُની પાકીઝા તા'લીમાત પર અમલ કરતા થવાને બદલે તેમને જૂઠલાવી દેવાનું શરૂ કરી આપે તો એવી કૌમ પર પણ અલ્લાહ તઆલા દુકાળ લાગુ કરી દે છે.

તફસીરની કિતાબોમાં છે કે જ્યારે કૌમે હઝરત હૂદ علیہ السلامની તા'લીમાત પર અમલ કર્તા થવાને બદલે તેમને જૂઠલાવી આપ્યા તો અલ્લાહ તઆલાએ તે કૌમ પર દુકાળ નાખી દીધો અને તેમના પર તોફાનનો અઝાબ મોકલીને તેમને નેસ્તો નાબૂદ કરી દીધા :-

فَلَمَّا رَاَوۡهُ عَارِضًا مُّسۡتَقۡبِلَ اَوۡدِيَتِهِمۡ ۙ قَالُوۡا هٰذَا عَارِضٌ مُّمۡطِرُنَا ؕ بَلۡ هُوَ مَا اسۡتَعۡجَلۡتُمۡ بِهٖ ؕ رِيۡحٌ فِيۡهَا عَذَابٌ اَلِيۡمٌ ﴿۲۴﴾ تُدَمِّرُ كُلَّ شَىۡءٍۢ بِاَمۡرِ رَبِّهَا فَاَصۡبَحُوۡا لَا يُرٰٓى اِلَّا مَسٰكِنُهُمۡ ؕ كَذٰلِكَ نَجۡزِى الۡقَوۡمَ الۡمُجۡرِمِيۡنَ ﴿۲۵﴾

''જ્યારે તેઓ દૂરથી વાદળ આવતુ જોતા તો કહેતા કે આ વાદળ અમારા પર વરસાદ વરસાવનાર છે. અસલમાં આ વાદળ તે જ ચીજ છે જેની તમે જલ્દી કરી રહ્યા હતા. એમાં એવી હવા છે જેમાં ઘણો દર્દનાક અઝાબ છે જે પોતાના રબના હુકમથી દરેક ચીજને બર્બાદ કરી રહેલ છે. અને તેઓને એવા ખત્મ કરી દેવામાં આવ્યા કે તેમનાં મકાનોના સિવાય કોઈ ચીજ જોવા મળતી ન હતી. મુજરિમોની કૌમને અમે એવો જ બદલો આપ્યા કરીએ છીએ.''

*(સૂરએ અહકાફ, ૪૬/૨૪, ૨૫)*

## પાંચમો સબબ : ઝિનાકારી અને અશ્લિલતાનું આમ હોવું

જે સમાજમાં બેહયાઈ, ફહહાશી (અશ્લિલતા) અને નગ્નતા, બદ્કારી અને ઝિનાકારી આમ (સામાન્ય) થઈ જાય તે સમાજ પણ અલ્લાહના અઝાબનું નિશાન બની જાય છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે : ''જે કૌમમાં ઝિનાકારી અને વ્યાજખોરી આમ થઈ જાય તે પોતાના માટે અલ્લાહના અઝાબને હલાલ કરી લે છે.

## ★ છઠ્ઠો સબબ : અલ્લાહની નાશુક્રી ★

જ્યારે કોઈ કૌમ અલ્લાહ તઆલાની અતા કરેલ નેઅમતો પર શુક્ર કરવાના બદલે ઘમંડ તથા અભિમાન કરવાનું શરૂ કરી આપે અને આખેરતને ભૂલી જાય તો એવી કૌમના માલ તથા દોલતને અલ્લાહ તઆલા તબાહ તથા બર્બાદ કરીને અઝાબથી

તેનો ભેટો કરાવી દે છે અને મુફલિસી મોહતાજી તેમનું મુકદ્દર બની જાય છે.

સૂરએ કહફમાં વિગતવાર અલ્લાહ તઆલાએ બે માણસોનો બનાવ વર્ણન કર્યો છે :–

તર્જુમો : "અને એમની સામે બે પુરૂષોનો હાલ વર્ણન કરો કે એમાંના એકને અમે દ્રાક્ષના બે બાગ આપ્યા અને તેમને ખજૂરોથી ઢાંકી લીધા અને તેમની વચ્ચે વચ્ચે ખેતી રાખી. બંને બાગ પોતાનાં ફળ લાવ્યા અને એમાં કાંઈ કમી ન આપી. બંનેની વચ્ચે અમે નહેર વહાવી, અને ફળ રાખતો હતો તો પોતાના સાથીને બોલ્યો અને તે એનાથી અદલા બદલી કરતો હતો, હું તારા કરતાં માલમાં અધિક છું અને માણસોનું અધિક જોર ધરાવું છું. પોતાના બાગમાં ગયો અને પોતાની જાન પર જુલ્મ કરતાં બોલ્યો, મને ગુમાન નથી કે આ કદી ફના થાય અને હું ગુમાન નથી કરતો કે કયામત કાયમ થાય અને જો હું મારા રબની તરફ ફરીને પણ તો જરૂર આ બાગથી બેહતર પલટવાની જગા પામુ. તેના સાથીએ તેનાથી ઉલટફેર કરતાં જવાબ આપ્યો, શું તું એની સાથે કુફ્ર કરે છે ? જેણે તને માટીથી બનાવ્યો પછી શુદ્ધ પાણીના ટીપાથી, પછી તને બરાબર પુરૂષ બનાવ્યો, પરંતું હું તો એ જ કહું છું કે તે અલ્લાહ જ મારો રબ છે અને હું કોઈને મારા રબનો શરીક નથી કરતો. અને કેમ ન થયું જ્યારે તું તારા બાગમાં ગયો તો કહ્યું હોત, જે ચાહે અલ્લાહ અમને કાંઈ જોર નથી પણ અલ્લાહની મદદનું. જો તું મને તારા કરતાં માલ તથા ઔલાદમાં ઓછો જોતો હતો તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારું આપે અને તારા બાગ પર આસ્માનથી વીજળીઓ ઉતારે તો તે નષ્ટ થઈને મેદાન બનીને રહી જાય. અથવા એનું પાણી જમીનમાં ધસી જાય, પછી તું તેને કદાપિ તલાશ ન કરી શકે, અને એનાં ફળ ઘેરી લેવામાં આવ્યાં તો, તું તારા હાથ ઘસતો રહી ગયો એ લાગત પર જે આ બાગમાં ખર્ચ કરી હતી. અને પોતાની પર પડેલો હતો અને કહી રહ્યો છે, હે કાશ ! મેં મારા રબનો કોઈને શરીક ન કર્યો હોત. અને તેની પાસે કોઈ જમાઅત ન હતી કે અલ્લાહની સામે તેની મદદ કરતી ન તે બદલો લેવાને પાત્ર હતો. અહીં ખુલે છે કે અખત્યાર સાચા અલ્લાહનો છે, તેનો સવાબ સૌથી બેહતર અને તેને માનવાનો અંજામ સૌથી ભલો.

*(સૂરએ કહફ, કન્ઝુલ ઈમાન)*

કુર્આનના વર્ણવેલ આ બનાવથી નીચે જણાવેલ ચાર વાતો જાણવા મળે છે :–

**(૧)** દુનિયાવી નેઅમતો બે ઘડી ધૂપ અને ચાર દિવસની ચાંદની છે. અસ્થાયી તથા નાશવંત છે. તો બુદ્ધિમાન તે છે જે એમના પર ઘમંડ ન કરે અને એમના આધાર પર અલ્લાહની નાફર્માની માટે તૈયાર ન થઈ જાય, અને ઈતિહાસનાં તે પૃષ્ઠો હમેશાં નજર સમક્ષ રાખે જેમની આગોશમાં ફિરઓન, નમરૂદ, ષમૂદ તથા આદની કાહિરાના શક્તિઓનો અંજામ આ જ સુધી મહેફૂઝ છે.

**(૨)** હકીકી તથા કાયમી ઈજ્જત, ઈમાન તથા અમલે સાલેહથી મયસ્સર થાય છે, માલ દોલત અને દુનિયાવી જાહોજલાલીથી હાંસલ નથી થતી. મક્કાના કુરૈશને માલ દૌલત, સત્તા તથા દબદબો હાંસલ હતી પણ બદરના મેદાનમાં તેમના બુરા અંજામ અને દીનો દુનિયાની બેઈજ્જતીને કોઈ રોકી ન શક્યું, જ્યારે મુસલમાન દરેક પ્રકારના એશના સામાનથી મેહરૂમ હતા, પણ અલ્લાહ પર ઈમાન અને નેક અમલોએ જ્યારે તેમને દીની દુનિયાવી ઈજ્જત તથા વર્ચસ્વ અતા કર્યું તો એમાં કોઈ આડ ન બની શક્યું.

**(૩)** મો'મિનની શાન એ છે કે જો તેને અલ્લાહ તઆલાએ દુનિયાની નેઅમતોથી નવાઝયો છે તો ગુરૂર તથા ઘમંડને બદલે બારગાહે હક્કમાં નિયાઝમંદીની પેશાની ઝુકાવીને નેઅમતોનો સ્વીકાર

કરે અને દિલ તથા ઝબાન બંનેવ વડે ઈક઼રાર કરે કે ખુદાયા ! જો તું આ અતા ન કરત તો એને મેળવવું મારી શક્તિ બહારનું હતું. આ સૌ તારી જ અતા તથા એહસાનનો સદક઼ો છે.

**(૪)** સઈદ (નેક બખ્ત) તે છે જે અંજામથી પહેલાં અંજામની હક઼ીક઼તને વિચારી લે અને છેવટે હમેશાંની સઆદત (નેકબખ્તી) પામે. અને શક્કી (બદ્‌બખ્ત) તે છે જે પરિણામ પર વિચારણા કર્યા વિના ઘમંડ તથા અભિમાન પ્રદર્શિત કરે અને બુરો અંજામ જોયા બાદ શર્મિંદગી તથા અફસોસ પ્રદર્શિત કરે. અને એ વખતે આ શર્મિંદગી તથા અફસોસ તેને કાંઈ કામ આવશે નહીં.

## ★ સાતમો સબબ : સંગ્રહખોરી કરવી ★

હઝરત સૈયદના ઉમર ફારૂક઼ رضی اللہ عنہ એકવાર પોતાની ખિલાફતના જમાનામાં અનાજની મંડીમાં ગયા અને જઈને અનાજના ઢગલાઓનું નિરીક્ષણ કરવા લાગ્યા. એક જગાએ આપે ખૂબ જ ઉમદા અનાજ જોયું અને ફર્માવ્યું કે અલ્લાહ આ અનાજમાં બરકત અતા કરે અને એને લાવનારા પર પણ રહમો કરમ ફર્માવે. આપને બતાવવામાં આવ્યું કે આ અનાજના માલિકોએ એનો સ્ટોક (સંગ્રહ) કરેલો છે. આપે પૂછયું કે તે કોણ છે જેમણે ઉમ્મતની જરૂરતના સમયે આ અનાજનો સંગ્રહ કરી રાખ્યો છે ? આપને જણાવવામાં આવ્યું કે ફલાણા ફલાણા માણસ છે. આપે તેમને તલબ કરીને ફર્માવ્યું, કે મેં રસૂલે કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء થી સાંભળ્યું છે કે **જે માણસ મુસ્લિમ ઉમ્મતની જરૂરતના સમયે અનાજની સંગ્રહખોરી કરશે અલ્લાહ તઆલા તેને કોઢની બીમારીમાં સપડાવી દેશે, અથવા તેને ગરીબી તથા મુફલિસીમાં સપડાવી દેશે.**

એ બે માણસોમાંથી એકે ત્યાં ઉભા રહીને જ અલ્લાહની હુઝૂર તૌબા કરી લીધી અને ભાવિમાં સંગ્રહખોરી ન કરવાનો અલ્લાહથી વાયદો કરી લીધો, પરંતુ બીજા માણસે કહ્યું કે આ અમારુ અનાજ છે તેને અમે જ્યારે ચાહીયે અને જે રીતે ચાહીયે ખર્ચ કરીએ, કોઈને શું વાંધો ? જેથી અલ્લાહ તઆલાએ તે માણસને કોઢની બીમારીમાં સપડાવી દીધો અને તે એ જ હાલતમાં મરી ગયો. *(મુસ્નદે અહમદ, મુસ્નદે ઉમર બિન ખત્તાબ, પેજ-૧૩૦)*

આ સબબો ઉપરાંત અમ્ર બિલ મઅરૂફ (સારી વાતોનો હુકમ આપવો)થી મુખ ફેરવવું અને નહી અનિલ મુન્કર (બુરી વાતોથી રોકવું) ત્યજી દેવું, સગા સંબંધીઓથી સંબંધ કાપવા વગેરે પણ એવા સબબોમાંથી છે જેનાથી રોજીમાં તંગી આવે છે અને એક ખુશહાલ, મોહતાજ તથા પરેશાન થઈ જાય છે.

વ્યાજમય કારોબાર, સંગ્રહખોરી, આવકના હરામ ઝરીયા, ધોકાબાજી, લાંચ ખાવી અને કરપ્શનથી દૂર થવું જોઈએ. બદ્‌કારીથી પણ પોતે પોતાને બચાવવું જોઈએ વાયદાની પાબંદી અને સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનો ફરીઝો પૂરી ક઼ૌમે અદા કરવો જોઈએ. નગ્નતા તથા અશ્લિલતાની રોકથામના માટે સામૂહિક કોશિશ અમલમાં મૂકવી જોઈએ. જુલ્મ તથા જબ્રથી બચવું જોઈએ અને સગાંઓથી સદ્‌વર્તાવ તથા હુસ્ને સુલૂક કરવો જોઈએ. માપ તોલમાં વધઘટને બદલે સંપૂર્ણ લેવું તથા આપવું જોઈએ. આ વાતો પર અમલકર્તા થવાથી અલ્લાહ રાજી થઈ જશે, અને સમાજ અમ્નો સુકૂનથી ભરપુર થઈ જશે. અને રહ્‌મતે ખુદાવંદી જોશમાં આવશે. વર્ષાનો નુઝૂલ શરૂ થઈ જશે અને ખેતીઓમાં હરિયાળી આવશે અને વતને અઝીઝ પ્રગતિના પંથે આગળ વધતુ રહેશે. ઈન્શાઅલ્લાહ !

*...(ક્રમશઃ)*

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક્બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૫)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ "કશ્ફુલ મહજૂબ" નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ તરીકૃતવાળાઓની નજીક માલદારીનો મતલબ ★

તરીકૃતના મશાઈખ જે ગના (માલદારી)ને ફક્ર (ગરીબી) પર અફઝલ કહે છે એનાથી આમ લોકોની તવંગરી મુરાદ નથી, કેમ કે અવામ તો તેને ગની તથા માલદાર કહે છે જેને દુનિયાથી નેઅમતો હાંસલ હોય. પરંતુ મશાઈખનો માલદારીથી મુરાદ મુન્ઈમ એટલે "નેઅમતો આપનાર ખુદાએ કુદુસને પામવું" છે. વિસાલે ઈલાહી હાંસલ થવું ઔર ચીજ છે અને ગફલતને પામવુ અલગ ચીજ છે.

શયખ અબૂ સઈદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "ફકીરી એ જ છે જે અલ્લાહની સાથે ગની હોય" એનાથી મુરાદ અબદી (હમેશાં)નો કશ્ફ છે જેને આપણે હક્કનો મુશાહેદો (દીદાર) કહીએ છીએ. મુકાશફામાં હિજાબ હોવું શક્ય છે. જો એવા મુકાશફા (કશ્ફ)વાળાને મહબૂબ ગણીએ તો તે મુશાહેદાઓનો મોહતાજ થશે કે નહીં ? જો એવું કહું કે મોહતાજ ન થશે તો એ અશક્ય છે અને જો કહું કે મોહતાજ થશે, તો જ્યારે જરૂરત પેદા થઈ ગઈ તો માલદારી (ગના)નું નામ જતુ રહ્યું.

તેમજ ગના બિલ્લાહ એ જ શખ્સને કહેવામાં આવે જે કાઈમુસ્સિફાત અને ષાબિતુલ મુરાદ હોય, ઈકામતે મુરાદ અને અષ્બાતે સિફાતની સાથે ગના સહીહ નથી થઈ શક્તો. એટલા માટે કે બશરિયતની જાત (માનવ) ખુદ ગના લાયક નથી. اَلْغَنِیُّ مَنْ اَغْنَاہُ اللّٰہ "ગની તે જેને અલ્લાહ ગની કરે"માં ગની બિલ્લાહ કર્તા છે અને اَغْنَاہُ اللّٰہ મફઊલ છે. કેમ કે ફાઈલ (કર્તા) પોતે કાયમ થાય છે અને મફઊલનો કયામ ફાઈલના થકી થાય છે. પરિણામ એ નીકળ્યું કે ખુદ ઈકામત બશરિયતનો વસ્ફ છે અને ઈકામત બિલ્લાહ ફનાએ સિફત છે.

પરંતુ હું અલી ઈબ્ને ઉષ્માન જલાબી (સૈયદના દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ) કહું છું કે જ્યારે બંદગીની હાલતમાં એ દુરુસ્ત છે કે બકાએ સિફતે બશરિયત પર ગનાએ હકીકી નથી લાગુ થઈ શક્તુ, કેમ કે બકા એ સિફતે મહલ્લે ઈલ્લત અને મુજીબે આફત છે. કેમ કે ઉપરોક્ત દલીલોથી સાબિત થઈ ચૂક્યું છે કે પોતાની સિફતની ફનાથી ગના બાકી નથી રહેતો. એટલા માટે કે જે ચીજ જાતે પોતે બાકી ન રહે એનુ નામ નથી હોતુ. જેથી સિફતની ફનાનું નામ ગના રાખવું જોઈએ અને જ્યારે કે ખુદ સિફત જ ફાની છે તો નામનું સ્થાન જ ન રહ્યું. એવા શખ્સ માટે ન ફકીર નામ બોલી શકાય છે અને ગના (માલદાર)નું નામ. જેથી ગના સિફત અલ્લાહ عزوجل تعالیٰ સિવાય કોઈના માટે જાઈઝ નથી અને ફક્ર સિફત બંદાના માટે ખાસ છે.

વળી એ કે તરીકતના સર્વ મશાઈખ અને મોટાભાગની અવામને ગના (માલદારી)થી અફઝલ માને છે, કેમ કે કુર્આન તથા સુન્નત એની ફઝીલત પર બોલતો સાક્ષી છે અને અને મુસ્લિમ ઉમ્મતની બહુમતીનો એના પર ઈજમાઅ છે.

**હિકાયત** : એક દિવસ હઝરત જુનેદ બગદાદી તથા અબૂ અતા رحمۃ اللہ علیہما ની વચ્ચે આ મસ્અલામાં ચર્ચા ચાલી. હઝરત ઈબ્ને અતાએ ફર્માવ્યું કે માલદારો અફઝલ છે કેમ કે કયામતના દિવસે નેઅમતોનો હિસાબ લેવામાં આવશે અને હિસાબ આપવા માટે વાસ્તા વિના રબના કલામને સાંભળવું પડશે. કેમ કે મહલ્લે એતાબ (ગઝબનું સ્થળ) છે અને એતાબ દોસ્તનો દોસ્તની સાથે હોય છે. હઝરત જુનેદ બગદાદીએ જવાબ આપ્યો કે જો માલદારોથી હિસાબ થશે તો ફકીરો તથા દુરવેશોથી માફી લેવામાં આવશે અને હિસાબ કરતાં માફી અફઝલ છે.

અહીં એક લતીફો વર્ણવું છું, તે એ કે મહોબ્બતની તેહકીકમાં ઉઝર (માફી)નું વર્ણવવું છે અને એતાબ એ બેગાનગી (પરાયપણા)નું વિરુદ્ધાર્થી છે. જ્યારે કે ખુદાના દોસ્ત તો એવા મકામ પર બિરાજમાન હોય છે જ્યાં આ બંને ચીજો તેમના માટે આફત જાહેર કરે છે. એટલા માટે કે માફી માગવું કોઈ એવી ઉણપ પર થાય છે જે દોસ્તના બારામાં તેના ફર્માનની વિરુદ્ધ કરવામાં આવેલ હોય છે. જ્યારે દોસ્ત પોતાના હક્કને તેનાથી તલબ કરે છે તો એ તેનાથી ઉઝર (માફી) ચાહે છે, અને એતાબ દોસ્તના ફર્માનમાં કોઈ કુસૂરના સબબે થાય છે. આવી સ્થિતિમાં દોસ્ત આ કુસૂરના સબબે એના પર એતાબ (ગુસ્સો) કરે છે. ખુદાના દોસ્તો માટે આ બંને વાતો અશક્ય છે. સારાંશ **તરીકતવાળા ગરીબીની દરેક હાલતમાં સબ્ર કરે છે અને માલદારીની હાલતમાં શુક્ર અદા કરે છે.** એક વાત એ પણ છે કે દોસ્તીનો તકાઝો તો એ છે કે દોસ્ત પોતાના દોસ્તથી કોઈ ચીજની માગણી કરે, અને ન દોસ્ત દોસ્તની વાતને ઠુકરાવે.

ظلم من سمی ابن آدم امیرا و قد سماہ ربّہ فقیرا

"તેણે જુલ્મ કર્યો જેણે આદમીનું નામ અમીર રાખ્યું, જ્યારે કે તેના રબે તેનું નામ ફકીર રાખ્યું હતું."

કેમ કે હક્ક તઆલા તરફથી એનું નામ ફકીર છે, ભલે જાહેરી રીતે અમીર કે તવંગર છે, પરંતુ હકીકતમાં તે ફકીર જ છે. તે શખ્સ હલાક (બર્બાદ) થઈ ગયો જેણે ખુદ ગુમાન કર્યું કે તે અમીર છે, ભલે તે શખ્સ હુકૂમતના તખ્ત પર મૌજૂદ છે. એટલા માટે કે અમીર તથા ગની સદકાવાળા છે અને ફકીરો સિદ્કવાળા (સચ્ચાઈવાળા) છે, અને સચ્ચાઈવાળા સદકાવાળા નથી હોય શક્તા.

હકીકતના ઈલ્મમાં ઐયૂબ علیہ السلام નો ફક્ર (ફકીરી) હઝરત સુલૈમાન علیہ السلام ની ગના (માલદારી)ની જેમ છે. હઝરત ઐયૂબ علیہ السلام ની સબ્રની પુખ્તગી પર ફર્માવવામાં આવ્યું છે : نعم العبد (કેટલો સારો બંદો છે !) અને હઝરત સુલેમાન علیہ السلام થી

તેમની હુકૂમતના સમયે ફર્માવ્યું, نعم العبد (કેટલો સારો બંદો છે !) જ્યારે અલ્લાહ તઆલાની રઝા હાંસલ થઈ ગઈ તો હવે ફક્રે ઐયૂબ હઝરત સુલૈમાન علیہ السلامની ગના બરાબર થઈ ગઈ.

**હિકાયત** : લેખક ફર્માવે છે કે ઉસ્તાદ અબુલ કાસિમ કુશૈરી رحمۃ اللہ علیہથી મેં સાંભળ્યું. તે ફર્માવે છે કે લોકો ફક્ર તથા ગના (ગરીબી અમીરી)માં બહષ કરે છે અને ખુદને મુખ્તાર ખયાલ કરે છે, પણ મારો તરીકો તથા મસ્લક એ છે કે જે હક્ક તઆલા મારા માટે ઈખ્તિયાર ફર્માવે એની હું હિફાઝત કરું છું, જો તે મને માલદાર રાખે તો ગાફિલ નથી થતો, અને જો તે મુફલિસ ફકીર બનાવે તો લાલચુ કે વાંધો કરનાર નથી થતો.

**ખુલાસો એ કે ગના (માલદારી) નેઅમત છે, પણ એમાં ગફલત વર્તવું આફત છે અને ફક્ર (ગરીબી) પણ નેઅમત છે પણ એમાં લોભ લાલચની દખલ કરવી આફત છે.** અર્થના એતબારથી સર્વ ઈબારતો (વર્ણન) ઉમદા છે પરંતુ સુલૂક તથા દુરવેશના લેહાઝથી મામલો ઉલ્ટો છે. અલ્લાહના સિવાય અન્યથી દિલને ફારિગ રાખવાનું નામ ફક્ર (ફકીરી) છે અને ગૈરમાં મશગૂલ રહેવાનું નામ ગના (માલદારી) છે. જ્યારે દિલ અન્યથી ફારિગ છે તો એ વખતે ફક્ર (ફકીર) માલદારીથી અફઝલ છે અને માલદારી ફક્રથી અફઝલ છે. સાઝો સામાનની અધિક્તાનું નામ માલદારી નથી, અને ન એના ન હોવાનું નામ ફકીરી છે. સાઝો સામાન તો ખુદા તરફથી છે. જ્યારે તાલિબ સાઝો સામાનના માલિકીપણાથી જુદા થઈ ગયો તો ભાગીદારી જતી રહી અને તે બંને નામોથી ફારિગ થઈ ગયો, ન હવે ફક્ર (ફકીરી) છે ન હવે ગના (માલદારી).

## ફક્ર (ફકીરી) તથા ગના (માલદારી)માં કેટલાક રહસ્યો તથા સંકેતો

મશાઈખે તરીકત رحمۃ اللہ علیہم اجمعینથી ફકીરી તથા માલદારી (ફક્રો ગના) સંબંધે અમુક રહસ્યો નક્લ થયાં છે, યથાશક્તિ તેમના અક્વાલ (કથનો) રજૂ કરી રહ્યો છું :–

**(૧)** પાછલા મશાઈખમાંથી એક બુઝુર્ગ ફર્માવે છે કે, "ફક્ર (ફકીરી) તે નથી જે સાઝો સામાનથી ખાલી છે બલ્કે ફકીર તે છે જેનું દિલ આરઝૂઓ તમન્નાઓથી ખાલી હોય." જો અલ્લાહ તઆલા તેને માલો દોલત આપે તો જો તે માલની હિફાઝતની ખ્વાહિશ રાખે તો ગની (માલદાર) કહેવાશે અને જો માલને ત્યજવાની ખ્વાહિશ કરે તો પણ ગની કહેવાશે. એટલા માટે કે એ બંને હાલતો ગૈરમાં તસર્રુફ (હસ્તક્ષેપ) કરવા બરાબર છે. જ્યારે હિફાઝત તથા તસર્રુફનું નામ ફક્ર છે.

**(૨)** હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી ફર્માવે છે કે, "ફક્રની નિશાની ફક્રથી ડરવું છે" કે બંદો વિલાયતના કમાલ, મુશાહિદાના ક્યામ અને સિફતની ફનામાં ઝવાલ (પડતી) અને કટ થવાથી ડરે છે. આ હાલનો કમાલ એટલી હદ સુધી પહોંચી જાય કે તે કટ થવાથી પણ ડરે.

**(૩)** હઝરત સાઈમ બિન મુહમ્મદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "ફકીરની વ્યાખ્યા એ છે કે તે પોતાના રહસ્યોની હિફાઝત કરે અને પોતાના નફ્સને બચાવે અને તેના ફરીઝાને અદા કરે."

મતલબ એ છે કે ફકીર પોતાના બાતિની (આંત્રિક) રહસ્યોને દુનિયવી હેતુઓથી બચાવે અને પોતાના નફ્સને (લાલચ તથા તમન્નાની) આફતથી મહેફૂઝ રાખે અને એના પર શરીઅતના હુકમો તથા ફર્ઝોને લાગુ રાખે. સારાંશ કે જે કાંઈ રહસ્યો પર ગુજરે તેને ઈઝહાર (પ્રદર્શન)માં મશગૂલ ન કરે જે ઈઝહાર (જાહેર) પર હાલત હોય તેને અસ્રાર (રહસ્યો)માં મશગૂલ ન કરે. આ અહવાલના ગલ્બાના સમયે અવામિરો નવાહી (સારી વાતોનો હુકમ આપવું

બુરી વાતોથી રોકવું)ની અદાયગીમાં પાછી પાની ન કરે. આ નિશાની બશરી સિફતો (માનવ સહજ ગુણો)ને નષ્ટ થવાની હોય છે અને બંદો સંપૂર્ણપણે ઝાતે બારી તઆલામાં જઝ્બ (ગુમ) થઈ જાય છે. આ અર્થ પણ હક્ક્ તઆલાના તરફથી જ હોય છે.

**(૪)** હઝરત બિશ્ર કાફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : સૌથી અફઝલ મક઼ામ એ છે કે ફક્ર (ફક઼ીરી) પર સબ્રને મજબૂતીથી થામે.

ફક્ર્ પર સબ્ર તથા યક઼ીન રાખવું બંદાના મક઼ામોમાંથી સૌથી અફઝલ મક઼ામ છે અને ફક્ર્ મક઼ામોની ફનાનું નામ છે. ફક્ર્ પર સબ્ર તથા એતેક઼ાદ (યકીન) કરવાની નિશાની એ છે કે દુરવેશ અમલો તથા કાર્યો અને અવસાફ (ખૂબીઓ)ની ફનાની દિશાને સાચવી રાખે. પરંતું આ ક઼ૌલમાં જાહેરી અર્થ ગના (માલદારી) પર ફક્ર્ (ફક઼ીરી)ની ફઝીલત તથા એતેક઼ાદ રાખવામાં છે, કે કોઈ પણ હાલતમાં ફક્રની રાહથી મોં ન ફેરવે.

**(૫)** હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ફક઼ીર તે છે જે અલ્લાહ સિવાય કોઈ ચીજમાં રાહત ન પામે."

એટલા માટે દુરવેશ ખુદા સિવાય કોઈનાથી કોઈ વાસ્તો કે સંબંધ નથી રાખતા. આ ક઼ૌલનો જાહેરી ભાવાર્થ એ છે કે દુરવેશ હક્ક્ તઆલાના સિવાય ગના તથા માલદારી પામશે જ નહીં. જ્યારે તેને પામી લેશે તો માલદાર થઈ જશે જેથી તમારો વજૂદ તેના માટે ગૈર છે. અને જ્યારે માલદારી ગૈરને ત્યજ્યા વિના હાંસલ થવી શક્ય નથી, તો તવંગરી હિજાબ (આડ) બની ગઈ. જ્યારે તે એ રાહ પર ડગ ભરતા થઈ ગયા તો માલદાર કેવી રીતે રહેશો ? આ અર્થ ઘણો જ લતીફ તથા અમીક (બારીક) છે. હક઼ીક઼તવાળાઓની નજીક વર્ણવેલ વાક્યનો ભાવાર્થ એ નીકળ્યો કે "ફકીર તે છે જેને કદી માલદારી ન મળે." આ તે અર્થ છે જેને શયખે તરીક઼ત હઝરત ખ્વાજા અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમારો ગમ તો હમેશાંનો છે, કોઈ હાલતમાં ન તો અમે અમારી હિંમતથી મક઼સદ હાંસલ કરી શકીએ છીએ અને ન સંપૂર્ણપણે દુનિયા તથા આખેરતમાં એનાથી નાબૂદ થઈ શકીએ છીએ. એટલા માટે કે વસ્તુની પ્રાપ્તિ માટે સમજાતી હોવું જરૂરી છે અને તે જાતી નથી. અને મૌજૂદ વિમુખ થવા માટે ગફલત જરૂરી છે, પરંતુ દુરવેશ ગાફિલ નથી હોતો, કેમ કે પેશ આમદરા દુશ્વાર વ મુશ્કિલ (સામે આવનારુ દુશ્વાર તથા મુશ્કેલ છે) અને તે દોસ્ત એવો છે કે રિયાઝત તથા મુજાહિદાઓ થકી તેનો દીદાર હાંસલ નથી થઈ શકતો, ન તેનો દીદાર મખ્લૂક઼ની કુદરતવાળી જાતીના તબક઼ાથી છે અને ફના પર બદલવાની સૂરત નથી અને બક઼ા પર બદલાવ જાઈઝ નથી. ન ફાની કદી બાક઼ી છે જેને હક્ક્નો વિસાલ નસીબ થશે અને ન બાકી કદી ફાની છે કે તેનો કુર્બ તથા નઝદીકી હાંસલ થશે, જેથી એના દોસ્ત તો સરાસર મુશ્કેલીમાં જ પડેલા છે. દિલની તસલ્લી માટે હસીન વર્ણનો બનાવી દેવામાં આવેલ છે અને રૂહની તસ્કીન (સંતોષ) માટે મક઼ામો તથા મંઝિલો અને રસ્તા (તરીક઼ા) જાહેર કરી આપ્યા છે. તેમના વર્ણનો પોતાના વજૂદમાં સજાવટવાળાં અને તેમનાં મક઼ામો પોતાની જાતીમાં વેરવિખેર છે. હક્ક્ તઆલા મખ્લૂક઼ના અવસાફ (ગુણો) તથા હાલતોથી પાક તથા સાફ રાખે. –*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૩)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*

**ગુલામરસૂલ કાસમી કાદરી નક્શબંદી** دام ظلہ العالی

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક્વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ (Continue)...

**હદીષ–૨૬** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : કોઈ એવો નબી નથી ગુજર્યો જેના આસ્માનમાં બે વઝીર ન હોય અને જમીનમાં બે વઝીર ન હોય. આસ્માનમાં મારા બે વઝીર જિબ્રઈલ તથા મીકાઈલ છે અને જમીનમાં મારા બે વઝીર અબૂબક્ર તથા ઉમર છે. *(તિર્મિઝી, હદીષ નં. ૩૬૮૦)* તિર્મિઝીએ કહ્યું, આ હસન છે.

**હદીષ–૨૭** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા : હું સૂઈ રહ્યો હતો એવામાં મેં પોતાને એક કૂવા પર જોયો. તેના પર એક ડોલ હતી. મેં એમાંથી પાણી કાઢયું જેટલુ અલ્લાહે ચાહ્યું. પછી તેને અબૂ કહાફાના પુત્રએ પકડી લીધી. તેણે એક કે બે ડોલો કાઢી. અને અલ્લાહ તેની મગફિરત કરે તેના ડોલ કાઢવામાં કમજોરી હતી. પછી એમાંથી પાણી ટપકવા લાગ્યું. પછી તેને ઈબ્ને ખત્તાબે પકડી. મેં લોકોમાંથી કોઈ સરદારને ઉમર ઈબ્ને ખત્તાબ જેવો ડોલ કાઢતો કોઈને નથી જોયો, ત્યાં સુધી કે લોકોએ છાણ નાખી દીધું. *(મુસ્લિમ, હદીષ : ૬૧૯૨, બુખારી, હદીષ : ૩૬૬૪, ૭૦૨૧, ૭૦૨૨, ૭૪૭૫)*

**હદીષ–૨૮** : હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એકવાર એક માણસ પોતાનો બળદ હાંકી રહ્યો હતો અને તે એના ઉપર સવાર હતો. બળદે ગરદન એના તરફ ફેરવી અને કહ્યું : હું આ હેતુ માટે પેદા કરવામાં નથી આવ્યો બલ્કે હું ખેતીવાડીના માટે પેદા કરવામાં આવ્યો છું. લોકોએ આશ્ચર્યથી સુબ્હાનલ્લાહ ! કહ્યું કે શું બળદ પણ વાત કરે છે ?! ફર્માવ્યું, હું એના પર ઈમાન રાખુ છું, અને અબૂ બક્ર અને ઉમર. *(મુસ્લિમ, હદીષ : ૬૧૮૩, બુખારી, હદીષ : ૩૬૯૦)*

**હદીષ–૨૯** : હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ મને જંઝીરોવાળા લશ્કરોની વિરુદ્ધ જંગ પર મોકલ્યો. હું આપ ﷺની પાસે હાજર થયો તો મેં અર્ઝ કરી, આપને લોકોમાં સૌથી અધિક મહબૂબ કોણ છે ? ફર્માવ્યું, આઈશા ! મેં અર્ઝ કરી, પુરૂષોમાં ? તો ફર્માવ્યું, એના બાપ. મેં અર્ઝ કરી, પછી કોણ ? ફર્માવ્યું, પછી ઉમર બિન ખત્તાબ. પછી આપે કેટલાક માણસો ગણ્યા. *(મુસ્લિમ, હદીષ : ૬૧૭૭, બુખારી, હદીષ : ૩૬૬૨, ૪૩૫૮, તિર્મિઝી, હદીષ : ૩૮૮૫)*

**હદીષ–૩૦** : અગણિત હદીષોમાં અબૂબક્ર, ઉમર આ ક્રમથી વર્ણન થયેલ છે. સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે કે, હું મોટાભાગે રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યા કરતો હતો કે, "હું અને અબૂબક્ર અને ઉમર ભેગા હતા. મેં, અબૂબક્ર એ અને ઉમરે

આવુ કર્યું. હું, અબૂ બક્ર તથા ઉમર ગયા." આ વાતો મને યાદ આવતી હતી. *(બુખારી, હદીષ : ૩૬૭૭, ૩૬૮૫, મુસ્લિમ, હદીષ : ૬૧૮૭, ૬૧૮૮, ઈબ્ને માજહ, હદીષ : ૯૮, મુસ્નદે અહમદ, હદીષ : ૯૦૧)*

## ત્રણેવ ખલીફાનો એક સાથે ઉલ્લેખ

**હદીષ-૩૧** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે અમે નબી ﷺના જમાનામાં લોકો વચ્ચે અફલિયત વર્ણન કરતા હતા. અમે સૌથી અફઝલ અબૂબક્રને કહેતા હતા, પછી ઉમર ઈબ્ને ખત્તાબને, પછી ઉષ્માન ઈબ્ને અફ્ફાનને. رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(બુખારી બાબુ ફઝલે અબૂ બક્ર બઅ્દન્નબી ﷺ, હદીષ નં. : ૩૬૫૫, અસ્સુન્નતિ લિબ્નિ અબી આસિમ, હદીષ : ૧૨૨૬, ૧૨૨૭, બિલફ્ઝિન્ કુનના નતહક્ષિ, ૧૨૨૮ બિલફ્ઝિન નુફદ્દિલ)*

**હદીષ-૩૨** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે, અમે નબી કરીમ ﷺના જમાનામાં અબૂબક્રના બરાબર કોઈને સમજતા ન હતા, પછી ઉમર, પછી ઉષ્માન. પછી અમે નબી કરીમ ﷺના સહાબાને છોડી આપતા હતા. તેમની વચ્ચે અફલિયત આપતા ન હતા. *(બુખારી, હદીષ : ૩૬૯૭, અબૂ દાઊદ, હદીષ : ૪૬૨૭, મુસ્નદે અબી યઅ્લા, હદીષ : ૫૫૯૫, ૫૫૯૬, ૫૫૯૭, કિતાબુસ્સુન્નહ લિઅબ્દિલ્લાહ, હદીષ : ૧૨૮૦ વગેરે)*

**હદીષ-૩૩** : હઝરત સાલિમ પોતાના પિતાથી રિવાયત કરે છે કે, અમે રસૂલુલ્લાહ ﷺની હયાતે તયબહમાં કહ્યા કરતા હતા કે નબી કરીમ ﷺની ઉમ્મતમાં આપ ﷺના બાદ સૌથી અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین. એક રિવાયતમાં છે કે : આ વાત રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચતી હતી તો આપ ઈન્કાર કરતા ન હતા. *(અબૂ દાઊદ ફી બાબ ફી ત્તફઝીલ, હદીષ : ૪૬૨૮, તિર્મિઝી, હદીષ : ૩૭૦૭, અલ મોઅજમુલ અવસત લિત્તબરાની, હદીષ : ૧૬૯૨, અસ્સુનનતિ લિબ્નિ આસિમ, હદીષ : ૧૨૨૪, ૧૨૨૫ તથા રિવાયત કરી ઈબ્ને અબી આસિમે સુહૈલથી તથા અબીહથી તથા ઈબ્ને ઉમરથી, હદીષ : ૧૨૨૯, ૧૨૩૦, તથા અબૂ હુરૈરહથી, હદીષ : ૧૨૩૧, તથા ઉમર બિન ઉસૈદ તથા ઈબ્ને ઉમરથી, હદીષ : ૧૨૩૨, ૧૨૩૩ તથા અહમદે રિવાયત કરી ફઝાઈલમાં અબૂ હુરૈરહથી, હદીષ : ૫૨...૩, અને રિવાયત કરી ઈબ્ને ઉમરે કહ્યું : વ અસ્હાબિહી મુતવાફિરૂન. મુસ્નદે અહમદ, હદીષ : ૪૬૨૫, મુસ્નદે અબી યઅ્લા, હદીષ : ૫૭૭૫, કિતાબુસ્સુન્નતિ અબ્દિલ્લાહ ઈબ્ને અહમદ, હદીષ : ૧૨૭૮, ૧૨૮૪, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, હદીષ : ૧૨૧૨૨, મુસ્નદે અબી યઅ્લા, હદીષ : ૫૫૯૭, અસ્સુન્નહલિ ઈબ્નિ આસિમ, હદીષ : ૧૨૩૦, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, હદીષ : ૭૮૩, અલ મોઅજમુલ અવસત લિત્તબરાની, હદીષ : ૮૭૦૨, મજમઉઝ્ ઝવાઈદ, હદીષ : ૧૪૩૮૫, વક઼ાલ રિજાલુહૂ વષ્ષિકૂ વફીહિમ ખિલાફ)*

فَثَبَتَ إِجْمَاعُ أَهْلِ السَّمَاءِ وَ رَبُّنَا مَعَهُمْ جَلَّ وَعَلَا شَانَهُ،
وَثَبَتَ إِجْمَاعُ أَهْلِ الْأَرْضِ وَ نَبِيُّنَا مَعَهُمْ ﷺ

આ હદીષમાં أَفْضَلُ هٰذِهِ الْأُمَّةِ، كُنَّا نُخَيِّرُ તથા لَا نَعْدِلُના શબ્દો પર વિચારણા કરો. બદલાય બદલાયને આવનારા શબ્દોએ ધોકાના દરેક દરવાજા બંધ કરી આપ્યા છે. وَأَصْحَابُهُ مُتَوَافِرُوْن ના શબ્દો કેવા ઈમાન અફરોઝ છે. પછી આ હદીષના શબ્દો فِيْ زَمَنِ النَّبِيِّ ﷺ અને તિબ્રાનીમાં,

فَيَبْلُغُ ذٰلِكَ رَسُوْلَ اللّٰهِ ﷺ فَلَا يُنْكِرُ ذٰلِكَ عَلَيْنَا ના શબ્દોએ એને મરફૂઅ બનાવી દીધી. હવે તેહક઼ીક઼ની નજરને ક઼તઈ ઈજમાઅ હોવામાં શક બાકી નથી રહેતો.

આ હદીષોમાં અત્યારે મૌલા અલી رضی اللہ عنہના ચોથા નંબરની અફઝલિયત પર ઈજમાઅની નફી

કરવામાં આવી છે. તેમજ એમાં એ લોકોની રદ મૌજૂદ છે જેઓ મૌલા અલી رضی اللہ عنہને ત્રીજો નંબર અને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને ચોથો નંબર આપતા હતા. **પ્રથમ ત્રણ ખલીફાને ક્રમસર વર્ણન કર્યા બાદ ચોથો નંબર આપોઆપ મૌલા અલી رضی اللہ عنہને મળી રહ્યો છે.** વધુ હદીષો પણ એના સમર્થનમાં મૌજૂદ છે. જુઓ :–

**હદીષ–૩૪** : નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ એક ખ્વાબ જોયો કે હઝરત અબૂ બક્ર આપની સાથે લટકેલા છે. તેમની સાથે હઝરત ઉમર અને તેમની સાથે હઝરત ઉષ્માન લટકેલા છે. તેની તા'બીર એ થઈ કે આ સાથે લટકનારા એ જ ક્રમસર ખલીફા બનશે, એ હેતુના માટે જ હેતુ આપીને અલ્લાહ તઆલાએ પોતાના નબીને મોકલ્યા છે.

*(અબૂ દાઊદ, હદીષ : ૪૬૩૬)*

આ હદીષથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે ત્રણ ખલીફાના નામો લીધા પછી ખામોશી જુર્મ નથી, અને એ પણ સ્પષ્ટ થઈ રહ્યું છે કે ખલીફાઓનો આ ક્રમ કેવળ જાહેરી ખિલાફત માટે નથી બલ્કે રિસાલતના હેતુની પૂર્ણતામાં નાયબપણા પર આધારિત છે. فَهُمْ وَلَاةُ الْأَمْرِ الَّذِي بَعَثَ اللّٰهُ بِهِ نَبِيَّهُ ﷺ ઈબ્ને ઉમરની હદીષની રોશનીમાં ત્રણ ખલીફાઓના ઉલ્લેખ પર અટકવા પર યહ્યા ઈબ્ને મુઈન عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانએ વાંધો ઉઠાવ્યો, એનાથી એમની મુરાદ ખુદા નખ્વાસ્તા આ હદીષ પર વાંધો નથી બલ્કે મુરાદ એ છે કે આ હદીષથી મૌલા અલી رضی اللہ عنہના ચોથા નંબરની નફી (નકાર) તથા આપની ખિલાફતનો ઈન્કાર ગલત છે, જેવું એ દૌરમાં ખારજીઓએ આ હદીષથી એ જ દલીલ કરી હતી. જેમ કે ખુદ યહ્યા બિન મુઈન عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانને જ્યારે પૂછવામાં આવ્યું કે આપનો શો અક઼ીદો છે ? તો ફર્માવ્યું, હું કહું છું : પ્રથમ અબૂ બક્ર છે, પછી ઉમર પછી ઉષ્માન. *(અસ્સુન્નહ લિલ્ ખલાલ, પેજ–૫૯૧)* અને કહ્યું અસ્નાદ સહીહ છે.

હઝરત મીર સૈયદ અબ્દુલ વાહિદ બેલગ્રામી ચિશ્તી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ફર્માવે છે : સહાબાનો ઈજમાઅ દીનનો પાયો, રોશનીઓનો મુત્લઅ (નીકળવાની જગા) અને યક઼ીનની ચાવી છે. **તો જે શખ્સ આ ઈજમાઅનો ઈન્કાર કરે છે તેનાથી ખુદા તથા મુસ્તફા બેઝાર છે, અને તે અલ્લાહ તઆલાના દરબારથી જલ્દી જ મરદૂદ થઈ જાય છે.** તેની બદ્‌બખ્તીની ગાંઠને નથી ખોલી શકાતી. એટલા માટે કે **એ અસ્હાબે બાસફાનો ઈન્કાર ખુદા વ મુસ્તફાનો ઈન્કાર છે.** તો **જેનો રસ્તો સુન્નતની વિરુદ્ધ છે તેની ગરદનમાં લઅનતોનો તોક છે.** *(સબ્એ સનાબિલ, પેજ–૭૫)*

**હદીષ–૩૫** : એક માણસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ખ્વાબમાં જોયું છે કે આસ્માનથી એક ત્રાજવુ લટકાવવામાં આવ્યું. આપને તથા અબૂબક્રને તોલવામાં આવ્યા તો આપ અબૂબક્રથી ભારે હતા. પછી અબૂબક્ર તથા ઉમરને તોલવામાં આવ્યા તો અબૂબક્ર ઉમર કરતાં ભારે હતા. પછી ઉમર તથા ઉષ્માનને તોલવામાં આવ્યા તો ઉમર ભારે હતા. પછી ત્રાજવુ ઉઠાવી લેવામાં આવ્યું. રસૂલુલ્લાહ ﷺએ એની તા'બીર નબુવ્વતની ખિલાફતથી ફર્માવી. પછી અલ્લાહ જેને ચાહશે મુલ્ક આપી દેશે.

તિબ્રાનીએ હઝરત મઆઝથી રિવાયત કરી છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેં ખ્વાબમાં જોયું કે ત્રાજવાના એક પલ્લામાં મને રાખવામાં આવ્યો અને બીજામાં પૂરી ઉમ્મતને રાખવામાં આવી. મારું વજન ભારે હતું. પછી અબૂબક્રને એક પલ્લામાં રાખવામાં આવ્યા અને મારી ઉમ્મતને બીજા પલ્લામાં રાખવામાં આવી. અબૂબક્રનું વજન સૌની બરાબર હતું. પછી ઉમરને એક પલ્લામાં રાખવામાં આવ્યા

અને બાકીની ઉમ્મતને બીજા પલ્લામાં રાખવામાં આવી. ઉમરનું વજન સૌના બરાબર હતું. પછી ઉષ્માનને એક પલ્લામાં રાખવામાં આવ્યા અને બાકીની ઉમ્મતને બીજા પલ્લામાં રાખવામાં આવી. તો ઉષ્માનનું વજન સૌના બરાબર હતું. પછી ત્યાર બાદ ત્રાજવુ ઉઠાવી લેવામાં આવ્યં. *(....મજમઉઝ્ ઝવાઈદ, હદીષ : ૮૯૧૭, સવાઈકે મુહરિકા, પેજ–૭૧)*

## ચારેવ ખુલફાએ રાશિદનું ભેગુ વર્ણન

**હદીષ–૩૬** : અલ્લાહ તઆલાએ મારા સહાબાને નબીઓ રસૂલો સિવાય સર્વ જહાનો પર અગ્રતા આપતાં પસંદ કરી લીધા અને એમનામાંથી ખાસ કરીને મારા માટે ચાર સહાબીઓને પસંદ કર્યો છે : અબૂ બક્ર, ઉમર, ઉષ્માન અને અલી. અને તેમને મારા સહાબામાં અફઝલ બનાવ્યા છે. આમ તો મારા સર્વ સહાબીઓમાં ભલાઈ જ ભલાઈ છે. *(અશ્શિફા, ૨/૪૨, અર્રિયાઝુન્નઝરહ, ૧/૪૭)* અલ હદીષ હસન. આ હદીષમાં ચારની સંખ્યા સ્પષ્ટપણે મૌજૂદ છે. એનાથી "ચાર યાર"ની ઈસ્તેલાહ ઘડવામાં આવી છે.

**હદીષ–૩૭** : હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ અબૂબક્ર પર રહમત કરે, તેમણે પોતાની પુત્રી મારા નિકાહમાં આપી દીધી અને મને દારુલ હિજરત સુધી ઉઠાવીને લાવ્યા, અને પોતાના માલમાંથી બિલાલને આઝાદ કર્યા. અલ્લાહ ઉમર પર રહ્મત કરે, હક્ક્ વાત કહી દે છે ભલે કડવી હોય, હક્કની તરફ એકલો રહી જવાનું માન્ય કરી લે છે. અલ્લાહ ઉષ્માન પર રહ્મત કરે તેનાથી ફરિશ્તા પણ હયા કરે છે. અલ્લાહ અલી પર રહ્મત કરે, હે અલ્લાહ ! હક્કને એનાથી ઘુમાવી દે એ જ્યાં પણ જાય. *(તિર્મિઝી, હદીષ : ૩૭૧૪)* અને કહ્યું, ગરીબ છે.

આ હદીષમાં કેવળ ચાર ખુલફાએ રાશિદીનનું વર્ણન ક્રમસર મૌજૂદ છે.

**હદીષ–૩૮** : હઝરત મુહમ્મદ બિન હુનૈફા ફર્માવે છે કે મેં મારા પિતા (સૈયદના અલી رضی اللہ عنہ)થી અર્ઝ કરી, રસૂલુલ્લાહ ﷺ બાદ લોકોમાં અફઝલ કોણ છે ? ફર્માવ્યું, અબૂબક્ર ! મેં અર્ઝ કરી, પછી કોણ ? ફર્માવ્યું, પછી ઉમર ! અને મને અંદેશો થયો કે હવે એવું ન કહે કે ઉષ્માન ! મેં અર્ઝ કરી, પછી આપ હશો ?! ફર્માવ્યું, હું મુસલમાનોમાંથી એક માણસ છું.

આ હદીષમાં પણ ચારેવ ખુલફાએ રાશિદીનનો ઉલ્લેખ મૌજૂદ છે.

**હદીષ–૩૯** : હદીષે પાક :–

اِنَّ اَرْحَمَ اُمَّتِي بِاُمَّتِي اَبُو بَكْرٍ الحديث માં સૌ પ્રથમ સિદ્દીકે અકબરનું નામ છે. એટલે કે મારી ઉમ્મત પર મારી ઉમ્મતમાંથી સૌથી અધિક રહમ દિલ અબૂબક્ર છે. અલ્લાહના હુકમના મામલામાં સૌથી અધિક સખ્ત ઉમર છે. સૌથી અધિક સખ્ત ઉમર છે. સૌથી અધિક હયાવાળા ઉષ્માન છે. *(તિર્મિઝી, હદીષ : ૩૭૯૦, ૩૭૯૧, ઈબ્ને માજહ, હદીષ : ૧૫૪, ૧૫૫, ઈબ્ને અલી શયબા, ૭/૪૭૪, મુસ્તદરક હાકિમ, હદીષ : ૬૩૯૦)*

એ વખતે તો ખિલાફત જાહેર થઈ ન હતી અને વળી આ વાક્યમાં મહબૂબે કરીમ علیہ الصلوۃ والسلام ની રહ્મતુલ લિલ્આલમીનીના સંપૂર્ણ જમાલનું પ્રતિબિંબ મૌજૂદ છે. અને **ઉમ્મતે મુસ્તફા અલા સાહિબહા વ અલૈહિસ્સલાતુ વસ્સલામના માટે સૌથી અધિક રહમ દિલ હોવું એવો કમાલ છે કે એને ન ઈલ્મ પહોંચી શકે છે ન કોઈ બીજો અમલ.** એક હદીષમાં એ પણ છે કે, **સૌથી મહાન કાઝી અલી છે.** *(ઈબ્ને માજહ, હદીષ : ૧૫૪, મિશ્કાત, હદીષ : ૬૧૨૦)*

એના ઉપરાંત અશ્રએ મુબશ્શિરાવાળી હદીષમાં પણ **ચારેવ ખુલફાએ રાશિદીનના મુબારક નામો ક્રમસર મૌજૂદ છે.** (અર્થ) અબૂબક્ર જન્નતી છે, ઉમર જન્નતી છે, ઉષ્માન જન્નતી છે, અલી જન્નતી છે. *(તિર્મિઝી, હદીષ : ૩૭૪૭) –(...ક્રમશઃ)*

# અલ્લાહની રાહમાં આપસમાં મહોબ્બતની ફઝીલત

(કાર્યાલય)

રબ ફર્માવે છે :–

وَ الَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ۚ وَ اِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ۠

(અને જેમણે અમારી રાહમાં કોશિશ કરી, જરૂર અમે તેમને અમારા રસ્તા બતાવીશું. અને બેશક ! અલ્લાહ નેકોની સાથે છે. સૂ. અન્કબૂત, ૨૯/૬૯) એટલે અલ્લાહની રાહમાં મહોબ્બત, એટલે કોઈ બંદા સાથે કેવળ એટલા માટે મહોબ્બત કરે કે રબ તઆલા તેનાથી રાજી થઈ જાય, એમાં દુનિયવી હેતુ તથા રિયાકારી ન હોય. આ મહોબ્બતમાં મા બાપ, ઔલાદ, સગાં સંબંધીઓ, મુસલમાનોથી મહોબ્બત સૌ સામેલ છે, જ્યારે કે અલ્લાહને રાજી કરવા માટે હોય.

## અલ્લાહની રઝા તથા નારાઝગીનો અંજામ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાથી મહોબ્બત કરે છે તો હઝરત જિબ્રઈલને બોલાવે છે પછી ફર્માવે છે કે, હું ફલાણાથી મહોબ્બત કરું છું તમે એનાથી મહોબ્બત કરો, જેથી જિબ્રઈલ તેનાથી મહોબ્બત કરે છે અને આસ્માનમાં એલાન કરે છે તો કહે છે કે અલ્લાહ તઆલા ફલાણાથી મહોબ્બત કરે છે તો તમે લોકો એનાથી મહોબ્બત કરો ! તો તેનાથી આસ્માનવાળા મહોબ્બત કરે છે. પછી તેના માટે જમીનમાં કબૂલિયત રાખી દેવામાં આવે છે. અને જ્યારે રબ તઆલા કોઈ બંદાથી નારાજ થાય છે તો ફર્માવે છે કે હું ફલાણાથી નારાજ છું તો તમે પણ તેનાથી નારાજ થઈ જાવ. ફર્માવ્યું કે જિબ્રઈલ તેનાથી નારાજ થઈ જાય છે. પછી આસ્માનવાળાઓમાં એલાન કરે છે કે અલ્લાહ તઆલા ફલાણાથી નારાજ છે, તમે લોકો પણ એનાથી નારાજ થઈ જાવ ! ફર્માવ્યું, પછી તે લોકો તેનાથી નફરત કરે છે, પછી જમીનમાં તેના માટે નફરત રાખી દેવામાં આવે છે. *(મુસ્લિમ બહવાલા મિર્અત, જિલ્દ–૬)*

અલ્લાહને ખાતરમાં આપસમાં મુસલમાનોથી મહોબ્બત કરવાથી અલ્લાહ રાજી થાય છે અને તેનું પરિણામ ઉપરોક્ત હદીષમાં ફરી વાંચી લેશો, અને મુસલમાન આપસમાં એકબીજાને રંજાડે, દુનિયવી કારણે લડે ઝઘડે ઈજા પહોંચાડે તો રબની નારાઝગીનું વર્ણન પણ હદીષે પાકમાં જોઈ લો. લોકોના દિલોમાં કુદરતી તૌર પર તેનાથી નફરત થઈ જાય છે, ભલે અમુક બુરા લોકો તેની તરફ વળેલા હોય તો એનો એતબાર નથી. સારાંશ કે આપસની દુનિયવી નારાઝગીઓને કોઈપણ ભોગે દૂર કરીને એકબીજાને ગળે મળી જાવ તો અલ્લાહના રાજીપાનો ફાયદો કેટલો મહાન છે, અને ખુદા નખ્વાસ્તા આપસમાં દુનિયવી કારણે એકબીજાને સતાવશો તો રબનો ગઝબ પણ હદીષમાં જોઈ લો. અલ્લાહ નેકી તૌફીક બખ્શે.

## આપસમાં મહોબ્બત કરનારાને ક઼યામતમાં રબ તઆલા સાયો અતા કરશે !

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે ફર્માવશે કે ક્યાં છે મારી અઝમતના ખાતર આપસમાં મહોબ્બત કરનારા ? આજે હું તેમને મારા (અર્શના) સાયામાં જગા આપીશ, જ્યારે કે મારા સાયા સિવાય કોઈ સાયો હશે નહીં. *(મુસ્લિમ)*

ક઼યામતનો મંઝર કેટલો ભયાનક હશે ! પચાસ હજાર વરસનો દિવસ હશે અને લોકો નફસી નફસીના આલમમાં હશે, સૂરજ સવા નેઝા પર હશે, ગરમીથી

દરેક પોતાના ગુનાહના પ્રમાણમાં પરસેવામાં ડૂબેલો હશે. કોઈને ઘૂંટી સુધી, કોઈને ગુથણ સુધી કોઈને છાતી સુધી તો કાફિર મોં સુધી પરસેવામાં ડૂબેલો હશે, પરસેવાથી લગામ જેમ જકડાયેલો હશે, પરસેવામાં ડૂબકીઓ ખાતો હશે, અને જાત જાતના અઝાબોમાં લોકો હશે, એવા સમયે રબના અર્શનો સાયો જેને નસીબ થઈ જાય તે કેટલા અમ્નમાં હશે ?! તો આજે શૈતાન તથા નફસની શરારતોમાં સપડાયને મુસલમાન ભાઈ બહેન વગેરેથી આપસમાં વેર, દુશ્મની, કીનો રાખશો તો ભયાનક અઝાબમાં હશો અને જો રબની મહોબ્બતને ખાતર આપસનું બધું જ એકબીજાને માફ કરીને એકબીજાથી મહોબ્બત રાખશો તો રબ અર્શના સાયામાં અતિશય ભયાનક મુસીબતોના સમયે જગા આપશે, જેથી હજી સમય છે સમજી જાવ !

## અલ્લાહ આપણાથી મહોબ્બત ક્યારે કરે ?!

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે તે નબી ﷺથી રાવી, કે એક શખ્સે પોતાના ભાઈથી બીજી વસ્તીમાં મુલાકાત કરી. અલ્લાહ તઆલાએ તેના ઉપર એક ફરિશ્તો નિયુક્ત કરી આપ્યો. તે બોલ્યો, ક્યાં જાય છે ? તેણે કહ્યું કે આ વસ્તીમાં મારા એક ભાઈનો ઈરાદો કરું છું. તો બોલ્યો, તારું એના પર અહસાન છે જેને હાંસલ કરવા ચાહે છે ? બોલ્યો, નહીં ! એના સિવાય કાંઈ નહીં કે હું તેને અલ્લાહને ખાતર મહોબ્બત કરું છું. ફરિશ્તાએ કહ્યું, હું તારી તરફ અલ્લાહનો કાસિદ છું કે **અલ્લાહ તઆલાથી મહોબ્બત કરે છે જેવી કે તેં એનાથી મહોબ્બત કરી.** *(મુસ્લિમ)*

જાણવા મળ્યું કે અલ્લાહને ખાતર કોઈની સાથે મહોબ્બત કરવી બેહતરીન નેકી છે. બીજુ એ કે આવી મહોબ્બત અલ્લાહની મહોબ્બતનો ઝરીયો છે.

## જેને પસંદ હોય કે તેનાથી અલ્લાહ રસૂલ મહોબ્બત કરે તો...

હઝરત અબ્દુર્રહમાન બિન અબી કુરાદથી કે નબી ﷺએ એક દિવસ વુઝૂ કર્યું તો હુઝૂરના સહાબા આપના વુઝૂના બચેલાને (ધોવણને) પોતાના શરીર પર ચોપડવા લાગ્યા. તો તેમનાથી નબી ﷺએ ફર્માવ્યું કે, તમને આવું કરવા કઈ ચીજ ઉત્તેજીત કરે છે ? તેઓ બોલ્યા, અલ્લાહ અને રસૂલની મહોબ્બત ! તો નબી ﷺએ ફર્માવ્યું, **જેને એ પસંદ હોય કે અલ્લાહ વ રસૂલથી મહોબ્બત કરે અથવા તેનાથી અલ્લાહ રસૂલ મહોબ્બત કરે, તો તે જ્યારે વાત કરે તો સાચી કરે, જ્યારે અમીન બનાવવામાં આવે તો અમાનત અદા કરે અને પોતાના પડોશીનો પડોશ સારો નિભાવે.** *(બયહકી શોઅબુલ ઈમાન)*

હુઝૂર ﷺના વુઝૂના ધોવણને તબર્રુક રૂપે વાપરવું મના કે બેકાર નથી. બેશક ! તેનાથી બરકત હાંસલ થાય છે, પણ અલ્લાહ વ રસૂલની મહોબ્બતના માટે તેમની ફર્માંબરદારી અનિવાર્ય છે. તેમજ જૂઠ ન બોલવું, અમાનતમાં ખયાનત ન કરવી અને પડોશીને રાજી રાખવો....આ મામલાઓમાં મુખ્ય છે જેથી એની તાકીદ કરવામાં આવી કે જેનું પાલન થશે તો અલ્લાહ તથા રસૂલ આપણાથી મહોબ્બત કરશે. અલ્લાહ આપણને તૌફીક઼ બખ્શે. *(આમીન)*

## માણસ તેની સાથે હશે જેનાથી તે મહોબ્બત કરે

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું કે એક શખ્સ નબી ﷺની ખિદમતમાં આવ્યો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એ શખ્સના બારામાં શું ફર્માવો છો જે કોઈ કૌમથી મહોબ્બત કરે અને તેમનાથી મળેલો ન હોય. તો ફર્માવ્યું કે (આખેરતમાં) ઈન્સાન તેની સાથે હશે જેનાથી તે મહોબ્બત કરે. *(મુસ્લિમ, બુખારી)*

હઝરત અનસથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! કયામત ક્યારે છે ? ફર્માવ્યું, અફસોસ તારા પર ! તેં એના માટે શું તૈયારી કરી છે ?

તે બોલ્યો, મેં એની કોઈ તૈયારી નથી કરી એ સિવાય કે હું અલ્લાહ અને તેના રસૂલથી મહોબ્બત કરું છું. ફર્માવ્યું, **તું તેની સાથે હશે જેનાથી તને મહોબ્બત હોય.** હઝરત અનસે ફર્માવ્યું કે **મેં મુસલમાનોને ઈસ્લામ પછી કોઈ ચીજ પર આટલા ખુશ થતા નથી જોયા જેટલા કે તેઓ ખુશ થયા.** *(મુસ્લિમ, બુખારી, બહવાલા મિર્અત, ભાગ–૬)*

પ્યારા દીની ભાઈઓ ! કયામતમાં નબી કરીમ ﷺનો સાથ મળે એનાથી મોટી ખુશી શું હોય શકે ?! જેથી સહાબા આ બશારતથી એકદમ ખુશીમાં આવી ગયા. આપણે પણ નબી કરીમ ﷺથી સાચી મહોબ્બત કરીશું તો આપણને પણ નબી ﷺની બશારત મુજબ આપનો પડોશ જરૂર મળશે. **સાચી મહોબ્બતનો તકાઝો એ છે કે આપના ફર્માનો પ્રમાણે ચાલવું, આપની સુન્નતો પર અમલ કરવો, ખૂબ જ દુરૂદ પઢવું, આપ ﷺના દોસ્તોથી દોસ્તી અને આપના ગુસ્તાખોથી અદાવત તથા દૂરી અપનાવવી, તેમનાથી દોસ્તી, ઉઠક બેઠક, મેલજોલ, શાદી વિવાહથી દૂર થવું. બાકી ઝબાની મહોબ્બત દાવો પણ કાંઈ કામ આવશ નહીં.**

## નૂરના મિમ્બરો પર કોણ હશે ?

હઝરત મઆઝ ઈબ્ને જબલથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "મારી મહોબ્બત,મારા બારામાં મહોબ્બત કરનારાઓ, અને મારા બારામાં બેસનારાઓ, મુલાકાત કરનારાઓ અને મારી રાહમાં ખર્ચ કરનારાઓ માટે લાઝિમ થઈ ગઈ" તિર્મિઝીની રિવાયતમાં છે કે, "મારી રાહમાં મહોબ્બત કરનારાઓ માટે નૂરના મિમ્બર છે, એમના પર નબી તથા શહીદો રશ્ક કરશે."

અલ્લાહ જેનાથી મહોબ્બત કરે તેની નેક બખ્તીનું શું કહેવું ?! તો આ મકામ પામવા માટે હદીષને વારંવાર વાંચો અને અલ્લાહની રાહ પકડી રાખવાની કોશિશ કરો તથા તેના મહબૂબ બંદાઓની, તેની રાહમાં લાગેલાઓની સોહબત અપનાવો અને શક્ય તે રીતે તેની રાહમાં માલની કુર્બાની આપો, તો તે નૂરના મિમ્બરો પર કયામતમાં બિરાજમાન થવાનું મળશે જેના પર શહીદો, નબીઓ રશ્ક કરશે ! રશ્કનો મતલબ અહીં એ છે કે શોહદા તથા નબી તેમને જોઈને ખૂબ જ ખુશ થશે. સુબ્હાનલ્લાહ ! અલ્લાહ આપણને નેક તૌફીક આપે, કેમ કે કયામતમાં એક તરફ હિસાબ કિતાબ ચાલતો હશે જ્યારે જેનાથી અલ્લાહ વ રસૂલ રાજી હશે તેઓ નૂરના મિમ્બરો પર હશે.

## અલ્લાહને ખાતર એકબીજાથી મહોબ્બત રાખવાના ફાયદા

અન્ય એક હદીષમાં છે : હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહના અમુક બંદાઓ તે છે જેઓ ન તો નબી છે ન શહીદ, તેમના પર હઝરાત નબીઓ શહીદો કયામતના દિવસે રશ્ક કરશે તેમની અલ્લાહની નઝદીકીના કારણે. લોકો બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ અમને ખબર આપો કે તે કોણ લોકો છે ? ફર્માવ્યું, તે તે કોમ છે જે અલ્લાહના કુર્આનના કારણે એકબીજાથી મહોબ્બત કરે છે, આપસની કોઈ સગાઈ સંબંધ કે આપસમાં કોઈ માલી લેણદેણ વિના. તો અલ્લાહની કસમ તેમના ચહેરા નૂર હશે અને તેઓ નૂર પર હશે. જ્યારે (કયામતમાં) લોકો ડરશે તો એઓ ન ડરશે, અને જ્યારે લોકો ગમગીન હશે તો એઓ ગમગીન ન થશે, અને આયત તિલાવત કરી : "ખબરદાર રહો ! બેશક ! અલ્લાહના વલી (દોસ્ત) ન એમના પર ડર છે ન તેઓ ગમગીન થાય." *(અબૂ દાઊદ)*

વિચારો ! આપસમાં રબને ખાતર મહોબ્બતથી રબ કેટલો રાજી થાય છે અને કેટલો મહાન મર્તબો અતા કરે છે. નિખાલસ મહોબ્બત કોઈ સ્વાર્થ વિના રબને ખાતર કરવામાં આવે કોઈ લોભ લાલચ ન હોય, એ જરૂરી છે.

વળી સગાં સંબંધી, ઘરવાળાંથી પણ રબના હુકમને કારણે જ મહોબ્બત કરવામાં આવે તો બમણો અજ્ર મળશે.

**અલ્લાહના માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની**

એક હદીષમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબૂ ઝરને ફર્માવ્યું, હે અબૂ ઝર ! ઈમાનની કઈ ગાંઠ અધિક મજબૂત છે ? અર્ઝ કરી, અલ્લાહ રસૂલ જ સારી રીતે જાણે છે. ફર્માવ્યું, અલ્લાહની રાહમાં દોસ્તી કરવી અને અલ્લાહની રાહમાં મહોબ્બત કરવી, અને અલ્લાહની રાહમાં અદાવત કરવી. *(બયહક઼ી શોઅબુલ ઈમાન)*

સારાંશ કે અલ્લાહને ખાતર દોસ્તી અને તેના ખાતર દુશ્મની કરવી એ રબની રઝા પામવાનો માર્ગ છે. બધાને વહાલા કરવા કે બધાને વહાલા થવાની જરૂરત નથી ! કુર્આનમાં છે : (અર્થ) "તમે ન પામશો એ લોકોને જેઓ યક઼ીન રાખે છે અલ્લાહ અને કયામતના દિવસ પર કે દોસ્તી કરે એમની સાથે જેમણે અલ્લાહ તથા રસૂલથી મુખાલફત કરી, ભલે તેઓ તેમના બાપ, કે બેટા કે ભાઈ કે કુટુંબીજનો હોય." *(સૂ. મુજાદિલા, ૫૮/૨૨)* આ બાબતો વિશે ખાસ ધ્યાન કરવામાં આવે.

એક હદીષમાં છે : હઝરત અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે, અમારી પાસે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું કે, તમે જાણો છો કે કયો અમલ અલ્લાહ અલ્લાહ તઆલાને અધિક પસંદ છે ? કોઈએ કહ્યું, નમાઝ તથા ઝકાત. કોઈ કે કહ્યું, જેહાદ, નબી ﷺએ ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાને ખૂબ જ પ્યારો અમલ અલ્લાહની રાહમાં મહ઼ોબ્બત અને અલ્લાહની રાહમાં અદાવત. *(અહમદ)*

**અલ્લાહની રાહમાં આપસમાં મુલાકાત કરનારાનારાઓનો મર્તબો**

એક હદીષમાં છે : હઝરત અબૂ રઝીનથી રિવાયત છે. તેમને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમને એ ચીજની અસલ પર રહબરી ન કરું જેનાથી તમે દુનિયા તથા આખેરતની ભલાઈ પામી લો ? તમે ઝિક્રવાળાઓની મજલિસ અખત્યાર કરો. અને જ્યારે તમે એકાંતમાં હોવ તો જ્યાં સુધી કરી શકો તમારી જીભ અલ્લાહના ઝિક્રમાં હલાવતા રહો. અને અલ્લાહની રાહમાં મહોબ્બત કરો અને અલ્લાહની રાહમાં અદાવત કરો. હે અબૂ રઝીન ! શું તમને ખબર છે કે **કોઈ શખ્સ પોતાના ઘરથી પોતાના ભાઈની મુલાકાત માટે નીકળે છે તો તેને સિત્તેર હજાર ફરિશ્તા પહોંચાડે છે, તે તમામ તેના માટે દુઆ કરે છે,** અને કહે છે કે ઈલાહી ! એને તારી રાહમાં (સંબંધ) જોડયો છે તું એને જોડી દે. તો જો કરી શકો કે તમારા શરીરને એમાં મશગૂલ કરો તો જરૂર કરો. *(બયહકી શોઅબુલ ઈમાન)*

એક હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું કે જ્યારે મુસલમાન પોતાના મુસલમાન ભાઈની બીમારપુર્સી કે મુલાકાત કરે છે તો રબ તઆલા ફર્માવે છે કે : તું સારો, તારું ચાલવું સારું અને તેં જન્નતમાં મંઝિલ એટલે ઘર બનાવી લીધું. *(તિર્મિઝી)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ નાં આ ફર્માનો કેવળ સુબ્હાનલ્લાહ ! કહેવા પૂરતાં ન સાંભળો બલ્કે એના પર ધ્યાનપૂર્વક મનન કરો કે જો દરેક મુસલમાન સહીહુલ અક઼ીદા આ રીતે આપસના સંબંધો વિકસાવે તો દુનિયામાં પણ અમ્નો શાંતિથી રહેશે અને આખેરતમાં પણ અલ્લાહ વ રસૂલનો પ્યારો બનીને ક઼બ્ર, કયામતની તકલીફોથી નજાત પામી જન્નતમાં પણ હમેશાંનું ચૈન સુકૂન પામશે. જેથી આપસના દુનિયવી ઝઘડા, વિવાદો, અદાવતોને ત્યજી એક મેકના ગળે મળી જાવ તેમાં જ આપણી બંને જહાનની ભલાઈ છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# યતીમની પરવરિશ કરનાર તથા વિધવાની ફઝીલત

કાર્યાલય

કુર્આને પાકમાં છે :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْيَتٰمٰى ۖ قُلْ اِصْلَاحٌ لَّهُمْ خَيْرٌ ۖ

"અને તમને યતીમોના બારામાં મસ્અલો પૂછે છે, તમે ફર્માવો, તેમનું ભલુ કરવું બેહતર છે."

*(સૂરએ બક્રહ, ૨/૨૨૦)*

હદીષે પાકમાં પણ નબી કરીમ ﷺએ યતીમોની મદદ, દેખભાળ કરનાર તેમના માથે હાથ ફેરવનાર માટે ઘણી હદીષો બયાન કરેલી છે. એમાંથી અમુકનો અભ્યાસ કરીએ.

હઝરત સહલ ઈબ્ને સઅદથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, હું અને યતીમનું પાલન પોષણ કરનાર, ચાહે પોતાનો હોય કે ગૈરનો જન્નતમાં આ પ્રમાણે હશે. અને કલામની અને વચલી આંગળી વડે ઈશારો કર્યો. એની વચ્ચે થોડી જગા રાખી. *(બુખારી, મિર્અત, ભાગ–૬)*

યતીમ તે "નાબિલગ માણસ" છે જેનો પિતા મૃત્યુ પામી ચૂક્યો હોય, ચાહે છોકરો હોય કે છોકરી, યતીમ શબ્દ બંનેમાં આવે છે. યતીમ ચાહે પોતાનો પૌત્ર, નવાસો, ભત્રીજો, ભાણીયો હોય અથવા સગાઈ વિના કોઈ અન્યનો બાળકનો હોય, તેનું પાલન પોષણ દેખભાળ કરનારને નબી કરીમ ﷺની એટલી નઝદીકી મળશે કે કોઈ અંતર કે દૂરી ન રહેશે. સુબ્હાનલ્લાહ ! યતીમ જ્યારે બાલિગ થઈ જાય તો તે હવે યતીમના હુકમમાં ન રહેશે, યતીમ તો નાબાલિગને જ કહેવાશે.

### ★ મુસલમાનોમાં બેહતરીન ઘર તથા બદ્તરીન કયુ ? ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનોમાં બેહતરીન ઘર તે ઘર છે જેમાં યતીમ હોય જેની સાથે સારો વર્તાવ કરવામાં આવે. અને મુસલમાનોમાં બદ્તરીન ઘર તે ઘર છે જેમાં યતીમ હોય જેની સાથે બુરો વર્તાવ કરવામાં આવતો હોય.

*(ઈબ્ને માજહ)*

હુઝૂરે અકરમ ﷺ જેમના ઘરને બેહતરીન (શ્રેષ્ઠ) ઘર કહી આપે તેમની નેકબખ્તીનું શું કહેવું ? અને જેને બદ્તરીન ઘર કહી આપે તેમની કમનસીબીને પણ શું કહેવાય ?! યતીમ સાથે સદ્વર્તાવની ઘણી રીતો છે : તેનો ઉછેર, તેના ખાવા પીવાની વ્યવસ્થા, તેની તા'લીમ તથા કેળવણી, તેને સહીહુલ અક઼ીદા સુન્ની, દીનદાર, નમાઝી, શરીઅતનો પાબંદ બનાવવો, સૌ સદ્વર્તાવમાં સામેલ છે. અને બુરા વર્તાવમાં એનાથી વિરુધ્ધાર્થી ચીજો સામેલ છે. હા ! યતીમ બાળકને તા'લીમો તર્બિયતને માટે જરૂરત પર તમાચો વગેરે મારવું જુલ્મ નથી, બલ્કે તેની સુધારણા છે.

### ★ યતીમના માથે ખુદાને ખાતર હાથ ફેરવવો ★

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈ યતીમના માથા પર હાથ ફેરવે, નથી ફેરવતો પણ અલ્લાહના ખાતર, તો જેના માથા પર એનો હાથ ફેરવે તેના દરેક બાલના બદલામાં તેને નેકીઓ થશે. અને જે પોતાની પાસે રહેનાર યતીમ અથવા યતીમાથી ભલાઈ કરે તો જન્નતમાં હું અને તે આમની જેમ હશે, અને પોતાની બે આંગળીઓ મિલાવી. *(અહમદ, તિર્મિઝી, બહવાલા, મિર્અત, ભાગ–૬)*

હાથ ફેરવવો મહોબ્બતની સાથે હોય અથવા એનાથી મુરાદ મુત્લક઼ન મામૂલી સરખી મહેરબાની, જરા સરખી મહોબ્બત. પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. **યતીમના માથા પર મહોબ્બતથી રબની રઝાને ખાતર હાથ ફેરવવો ઈબાદત છે.** દરેક વાળના બદલામાં તેને નેકીઓ મળશે. આ સવાબ તો કેવળ હાથ ફેરવવાનો છે, જે એના પર માલ ખર્ચ કરે, તેની ખિદમત કરે, તેને તા'લીમો તર્બિયત આપે તો વિચારો કે તેનો શો સવાબ હશે ?! વળી હુઝૂરે અકરમ ﷺ ફર્માવે કે જન્નતમાં મારો સાથી અથવા પડોશી હશે, એ કેટલી મોટી બશારત છે ! જેમ કે બાદશાહના ખાદિમો બાદશાહના મહેલમાં જ રહેશે પણ ખાદિમ થઈને, એ જ રીતે તે પણ મારી સાથે રહેશે પણ ઉમ્મતી ગુલામ બનીને રહેશે. યતીમ બાળક સાથે કોઈ પણ પ્રકારનો સુલૂક (સદ્‌વર્તાવ) હોય તે સવાબનો સબબ છે. સૌથી મોટી વાત એ છે કે હુઝૂર ﷺ ખુદ યતીમ હતા, એટલા માટે યતીમની ખિદમત ખૂબ જ ઉચ્ચ છે. બે આંગળીઓથી મુરાદ કલમાની અને વચલી આંગળી મુરાદ છે જેમાં બિલ્કુલ અંતર નથી. *(મિર્અતુલ મનાજીહ, ભાગ–૬)*

## ★ જન્નત યક઼ીની તૌર પર લાઝિમ ! ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈ યતીમને પોતાના ખાવા પીવામાં શરીક કરે તો અલ્લાહ તેના માટે જન્નત યક઼ીની તૌર પર લાઝિમ કરી આપે છે, પણ એ કે કોઈ એવો ગુનોહ કરે જે માફીના પાત્ર ન હોય. *(શરહુસ્સુન્નહ)*

ખાવા પીવામાં સામેલ કરવું આમ (સામાન્ય) છે, ચાહે તેને પોતાની સાથે ખવડાવે પીવડાવે અથવા તેને પોતાના ઘરમાં રાખીને તેનો ઉછેર કરે અથવા યતીમખાનુ બનાવીને તેમના પર ખર્ચ કરે. હવે તો યતીમખાનાવાળા યતીમોથી ભીખ મંગાવે છે ! તો એ રીતે નહીં, તેમની દરેક રીતે ખિદમતમાં રહેવું જોઈએ, તેમની જરૂરતોનો ખયાલ રાખવો જોઈએ ન કે તેમનાથી મજૂરીનાં કામો કે અન્ય અયોગ્ય કામો લેવામાં આવે. તો નબી કરીમ ﷺએ યક઼ીની જન્નતી બશારત આપી પણ શિર્ક તથા કુફ્ર વગેરેથી બચવામાં આવે, કેમ કે કુર્આનમાં છે :–

اِنَّ اللّٰهَ لَا یَغۡفِرُ اَنۡ یُّشۡرَكَ بِهٖ وَ یَغۡفِرُ مَا دُوۡنَ ذٰلِكَ لِمَنۡ
یَّشَآءُ ۚ وَمَنۡ یُّشۡرِكۡ بِاللّٰهِ فَقَدِ افۡتَرٰۤی اِثۡمًا عَظِیۡمًا ﴿۴۸﴾

''બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે, અને કુફ્રની નીચે જે કાંઈ છે, જેને ચાહે માફ કરી આપે. અને જેણે ખુદાનો શરીક ઠરાવ્યો (શિર્ક કર્યું) તેણે મહાન ગુનોહનું તોફાન બાંધ્યું.'' *(સૂરએ નિસાઅ, ૪/૪૮)*

એ જ પ્રમાણે બંદાઓના હક્કો પણ કોઈ નેક અમલથી માફ નથી થતા, તેમને તો અદા કરવા જ પડશે, અથવા હક્ક઼વાળાથી માફ કરાવવા પડશે *(મિર્ક઼ાત)* એનું ધ્યાન રહે.

## ★ યતીમો ખાતર શાદી ન કરનાર સ્ત્રીને નબી ﷺનો પડોશ મળશે ★

હઝરત ઔફ ઈબ્ને માલિક અશજઈથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, ''હું અને કાળા ચહેરાવાળી સ્ત્રી ક઼યામતના દિવસે આ બંનેની જેમ હોઈશું.'' અને યઝીદ ઈબ્ને ઝુરેઅએ વચ્ચેની આંગળી તરફ ઈશારો કર્યો. તે સ્ત્રી જે પોતાના પતિથી અલગ થઈ ગઈ, ઈજ્જતવાળી જમાલવાળી જેણે પોતાને પોતાના યતીમો પર રોકી રાખી ત્યાં સુધી કે તે અલગ થઈ ગયાં અથવા મૃત્યુ પામયાં. *(અબૂ દાઊદ)*

એટલે તે બાળકોવાળી સ્ત્રી જેને પોતાનાં બાળકોના પાલન પોષણ પાછળ પોતાના તદ બદનનો હોશ ન હોય, કપડાં મેલાં, ચહેરો ધૂમાડાઓથી કાળો રહેતો

હોય, ચાહે વિધવા હોય કે પતિવાળી. પણ આગલા વર્ણનથી જણાય છે કે અહીં વિધવા મુરાદ છે, તે નબી ﷺથી જન્નતમાં નજીક હશે. તેણીએ ખયાલ કર્યો કે જો મેં બીજો નિકાહ કરી લીધો તો મારાં યતીમ બાળકોને તકલીફ થશે, તેઓ રઝડી જશે, એટલા માટે નિકાહ ન કર્યો, ત્યાં સુધી કે તે બાળકો બાલિગ હોશિયાર થઈને તેણીથી બેપરવા થઈ ગયાં અથવા મૃત્યુ પામ્યાં પછી નિકાહ કર્યા. મિર્કાતે કહ્યું કે આ બશારતમાં તલાકવાળી સ્ત્રી પણ સામેલ મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ કહે છે, જેનો પતિ ગુમ થઈ ગયો અથવા પાગલ થઈ ગયો, સારાંશ કોઈ પણ રીતે પતિના સાયાથી વંચિત થઈ ગઈ તે સૌ સ્ત્રીઓનો આ દરજ્જો છે. *(મિર્અતુલ મનાજીહ, ભાગ–૬)*

## ★ યતીમો સાથે તેમના માલ સાથે કઈ રીતે વર્તવું ? ★

યતીમ સાથે બલ્કે દરેક શખ્સ સાથે સારો વર્તાવ કરવો જોઈએ. કોઈના ઉપર પણ જુલ્મ કરવો, તેને શરઈ ઈજાઝત વિના તકલીફ પહોંચાડવી હરામ છે. હા ! યતીમ કેમ કે દયાને પાત્ર છે એટલા માટે એના પર જુલ્મ કરવો અધિક બુરુ છે.

રબ તઆલાનું ફર્માન છે :–

فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ ؕ وَ یَسْــٴَـلُوْنَكَ عَنِ الْیَتٰمٰى ؕ قُلْ اِصْلَاحٌ لَّهُمْ خَیْرٌ ؕ وَ اِنْ تُخَالِطُوْهُمْ فَاِخْوَانُكُمْ ؕ وَ اللّٰهُ یَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ ؕ وَ لَوْ شَآءَ اللّٰهُ لَاَعْنَتَكُمْ ؕ اِنَّ اللّٰهَ عَزِیْزٌ حَكِیْمٌ

"અને તમને યતીમોનો મસ્અલો પૂછે છે, તો તમે ફર્માવો, તેમનુ ભલુ કરવું બેહતર છે, અને જો તમારો તેમનો ખર્ચ ભેગો થયો તો તે તમારા ભાઈ છે અને ખુદા સારી રીતે જાણે છે બગાડવાળાને સમારવાવાળાથી અને અલ્લાહ ચાહત તો તમને મુશ્કેલીમાં નાખત, બેશક ! અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે." *(સૂરએ બક્રહ, ૨/૨૨૦)*

એક આયતમાં છે :–

وَ اِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَ الْیَتٰمٰى وَ الْمَسٰكِیْنُ فَارْزُقُوْهُمْ مِّنْهُ وَ قُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا

"પછી (વારસો) વહેંચણી વખતે જો સગાં તથા યતીમ અને મિસ્કીન આવી જાય તો એમાંથી એમને પણ કાંઈ આપો અને તેમનાથી સારી વાત કરો."

*(સૂરએ નિસાઅ, ૪/૮)*

તેમજ ફર્માવ્યું :–

اِنَّ الَّذِیْنَ یَاْكُلُوْنَ اَمْوَالَ الْیَتٰمٰى ظُلْمًا اِنَّمَا یَاْكُلُوْنَ فِیْ بُطُوْنِهِمْ نَارًا ؕ

"તે જેઓ યતીમોનો માલ નાહક્ક ખાય છે તેઓ તો પોતાના પેટમાં નર્યી આગ ભરે છે, અને નજીકમાં જ એક ભડકતી આગમાં દાખલ થવાનું છે."

*(સૂરએ નિસાઅ, ૪/૧૦)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જ્યારે અલ્લાહ તઆલાનું ફર્માન : "તમે યતીમોના માલની નજીક ન જાવ પણ એની સાથે કે તે અહ્‌સન (ખૂબ યોગ્ય) હોય." રબનું ફર્માન : "બેશક ! જે લોકો યતીમોનો માલ જુલ્મની રાહે ખાય છે...." નાઝિલ થઈ તો પછી જે શખ્સની પાસે યતીમ હતો તેણે પોતાનું ખાણુ તેના ખાણાથી, તેનું પીણુ પોતાના પીણાથી અલગ કરી આપ્યું. અને જ્યારે યતીમના ખાવા પીવાથી કાંઈ બચી જતું તો તે તેના જ માટે રાખી દેતા, ત્યાં સુધી કે તે તેને ખાય લેતો અથવા તે ખાણુ ખરાબ થઈ જતું. આ ચીજ તેમને ઘણી મુશ્કેલ લાગી તો તેમણે રસૂલુલ્લાહ ﷺને એના વિશે જણાવ્યું. એના પર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી : "તેઓ તમારાથી યતીમોના બારામાં પૂછે છે, ફર્માવી દો કે તેમના માટે ઈસ્લાહ (સુધારણા) કરવું બેહતર છે. અને જો તમે તેમને તમારા (ખાવી પીવા વગેરેમાં)

મિલાવી લો તો તે તમારા ભાઈ છે." તો તેમણે તેમનું ખાવું પોતાના ખાવા સાથે અને તેમનું પીવું પોતાના પીવાના સાથે મિલાવી દીધું.

*(અબૂ દાઊદ, નિસાઈ, મિશ્કાત, ૩૩૭૧)*

## ★ વિધવાઓની મદદ કરનારને શો બદલો મળે ? ★

વિધવાઓમાં ઘણી એવી બહેનો હોય છે જેમનો કોઈ આધાર નથી હોતો તો એવી સ્ત્રીઓની મદદ જરૂર કરવી જોઈએ, તેમની સમસ્યાઓને હલ કરવી જોઈએ એનો બદલો રબ તઆલા બંને જહાનમાં અતા કરે છે.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "વિધવાઓ તથા મિસ્કીનોને માટે કોશિશ કરનાર અલ્લાહના માર્ગમાં જેહાદ કરનારાની જેમ છે....." ઈમામ માલિકે આ હદીષમાં એવું પણ કહ્યું હતું કે, "એ શખ્સના બરાબર સવાબ મળે છે જે નમાઝમાં ઉભો રહે છે, થાકતો જ નથી, અને તે શખ્સના બરાબર જે સતત રોઝા રાખતો ચાલ્યો જાય, ઈફતાર જ નથી કરતો.

*(સહીહ બુખારી, હદીષ : ૬૦૦૭)*

ત્રીજી હદીષમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે નબી ﷺથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું : "વિધવા તથા મિસ્કીનના માટે મહેનત કરનાર અલ્લાહની રાહમાં જેહાદ કરનારાની જેમ છે, તે અલ્લાહની સામે એ ક્યામ કરનારાની જેમ છે જે ન ગાળો પાડે છે ન થાકે છે, અને એ રોઝાદારની જેમ છે જે રોઝો નથી છોડતો. (સતત રાખ્યે જ જાય છે.) *(સહીહ મુસ્લિમ, હદીષ : ૭૪૬૮, મિશ્કાત, ૪૯૫૧, સુનને ઈબ્ને માજહ, હદીષ : ૨૧૪૦, સુનને નિસાઈ, હદીષ : ૨૫૭૮)* સારાંશ કે વિધવાની સહાય માટે, તેના કામ માટે મહેનત, કોશિશ, દોડધૂપ કરનારને આવો મહાન સવાબ મળે છે.


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત** ૧×૨ અથવા ૨×૨ સ્લીપર કોચ દ્વારા જમવા-રહેવા સાથેનો પ્રવાસ

**સ્પે. કાશ્મીર પ્રવાસ**

આખી ટીકીટ : રૂા. ૧૯,૦૦૧/- | પ્રવાસ સ્થળ | અડધી ટીકીટ : રૂા. ૧૦,૦૦૧/-

ઉદેપુર - કપાસણ - નાગોર - અમૃતસર (વાઘા બોર્ડર, સુવર્ણ મંદિર, જલીયાવાલા બાગ) - શ્રીનગર - સોનમાર્ગ - ગુલમર્ગ - પહેલગાવ - સરહિંદશરીફ - દિલ્હી - આગ્રા - ફતેપુરસીક્રી - અજમેર - જયપુર - પરત ધોળકા

પ્રવાસ દિવસ : ૧૬ | બસ ઉપડશે તા. ૧૯-૫-૨૦૨૫ સોમવાર

બસ ઉપડવાનું સ્થળ : (૧) સ્વામિનારાયણ પેટ્રોલ પંપ પાસે ડભાણ, નડીયાદ, સમય : સાંજે ૪-૦૦ કલાકે.
(૨) તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટસ પાસે, ધોળકા. જિ. અમદાવાદ, સમય : રાત્રે ૧૦-૦૦ કલાકે.

નોંધ : (૧) પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૩૦૦/- મુસાફરના શીરે રહેશે. (૨) રૂા. ૫૦૦૧/- ભરી મનગમતી સીટ બુક કરાવો. (૩) બેંક, એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/- અલગથી ભરવાના રહેશે. (૪) શ્રીનગર સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૫) શ્રીનગરમાં હોટલ રૂમ બુકીંગ ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ ફાળવવામાં આવશે. (૬) દિલ્લી સાઈટસીન સ્વખર્ચે રહેશે. (૭) તા. ૨૪-૫-૨૫ અને ૩૦-૫-૨૫ અને ૪-૬-૨૫ સવારની ચા સ્વખર્ચે રહેશે. (૮) ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટીકીટ રહેશે, બે અડધી ટીકીટ વચ્ચે એક સોફો આપવામાં આવશે.

આયોજક : શરીફખાન પઠાણ : (મો.) ૯૮૨૪૪ ૭૮૧૧૬

Bank Name : State Bank of India, Dholka Branch | Bank Ac No. : 32996143540 | IFSC Code : SBIN0000364